# કલ્યાણ

વર્ષ ૧૭ : અંક ૧૨ : ફેબ્રુઆરી : ૧૯૬૧



સંપાદક: સોમચંદ ડી. શાહ

# વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૮૭૩ |
| કલંક ગાથા : | વૈદ્ય મોહનલાલ ચુ. ધામી | ૮૭૫ |
| આજે દેશને જરૂર છે દૃષ્ટિ વિકાસની : | શ્રી પ્રશમ | ૮૭૭ |
| પરમ પાથેય | પૂ. મુનિરાજશ્રી જયંતવિજયજી મહારાજ | ૮૭૯ |
| ચૂંટેલાં કુસુમો : | શ્રી અજ્ઞેય | ૮૮૧ |
| શ્રી નવકાર મહામંત્રનો પ્રભાવ : | પૂ. મુ. શ્રી પ્રબોધસાગરજી મ. | ૮૮૩ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૮૮૬ |
| જ્ઞાન વિજ્ઞાનની તેજછાયા : | શ્રી કિરણ | ૮૯૩ |
| વિનાશનાં તાંડવ : | પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મ. | ૮૯૬ |
| કુલદીપક : | શ્રી સૂર્યશિશુ | ૯૦૧ |
| મનન માધુરી : | શ્રી વિમર્શ | ૯૦૩ |
| શંકા સમાધાન : | પૂ. આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ | ૯૦૯ |
| સંસાર ચાલ્યો જાય છે : | વૈદ્ય મો. ચુ. ધામી | ૯૧૧ |
| પંચપરમેષ્ઠિ નમસ્કાર : | ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ | ૯૧૭ |
| પદપ્રદાન પ્રસંગે : | પૂ. આ. શ્રી રામચંદ્રવિજયજી મહારાજ | ૯૧૮ |
| સાચો સર્વોદય : | પૂ. આ. શ્રી જંબુસૂરિશ્વરજી મહારાજ | ૯૨૧ |
| શું રાવણને દશ મસ્તક હતા ? | પૂ. પં. શ્રી કનકવિજયજી ગ. | ૯૨૨ |
| મધપૂડો : | શ્રી મધુકર | ૯૨૫ |
| રાણપુર અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ : | | ૯૩૩ |
| સમાચારસાર : | સંકલિત | ૯૩૭ |
| વસતિ ગણતરી અંગે ખુલાસો : | મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજી મહારાજ | ૯૪૪ |


## વસ્તિ ગણના આવી રહી છે !

ભારત ભરમાં નવેસરથી વસ્તિ ગણના ભારત સરકાર દ્વારા થઈ રહી છે. તો તમે તમારા જ્ઞાતિ, જાતિ, કે ધર્મના ખાનામાં 'જૈન' શબ્દ લખાવજો ! જૈન ધર્મના કે સંપ્રદાયના પેટા વિભાગોને ગૌણ કરીને તમો તમારૂં નામ 'જૈન' તરીકે જ લખાવજો ! એ ભૂલતા નહિ !

## રજીસ્ટર્ડ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૯ના અન્વયે

### 'કલ્યાણ' માસિક અંગેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.


પ્રસિધ્ધિ સ્થળ : વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)

પ્રસિદ્ધિનો ક્રમ : દર અંગ્રેજી મહીનાની ૨૦ તારીખ

મુદ્રકનું નામ : સોમચંદ ડી. શાહ શ્રી જશવતસીંહજી પ્રીન્ટીંગ વર્કસ વઢવાણ શહેર.

કઈ જ્ઞાતીના : ભારતીય

ઠેકાણું : જીવન નીવાસ સામે પાલીતાણા

પ્રકાશક : સોમચંદ ડી. શાહ

ઠેકાણું : શીયાણીપોળ વઢવાણ શહેર.

તંત્રીનું નામ : સોમચંદ ડી. શાહ

કઈ જ્ઞાતિના : ભારતીય

ઠેકાણું : જીવન નીવાસ સામે પાલીતાણા.

માલીકનું નામ : કલ્યાણ પ્રકાશન મંદીર

ઠેકાણું : જીવન નીવાસ સામે પાલીતાણા.

આથી જાહેર કરૂં છું કે ઉપર જણાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

૨૦-૨-૬૦ સોમચંદ ડી. શાહ

# ઉઘડતે પાને

જૈન સમાજમાં શ્રધ્ધા, સંસ્કાર, શિક્ષણ અને સમભાવના પ્રચાર કાજે મથતું સમાજનું એકમાત્ર માસિક 'કલ્યાણ' આજે આ અંકે તેના સત્તર વર્ષ પૂરા કરે છે, સત્તર વર્ષથી સમાજમાં વિવિધ વિષયસ્પર્શી વાંચન દ્વારા એણે પોતાની સેવાઓ આપી છે. જૈન સમાજમાં સંસ્કાર તથા શ્રધ્ધા વધુ વિકાસ પામે તે માટે તે સદા જાગૃત રહ્યું છે, ને રહેશે.

આજે જરૂર છે, શ્રધ્ધા ભાવ ખીલવવાની તથા તેનો વધુ વિકાસ કરવાની: જૈનોની સંખ્યા વધતી જાય છે. જૈનો વધે તેનો આપણને જરૂર આનંદ છે; જૈનભાઇઓનો વિકાસ થાય, અભ્યુદય થાય કે તેમનો ઉત્કર્ષ થાય તે માટે જરૂર આપણે હર્ષ અનુભવીએ. પણ જૈનત્વના વિકાસની આજે જરૂર છે. જૈન સમાજમાં દેવ, ગુરુ તથા ધર્મ પ્રત્યે શ્રધ્ધા ટકે, વધે ને વિકાસ પામે, તેજ હકીકત આજે જરુરી છે. આજે સંસાર સમસ્તનું વાતાવરણ ધર્મશ્રધ્ધા, આસ્તિકતા તથા આધ્યાત્મિકતાનું વિરોધી બનતું જાય છે. તે સમયે શ્રધ્ધાના વિકાસની વધુ જરુર છે.

આજના વિજ્ઞાનયુગે, યાંત્રિકયુગે જડવાદનો જ કેવલ પ્રચાર આરંભ્યો છે, કેવલ જડની પૂજામાં જ આજે વિજ્ઞાનયુગની ઇતિકર્તવ્યતા મનાઈ રહી છે. કેવલ વર્તમાન કાલનાંજ સુખસાધનોની જ બોલ-બાલા બોલાઈ રહી છે, પુણ્ય, પાપ, આત્મા, પરમાત્મા અને પરલોક જેવા મહત્ત્વના પ્રશ્નો પરત્વે આજના યુગે જાણે આંખ મીંચામણા કરવા માંડયા છે. આજના યુગની આજ એક મોટામાં મોટી નબળાઈ છે.

આજે સંસ્કૃતિ રક્ષક હોવાનો દાવો કરતી કોંગ્રેસ સરકાર પણ આસ્તિકતાના આદર્શને તદ્દન ભૂલીને કેવલ નાસ્તિકતા તરફ પગલાં માંડી રહી છે. ભૂત તથા ભાવિને ભૂલી ફક્ત વર્તમાનને જ પંપાળીને પોષી રહેલ છે. વર્તમાનનાં જ સુખની અને સગવડોની યોજના આજે ભારત સરકાર તરફથી થઈ રહેલ છે. ભારતીય પ્રજાના આધ્યાત્મિક ઉત્કર્ષને માટે, તેના પરલોકની સુધારણા માટે કોઈપણ યોજના આજના તંત્રવાહકોને સૂઝતી જ નથી.

કેવળ પોતાનાં જ સુખ કે સગવડોને સામે રાખવાની વિચારણા આજે ભારતભરમાં વિચારાય છે. પેટ, પૈસો ને પંડના જ ઉત્કર્ષ માટે સરકારી તંત્ર આજે ચોમેરથી ગતિમાન બની રહેલ છે. પણ ભારતની પ્રજા સંસ્કાર અને સંયમ; સાત્વિકતા તથા પરમાર્થવૃત્તિ ઈત્યાદિમાં કેમ પ્રગતિ કરે તે જોવા-વિચારવાનું આજના તંત્રવાહકોને સમજાતું નથી.

આજે ભારતમાં ચોમેર કેવળ વર્તમાન સુખની ખાતર ઘોર હિંસા ફાલી ફૂલી રહી છે. અસંયમ તથા અસંસ્કારિતાએ તો માઝા મૂકી દીધી છે. એકબાજુ કરકસરની વાતો થાય છે. ભારતદેશમાં પૈસો સાચવી-સાચવીને વાપરવાની તેના તંત્રવાહકો વાતો કરે છે. ત્યારે બીજી બાજુ ક્રોડોના બેફામ ખર્ચાઓ આંખો મીંચીને સરકારી તંત્ર કરી રહ્યું છે, ત્યારે જરૂર થાય છે કે હાથીના દાંત ચાવવાના જુદા ને દેખાડવાના જુદા; ભાવનગરમાં ભરાયેલ કોંગ્રેસ અધિવેશન વખતે પ્રજાનો જે પૈસો જે રીતે ખર્ચાયો છે, તેમાં શું કરકસર તથા ઓછો દેખાવ કરીને ભારતનો પૈસો બચાવી ન શકાત?

બ્રિટનની મહારાણી ઇલિઝાબેથના સન્માન-સ્વાગત માટે, કેવલ એક કે બે દિવસની મુલાકાત પ્રસંગે દીલ્હી, જયપુર, આગ્રા, ઉદેપુર તથા અમદાવાદે જે ધૂમ નાણું ખર્ચીને આડંબર કર્યો, તેમાં શું કરકસર, સંયમ સાદાઈ તથા વધુ વિવેકની જરૂર ન હતી? આગ્રામાં એકજ દિવસમાં સાઠહજાર ખરચાયા, દીલ્હી, અમદાવાદે લાખ્ખો રૂા. ખર્ચ્યા; શું આ ભારત દેશની વર્તમાન આર્થિક પરિસ્થિતિને સુસંગત હતું? રાણીના માનમાં અહિંસાને પોતાના અશોકચક્રમાં સ્થાન આપનાર કોંગ્રેસ સરકાર જે ઘોર હિંસા કરી રહી છે, તેનો તો કોઇ હિસાબ નથી. વેરાવળથી બબ્બે દિવસના આંતરે દરરોજની ૧૪ ટન માછલીઓ રાણી તથા તેના રસાલાના ખોરાક માટે રવાના થતી. આ સિવાય બીજા મરઘાં, બતક, કબુતર, બકરા ઘેટા, પાડા, આદિ જીવોની હિંસા થતી તેનો તો કોઈ અંદાજ જ નહિ હોય.

વર્તમાન તંત્રમાં આ રીતે જે કાંઇ અધાર્મિક, અસંસ્કારિક તથા અધ્યાત્મવિરોધી ચાલી રહ્યું છે, તેની સામે: 'કલ્યાણ' પોતાનો સક્રિયવિરોધ અવસરે વ્યકત કર્યા વિના રહેલ નથી, ને તેજ રીતે સમાજમાં તથા દેશમાં ધર્મશ્રદ્ધા, સંસ્કાર આસ્તિકતા સાચું શિક્ષણ અને સમભાવનો પ્રચાર કરવા દરેક રીતે 'કલ્યાણ' સજ્જ રહ્યું છે, તેમજ રહેશે. આ કારણે 'કલ્યાણ' પ્રત્યે, તેની નીતિ પ્રત્યે સમાજના સર્વ કોઇનો આદરભાવ અખંડપણે રહેલો જોઈ શકાય છે, જે 'કલ્યાણ'ની પ્રગતિમાં તેમ જ તેના વિકાસમાં મહત્વનું કારણ છે.

સત્તરમા વર્ષની વિદાય વેળાયે 'કલ્યાણ' એજ ઈચ્છી રહ્યું છે કે સમાજમાં તથા દેશમાં સર્વ કોઈ આધ્યાત્મિકતાનાં મૂલ્યને સમજી હિંસા, સ્વાર્થાંધતા, વૈર, વૈમનસ્ય, લોભ, પરિગ્રહ, માન-મહત્વાકાંક્ષાના અનિષ્ટોથી દૂર રહી જીવનને સંયમી, સાત્વિક તથા સંસ્કારી બનાવવા દ્વારા ધર્મપરાયણ બનો! સર્વ કોઈ પરહિતમાં તત્પર બની, પોતાના દોષોને દૂર કરી, શિવને પામો! મંગલને મેળવો અને સુખના ભાગી બનો.

શાસનદેવ અમને અમારા ઉદ્દેશને અનુરૂપ પ્રગતિ કરવામાં સહાયક બનો!

વર્ષ : ૧૭ ⊙ અંક : ૧૨

# કલ્યાણ

માહ-ફાગણ : ⊙ ૨૦૧૭

## કલંક ગાથા !

વૈદ્યરાજ
શ્રી મોહનલાલ ધામી

ગત માસમાં ભારતની યાત્રાએ પધારેલાં બ્રિટનના મહારાણી એલિઝાબેથ અને તેમના પતિ સવાઇ માધવપુર પાસેના એક વન પ્રદેશમાં વાઘનો શિકાર કરવા ગયેલા અને બ્રિટનની રાણીના પતિદેવે એક વાઘને મારી નાંખેલો.

આ સમાચાર પર બ્રિટનનાં વર્તમાન પત્રોએ ટીકા કરી હતી, અને જણાવ્યું હતું કે, 'બ્રિટિશ જનતા આ રીતે નિર્દોષ પશુ-પંખીઓની હિંસાને વખોડી કાઢે છે. આ પ્રકારની હિંસા કોઇ પણ દૃષ્ટિએ વ્યાજબી નથી.'

'ડેઈલી મિરર' નામના વર્તમાન પત્રે, તો આ અંગે એક મોટો અગ્રલેખ લખ્યો હતો, અને આવી ક્રૂર અને નિર્દય હિંસાની ટીકા કરી હતી.

આ સમાચાર રાજકીય દૃષ્ટિએ ગમે તેટલું મહત્વ ધરાવતા હોય એ સાથે અહિં કોઈ સંબંધ નથી, પરંતુ આ સમાચાર પાછળ બ્રિટનની જનતાની નિર્દોષ પશુ પંખીઓની હત્યા કરવા અંગેની દુભાયેલી લાગણીનો જે પડઘો પડયો છે, તેજ અમારે મન મહત્વની વાત છે.

આપણો દેશ તો યુગોથી અહિંસાને જીવનનું એક મંગલ વ્રત માનનારો દેશ છે. આ દેશમાં કોઇપણ દૃષ્ટિએ હિંસાને બિરદાવવામાં આવતી નથી અને ભૂતકાળના ભવ્ય ઇતિહાસ તરફ નજર કરવામાં આવે તો સમ્રાટ્ અશોક, સમ્રાટ્ સંપ્રતિ, સમ્રાટ્ હર્ષ, મહારાજા કુમારપાલ વગેરેના રાજકાજ દરમ્યાન કોઈ પણ પ્રાણિનો વધ અનુચિત મનાતો હતો. અર્થાત્ રાજ્ય તરફથી નિર્દોષ પ્રાણિઓની હિંસાનો પ્રતિબંધ હતો.

ઇતિહાસના પૃષ્ઠો તો ત્યાં સુધી કહી જાય છે કે ભારત વર્ષમાં અન્યાય અને જુલ્મ ગુજારી ચૂકેલી મુસ્લીમ સલ્તનતે પણ ગૌહત્યાને પ્રતિબંધિત કરી હતી.

અને ત્યાર પછી અંગ્રેજી શાસનકાળમાં આ દેશની ધર્મપ્રાણ જનતાને છિન્નભિન્ન કરવા ખાતર હિંસાને સીધી ને આડકતરી રીતે ઉત્તેજન આપવામાં આવ્યું, એટલું જ નહિં પણ આપણા સાત્વિક આહારની નિંદા કરીને ઇંડા, માંસ, મચ્છી વગેરેના આહારને બિરદાવવો શરૂ કર્યો.

આનું પરિણામ એ આવ્યું કે ઘણા એવા પરિવારો કે જે અંગ્રેજી શિક્ષણના વિષ-પાન કરીને આગળ આવ્યા હતા, તે પરિવારોમાં આવા નિંદ્ય આહારને આવકાર મળવો શરૂ થયો.

અને અંગ્રેજો ગયા પછી આપણા જ આગેવાનોએ સ્વરાજનો દોર હાથમાં લીધો, ત્યારે આ દેશની અહિંસાપ્રધાન જનતાના પ્રાણમાં એક મંગલ આશાનો ઉદય થયો કે હવે આ દેશમાંથી હિંસાનું તાંડવ અસ્ત થશે. પ્રકૃતિની નિર્દોષ સૃષ્ટિના વિનાશની રણકતી ઝાલરી બંધ થશે.

પરંતુ લોકોની આ આશા પર ઠંડુ પાણી ફરી વળ્યું. અહિંસાનો આદર્શ કેવળ રાજકીય હેતુઓને બહેલાવવા માટે અને દેશની ભોળી જનતાને ઠગવા માટે જ થઇ રહ્યો.

હિંસાનું તાંડવ વધારે વિકરાળ બન્યું.

અહિંસાની વાતો કરનારા મહાનુભાવો જ લોકોને ખોરાકમાં હિંસાયુકત આહારની ભલામણ કરવા લાગ્યા. ગોહત્યાના પ્રતિબંધની વાત તો બાજુ પર રહી, પરંતુ રાષ્ટ્રીય-ઉદ્યોગના નામે હિંસાને પ્રોત્સાહન મળવું શરૂ થયું.

મત્સ્યઉદ્યોગ દ્વારા ડોલર મેળવવાની ઘેલછા રાષ્ટ્ર કલ્યાણના નામે વેગ પકડવા માંડી. નિર્દોષ વાનરોને પકડી પકડીને વેચવાની શરૂઆત થઇ.

ઈંડાના ઉત્પાદનને વેગ મળે એટલા ખાતર પદ્ધતિસરનું પ્રોત્સાહન અપાવું શરૂ થયું.

અને ૧૯૫૬ ના સરકારી પશુ બજારના રીપોર્ટમાં જણાવવામાં આવ્યું કે દેશમાં આવશ્યકતાથી વધારે પશુઓ છે નહીં. આમ છતાં યાંત્રિક કસાઇખાનાઓને પ્રોત્સાહન અપાવુ શરૂ થયું. અને આ કસાઈ ખાનાઓમાં દર વરસે ઓછામાં ઓછા ચાલીસ લાખ બળદ, ગાય, સાંઢ, ભેંસ, બકરા, ઘેટાં, પાડા, વગેરેની નિર્ઘૃણ હત્યા ચાલુ જ રહી.

આતો યાંત્રિક કતલખાનાઓની વાત છે. એ સિવાયના નાના નાના કસાઇખાના-ઓમાં કેટ–કેટલી હત્યા થતી હશે તેનો આજના કહેવાતા અહિંસક (?) આગેવાનોનો રામ જાણે!

કહેવાનો આશય એજ છે કે જે દેશ અહિંસાને ધર્મ માનતો નથી, અથવા કર્તવ્ય માનતો નથી, તે દેશની જનતાની લાગણી માત્ર એક બે વાઘના શિકારથી દુભાય છે, અને જે દેશ અહિંસાના પાયા પર હજારો વર્ષથી સ્થિર થયો છે, જેનાં જીવનનું મંગલ વ્રત અહિંસા છે, જે હિંસાને કદી બિરદાવવા તૈયાર નથી, તે આપણા દેશની આજની અહિં-સક સરકાર હિંસાને ઉદ્યોગ તરીકે અપનાવી રહી છે!

સ્વરાજ યુગની આ કલંકગાથાનો ક્યારે અંત આવશે? તે કહેવું ભારે કઠણ છે. પરંતુ આ રીતે ઘોર હિંસાના કારણે આ દેશની સત્યશીલ વૃત્તિનો અવશ્ય નાશ થશે, અને જે સાત્વિક સુખનો ગર્વ આપણે હજારો વર્ષથી લઇ રહ્યા છીએ, તે અવશ્ય ધર-તીમાં રોળાઈ જશે.

# આજે દેશને જરૂર છે, આધ્યાત્મિક દૃષ્ટિના વિકાસની !

—શ્રી પ્રશમ

આજે ભારતભરમાં જે ચોમેર અર્થલોલુપતા, તૃષ્ણા, ભોગભૂખ, લાંચરૂશ્વત, સ્વાર્થાંધતા, અનૈતિકતા, કામચોરી, તથા અપ્રામાણિકતા અને સત્તાની સાઠમારી આદિ અનેક પ્રકારનાં અનિષ્ટોની હારમાળ કૂદકે ને ભૂસકે એક બીજાની હરિફાઈપૂર્વક વધતી રહી છે. જ્યારે બીજી બાજુ પં. જવાહરલાલજીથી માંડીને ન્હાના-ન્હાના સેવકજીઓ દેશમાં સમાજવાદી વ્યવસ્થા તથા રાષ્ટ્રીયકરણની વાતો પઢો પોપટજી સીતારામજીની જેમ ઉચ્ચારી રહ્યા છે, પણ આમ કરવાથી દેશનો કદી ઉદ્ધાર નથી, જ્યાં સુધી દેશમાં પરિગ્રહવાદ વધતો જશે. ભોગપ્રધાન મનોભાવના ફેલાતી રહેશે, ને જીવનધોરણ ઉંચું લાવવાની વાતો દ્વારા અર્થલોલુપતા વધારાતી જશે. ત્યાં સુધી દેશનો કદિ વાસ્તવિક ઉદ્ધાર શક્ય નથી. આ હકીકત દેશની વર્તમાન પરિસ્થિતિ અને તેનાં આંદોલનોને મનનપૂર્વક સ્પર્શતા અનેક પ્રશ્નોને ટૂંકા પણ મુદ્દાસર રીતે છણતા આ લેખમાં જે રીતે વિચારવામાં આવેલ છે, તે જરૂર સર્વ કોઈએ મનન કરવા જેવા છે. સર્વ કોઇ આ લેખ અવશ્ય વાંચે !

⊙

આજે આપણે ગરીબાઇની સામે જંગ માંડયો છે. ગરીબાઈ સાપેક્ષ ભાવ છે. અતિ શ્રીમંતની અપેક્ષાએ ઉચ્ચ મધ્યમવર્ગનો માનવી ગરીબ છે અને ઉચ્ચ મધ્યમવર્ગના માનવીની અપેક્ષાએ નીચલા મધ્યમવર્ગનો માનવી ગરીબ છે વળી પાછું નીચલા મધ્યમવર્ગની સરખામણીમાં ગરીબ નીચલા થરનો માનવી ગરીબ છે.

આમ ગરીબાઈ અને શ્રીમંતાઈ ઉભય સાપેક્ષ છે.

જીવનમાં બાહ્ય પરિગ્રહના ઓછાવત્તાપણાને શ્રીમંતાઈ કે ગરીબાઇનું નામ મળે છે. જીવન જરૂરિયાતનાં સાધનો જેની પાસે વિશેષ એ શ્રીમંત અને ઓછાં એ ગરીબ, એવો દુન્યવી ન્યાય છે.

આપણી દૃષ્ટિ આજે પશ્ચિમના રાષ્ટ્રો તરફ મંડાએલી છે. ત્યાંના સરેરાશ માનવી પાસે બાહ્ય પરિગ્રહની વિપુલતા છે તેની સાથે ભારતના સરેરાશ માનવીના બાહ્ય પરિગ્રહને આપણે સરખાવીએ છીએ એટલે આપણી જાતને ગરીબ માનીએ છીએ. ત્યાંના માનવીએ જીવનની જરૂરિયાતો ખૂબ વધારી મૂકેલી છે. ત્યાંના ભૌતિક સાધનોની ઉપલબ્ધિને જ પ્રાયઃ સુખી માનવામાં આવે છે એટલે આવા સાધનોની વિપુલતા માટે અલ્પ વિકસિત કે અર્ધવિકસિત રાષ્ટ્રોનું આજ પર્યંત પશ્ચિમી રાષ્ટ્રોએ કેવળ શોષણ કર્યા કર્યું છે. દુનિયાભરમાં એ રાષ્ટ્રોએ બિછાવેલા સંસ્થાનોની જાળ એમના અત્યંત લોભનું પરિણામ છે

ભારતની દૃષ્ટિ આધ્યાત્મિક રહી છે, ભારતના મહાપુરુષોએ ભોગ વિરૂદ્ધ ત્યાગનો મહિમા ગાયો. ભોગપ્રધાન દૃષ્ટિ એ તાત્વમુખ દૃષ્ટિ છે. બાહ્ય પરિગ્રહ જેમ વધે છે તેમ માનવીની ભૂખ પણ વધતી જાય છે એટલે કે આંતરિક પરિગ્રહ વધતો જાય.

લોભ-લાલસા-તૃષ્ણા-પરિગ્રહ-બુદ્ધિ આંતરિક પરિગ્રહ એ આત્માના શત્રુ છે. મમત્વબુદ્ધિ-મારાપણાની વૃત્તિ એ વિકાર છે એ આહનો દાહજ જીવને દુઃખી કરી રહ્યો છે, દઝાડી રહ્યો છે. એ પરિગ્રહબુદ્ધિ-આહ-લોભ જેટલો જીવનમાં વિશેષ એટલો એ વધુ દુઃખી આ આધ્યાત્મિક દૃષ્ટિ છે.

જીવનમાં જે કાંઇ મળી રહ્યું છે, એમાં સંતોષ નહિ હોય અને તૃષ્ણાની મર્યાદા નહિ હોય તો લાખો-કરોડો મળવા છતાં પણ માનવી

અસંતુષ્ટ અને દુ:ખી જ રહેવાનો એટલે કે બાહ્ય પરિગ્રહની વિશેષતા કે અલ્પતા એ સુખ-દુ:ખનું કારણ નથી.

વ્યવહારમાં પણ જીવનનો સંતોષ કે અસંતોષ એ જ સુખ કે દુ:ખનું કારણ છે.

હજારોપતિને લાખોપતિ થવાની તૃષ્ણા રહે છે. અને લાખોપતિને કરોડપતિ થવાની તૃષ્ણા રહે છે, એટલે જેટલો પરિગ્રહ વિશેષ એમ જીવ વધુ દુ:ખી. તાત્ત્વિક દષ્ટિનું અન્વેષણ તો આવું છે. અને પરિગ્રહબુદ્ધિ વધી એટલે ધનસંચયના ધમપછાડા વધવાના. એ બુદ્ધિ પછી ન્યાય અન્યાય કે યોગ્ય અયોગ્યનો કશો વિચાર નહિ. ધનનો સ્વામી મટીને એ ધનનો ગુલામ બની જાય છે.

આજે ચારેકોર આ પરિગ્રહબુદ્ધિ–લાલસાનું તાંડવ ખેલાઈ રહ્યું છે. જરા જેટલો મોકો મળતાં માનવીની લાલસાના વાઘનખ એકદમ ઝાપટ મારે છે. કાળાંબજાર, સંઘરાખોરી, ભાવ વધારો, ચોરી, લૂંટ આ બધું માનવીની અઢળક ધન કમાઇ લેવાની વૃત્તિમાંથી જન્મેલા ફરજંદો છે. આમાં શ્રીમંતોથી માંડીને ગરીબો સુધીના કોઇ કહેતા કોઈ નથી બચ્યા. જેને લાગ ફાવ્યો એણે ઝાપટ મારી જ છે.

કાનુનો થયા, કંટ્રોલ આવ્યા ત્યારે ય માનવીએ અવનવી રીતો અજમાવી હતી. બીલો કંટ્રોલ ભાવનાં બનતાં જતા અને ઉપરના પૈસા ‘ઓન’ ઉપરથી લેવાતાં હતાં. એટલે માનવીની લાલસા ન ઘટે ત્યાં સુધી ગમે તેટલા કાનુનો કે કંટ્રોલો પરિસ્થિતિને પલટી શકે તેમ નથી, થોડા કાનુનભીરૂ માણસો કાયદો પાળશે. પરંતુ કાયદાને ગજવામાં રાખવાની જેમનામાં આવડત છે એ કાનુનને ઘોળીને પી જશે. આજે ય એમ કયાં નથી બની રહ્યું ? ને આવા પરિગ્રહ બુદ્ધિવાળા માનવીને પાછા આપણે અસંતોષનો નશો પાઈ રહ્યા છીએ. જીવનધોરણને ઉંચું લાવવાનો મહા તેજ દારૂ પીવડાવી આપણે એને બહેકાવી રહ્યા છીએ.

બીજાની સંપત્તિ અને સુખ સવલતો, મોટર ગાડી, રેડિયો, રેફ્રિજેટરો, બંગલાગાડી વગેરે જોઇને દેખાદેખીને વરેલો માનવી ઇર્ષ્યાથી પોતાને માટે એવાં સાધનો ઝંખે છે. એ સાધનો મેળવવાનું એક માત્ર સાધન પૈસો છે, એટલે એ પૈસાનો પુજારી બને છે.

આવો પૂજારી, અનીતિ, અનાચાર, જુગાર, ચોરી, લૂંટ ગમે તે ભોગે પૈસાની પ્રાપ્તિ માટે મથે છે. જેને ફાવે છે તે મેળવે છે. આમાં નાના નોકરિયાતોથી માંડીને હજારોનો દરમાયો ખાતા અમલદારો કોઈ કહેતાં કોઇ બચતું નથી. ગરીબથી માંડીને શ્રીમંત કોઇ રહી જતું નથી. કામદારો ઓછા કલાક કામ કરી વધુ દરમાયો મેળવવા માગે છે. કારખાનામાં નાની નાની ચીજોની ચોરી થાય છે. કામના ઉતારા ઓછા ઉતરે છે. દષ્ટિ પગાર પર છે, કર્તવ્ય પર નથી ને શેઠિયાઓ પણ વધુમાં વધુ કસ કાઢી ઓછામાં ઓછું આપવા માંગે છે. એટલે ત્યાગ ભાવની જગ્યાએ ભોગભાવ માનવી પર સવાર થઇ બેઠો છે.

સમાજવાદી સમાજરચના આવીને પદ્ધતિ ફરશે, માનવી બદલાઇ નથી જવાનો.

તૃષ્ણાથી ખદબદતો માનવીજ એ નવી જીવન વ્યવસ્થામાં પણ ગોઠવાવાનો છે. સ્વર્ગના દેવો આવીને સમાજવાદી સમાજરચના નથી ચલાવવાના, ઉપરથી બેજવાબદારીનું તત્ત્વ વધી જવાનો મોટામાં મોટો ભય ઉભો છે.

‘મારે શું ? મારૂં એકલાનું કયાં છે ? બધાનું થશે, એ મારૂં થશે બગડે છે તો સરકારનું બગડે છે. અમારે શું ?

આવી બેજવાબદાર વૃત્તિ વધતી જાય છે અને વધી પડવાની છે, ગમે તેટલી સમૂહ ભાવનાની વાતો કરીએ, માનવી સ્વભાવત: સ્વાર્થી

# પરમ પાથેય.

પૂ. આ. મ. શ્રીમદ્વિજયયતીન્દ્રસૂરીશ્વરાન્તેવાસી
મુનિરાજ જયન્તવિજયજી મહારાજ

પાર્થિવ દેહની ટાપટીપ માટે સમય મળે છે આજના માનવને! એની પુષ્ટિ માટે કટિબદ્ધ રહી સર્વસ્વ સમર્પિત કરતાં પણ એ અચકાતો નથી. જ્યારે જુઓ ત્યારે એ વિપત્તિઓથી લડતો હોય છે, આપત્તિઓને પહોંચી વળવા એ બાથ ભીડતો હોય છે. અને કયારેક એમના સામે હાથ ટેકતો પણ નજરે ચઢે છે; ભાન ભૂલી, ધ્યેય છોડી, લક્ષ્યને મૂકી ઉંચી નીચી ભૂમિમાં ભટકતો રહે છે, છતાં પોતાની ભૌતિક સિદ્ધિમાં સમ્પૂર્ણ રીત્યા ઉત્તીર્ણ થઈ શકતો નથી!

કારણ, તેનામાં પ્રાપ્ત કરવાની ઇચ્છા છે, પરંતુ ત્યાગ કરવાની ભાવનાનો અંશ પણ રહી શકયો નથી. આશા અનંત રહેલી છે, તેનામાં. પરંતુ ઉત્સાહની ઉષ્મા દૃષ્ટિગોચર થતી નથી, નિરુત્સાહી, નિષ્ક્રિયતા, પાથેય ગ્રહણ કરવાની દૃષ્ટિભિન્નતા, ઇત્યાદિ અનેક કારણો માનવના માનવીય વિકાસને રૂંધનારા બની રહ્યા છે, ભૌતિકના વાવંટોળીયાના સપાટામાં આવી ગયેલ માનવ પોતે પોતાના મૂલ્યાંકનને વિસારી રહ્યો છે.

ભભકાની ભૂલભૂલામણીમાં ગોથાં ખાઇને પોતાને નિષ્કલંક માર્ગથી પથભ્રષ્ટ કરી રહ્યો છે. આવી વિષમંતાની વિંધ્યાટવીમાંથી પાર થવા માટે મનુષ્યે પોતાને યોગ્ય પરમ સુંદર પાથેયનો સંગ્રહ કરી લેવો, આ સમયે કયારે પણ અયોગ્ય નહીં લેખાય. જ્યારે કે પોતાને સ્વસ્થ, સુદૃઢ, સુડોળ મળ્યો છે નરદેહ તન મન ધનને પાંગરવા માટે જૈનધર્મરૂપી અતિ ઉંડાણવાળા જડકુપોથી સ્વચ્છ, નિર્મળ પાણી પ્રાપ્ત કરવાની મળી ગઈ છે જોગવાઇ! સાથે જ સાંપડી છે સુદેવ, સુગુરુ, સુધર્મના સમ્પર્ક સાધનથી પોતાની પુનિત સાધનાને સભર કરવા માટેની સુખદ વેળા; તેવા સમયે નશ્વર પ્રાપ્તિના નષ્ટભ્રષ્ટ થવાના આંધળા લૂલા પ્રયાસો અરે! જે પ્રાણી છે. પરિગ્રહબુદ્ધિ આધ્યાત્મિક દૃષ્ટિકોણના વિકાસ વિના કાનુનથી કે પદ્ધતિના ફેરફારથી ઘટી શકે તેમ નથી. તૃષ્ણાનો કીડો સળવળે છે ત્યાં સુધી તે પૈસાને ખોળશે!

મુડીવાદી સમાજરચનમાં જ મુડીવાદ પાકશે એમ નથી. માનવીની તૃષ્ણાબુદ્ધિમાં ઠેરઠેર મુડીવાદીઓ છુપાએલા છે. સમાજવાદી બની સમાજરચના આવતાં માનવીમાં છુપાએલો મુડીવાદી અદ્રશ્ય કે અલોપ નથી થઈ જવાનો. બહારથી બધું ઠીકઠાક લાગશે, પરંતુ નિરંકુશ નોકરશાહી સત્તાસ્થાન પર બેઠેલાઓ ત્યારે ફાવશે.

આવતી કાલની અમંગળ આગાહી કરવાનો આમાં આશય નથી પરંતુ માનવસ્વભાવનું દિગ્દર્શન કરવાનો હેતુ છે. આ સ્વભાવનું પરિવર્તન કેવલ લેબલો બદલવાથી કે આ કે તે પદ્ધતિઓ ફેરવવાથી નહિ થાય. સત્તાનો સાણસો જરા જેટલો ઢીલો થયો કે માનવસ્વભાવ એની મૂળ લીલા વિસ્તારવાનો. એકની ચોરી પર ચોકી રાખવા બીજો મૂકવો પડશે. લાંચરૂશ્વત વિરૂદ્ધ લાંચરૂશ્વત વિરોધી ખાતું રચાશે પરંતુ એજ લાંચરૂશ્વત લેશે ત્યારે ચોકી કોણ કરશે? વાડ જ ચીભડાં ગળવા માંડશે ત્યાં ચીભડાં કોને ફરિયાદ કરશે? વહીવટી ખર્ચ વધ્યા કરશે.

ઉલ્ટું થોડા આવાં ડાળાં મોઢાંએ સર્જેલો અનવસ્થા કે સામાજિક નુકસાની ભોગ બીજાની સરખામણીએ નિર્દોષ પણ બન્યા કરશે. એટલે પરિગ્રહબુદ્ધિ પરના અંકુશ વિના સામાજિક ન્યાય સચવાઇ નહિ શકે. આધ્યાત્મિક દૃષ્ટિકોણના વિકાસ વિના પરિગ્રહબુદ્ધિ પર સ્વેચ્છાએ અંકુશ નહીં આવે અને બહારનો અંકુશ એટલો કારગત નહીં નીવડે.

(સૂચિત)

માનવીય પ્રવૃત્તિઓની દેવલોકમાં રહી અખૂટ આનંદ લૂંટનારા દેવ અને દેવેન્દ્રો પણ ઝંખના કરે છે તે મહામૂલ્યવાન નરદેહને વેડફી નાખવાના પ્રયત્નો માનવના માટે કલંકપૂર્ણ છે. એના એ નશ્વર પ્રાપ્તિના પાછળ એક નહિ પરંતુ સાત સાત પ્રકારના ભયો ઝઝુમી રહેલા હોય છે.

સદ્ધ્યાનથી પર રહેવાથી અથવા તો સદ્જ્ઞાનના અભાવે જ માનવ ભયમુકત જીવન વ્યતીત કરવા ભાગ્યશાળી થતો નથી, સદ્જ્ઞાન કે સદ્ધ્યાનના તેજઃ પુંજને પ્રાપ્ત કરતાં પહેલાં ભેદ, શકિત અને અભિવ્યકિતને નિહાળી લેવી આવશ્યક છે. ધ્યાન અને જ્ઞાનન ભેદો ઘણા છે. છતાં શાસ્ત્રીય પદ્ધતિએ તેના બે ભેદો કરી લઈએ; એક સદ્ધ્યાન, અર્થાત્ ધર્મધ્યાન અને શુકલધ્યાન, બીજુ દુર્ધ્યાન એટલે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન. જે ધ્યાનથી આત્માની ભુખ ભાંગે તે સદ્ધ્યાન અને જે શરીરની સંખ્યાને વધારે તે દુર્ધ્યાન ! મનોમંથન કરી નિષ્કર્ષ કાઢવાનો છે કે ગંગા કઈ બાજુ જઈ રહી છે? મનોવિચારની એ ગંગા કયા ક્ષેત્રને પ્લાવિત કરી રહી છે? જ્યાં અને જ્યારે તેનું જ્ઞાન થશે ત્યાં અને ત્યારે સદ્જ્ઞાનની નિર્મળ ગંગા વહેતી થવા માંડશે અને તેના ધગધગતા વહેતા ધોધથી આત્મજ્ઞાનની અત્યુકટ વિજળી ઉત્પન્ન થશે અને તેના પ્રકાશથી ત્રણ ભુવન ઝળહળી ઉઠશે. ત્રણ ભુવનના દર્શનની દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થશે. એ પ્રકાશના માટે અને ભુખના નિકંદન માટે કદમ ભોગથી નહિ પરંતુ ત્યાગથી. એ માટે ઉદક કલ્પજ્ઞાન, પયઃકલ્પજ્ઞાનથી પણ વધુ જરૂરિયાત અનુભવ કલ્પજ્ઞાનની રહેશે. જેવી રીતે થોડું જળ પીવાથી કે દુગ્ધ આરોગવાથી ક્ષુધા પર પર્યાપ્ત અંકુશ મૂકી શકાતો નથી પરંતુ અનુભવની એરણ પર ઘડાયેલ, તૈયાર કરાયેલ ખોરાકથી ક્ષુધાને શમાવી શકાય છે, તેવી જ રીતે આત્મિક અનુભૂતિ કે શાંતિ માટે પણ આધ્યાત્મિક અનુભવજ્ઞાનની પરમાવશ્યકતા છે.

જ્યાં એ પરમોત્કૃષ્ટ અનુભવજ્ઞાનની સંપ્રાપ્તિ થઇ જાય છે ત્યાં આત્મા સત્યાનંદી બની, નિરતિચારપણે વિચારપૂર્વક વિચરણ કરે છે. સ્વાચાર અને સ્વચ્છંદાચારની ભેદ પ્રતીતિ થઇ જતાં જ તે અતિચાર, અનાચાર અને અત્યાચારના સાંડસામાંથી મુકત થઇ પરમ સુંદર પાથેય માટે સ્વાધ્યાયના પૃષ્ટાંકોનું અવલોકન કરી ઉચિત સામગ્રીના સંગ્રહ માટે કટિબદ્ધ થઇ જાય છે.

પોતાની એ સામગ્રી સ્વચ્છ છે કે સમળ. તેને પણ સમજી લેવું જરૂરી છે. તેને સમજવા માટે પરમ સહાયક છે **પરમેષ્ઠી મહામંત્ર નવકાર.** જેનાં આલંબને પ્રાણી માત્રના અઘોને દૂર કરી દીધા છે. જેનાં સ્મરણે પ્રાણીમાત્રના કલેશ કર્દમને સુકાવી નાંખ્યો છે, જેનાં ધ્યાને પ્રાણીમાત્રના કર્મોની કઠણ કડાઓને વિખેરી નાંખી છે અને જેના આરાધને ભવોની ભ્રમણાનો અંત આણ્યો છે. એવા પરમશ્રેષ્ઠ મહામંત્રના રટણ, રમણ, જપન, તપનથી દેહવીણાનો ઝંકાર ઉઠી શકે છે. સ્વનું સર્વસ્વ તરફ સ્પંદન થઇ જાય છે. બેભાન, જ્ઞાનહીનના માટે પરમ સુંદર પાથેય રૂપ એ મહામૂલા મંત્રના બળે અનુભવ જ્ઞાન અને લોકોત્તર દૃષ્ટિની પ્રાપ્તિ સહજ થઇ જાય છે.

## સારો પાડોશી મળશે !

એક પડોશી: 'ઘર બદલીને જતાં હવે અમને સારો પડોશી મળશે.'

બીજો પડોશી: 'અમને પણ સારા પડોશી મળશે.'

પહેલો: 'કેમ' તમે પણ ઘર બદલો છો ?

બીજો: 'ના, અમે તો અહીંઆજ રહીશું'.

# ચૂંટેલાં કુસુમો

**શ્રી અજ્ઞેય**

(સમર્થ સાહિત્યકાર શ્રી મોહનલાલ ધામીના સાહિત્ય નંદનવનમાંથી 'કલ્યાણ' માટે ચૂંટી કાઢેલાં મધમધતાં વિચાર કુસુમો)

❀

જૈન સાધુ કોઈની આશામાં રસ લઈ શકતો નથી. કોઈની આશાને રમાડતો નથી. કે કોઈને આશાના કાદવમાં ખૂંચી જવાનો માર્ગ બતાવતો નથી.

આ સ્થાન તો આશાઓને ભસ્મ કરીને આશાના બંધનમાંથી મુક્ત થવાનું છે.

માનવી જ્યારે ધનવડે સુખનું મૂલ્યાંકન માપતો થાય છે. ત્યારે એ માનવી મટી જતો હોય છે....પશુથી એ કંઈક નીચો ઉતરી જતો હોય છે.

પશુ પણ સંચય કરતાં નથી. એની આવશ્યકતાથી વધારે ખાતા પણ નથી. પરંતુ માનવીની ધનભૂખ ઘણી ભયંકર હોય છે. તે તો જેમ ધન વધે તેમ પોતાથી વધુ ધનવાન કરતાં સવાયો થવાની લાલસા સેવતો હોય છે. માનવીની આ દુર્બળતા કોઈપણ યુગમાં દૂર થઈ શકી નથી.

જીવનનાં વ્હેણ પળે પળે પલટાતા હોય છે. માનવી નાનો હોય કે મોટો હોય પણ જીવનના વ્હેણ તો સહુના પલટાયા કરે છે.

જીંદગી જેમ સંગ્રામ છે તેમ પ્રેમ પણ અંતરનો એક સંગ્રામ જ છે. પ્રેમરૂપી સંગ્રામમાં જેની પહેલી જીત થાય છે તેની છેલ્લી જીત પણ થતી હોય જ છે.

જે લોકો ધર્મ પામ્યા હોય છે, અથવા તો જીવન જીવવાની રીત સમજી શકયા હોય છે, તે લોકો જ ધનને સુખ માપવાનું સાધન માનતાં નથી.

અંતરમાં અનેક કાવ્યો ઉભરાતા હોય, છતાં એ કાવ્યની એક પંક્તિ પણ વદનના ભાવપર વસી શકતી નથી. કેવળ આંખો જ અંતરની કવિતાની ઓળખાણ આપતી હોય છે. અને આંખોના ભાવ ઉકેલવા એટલા સહેલા યે નથી.

એક કાળે જીવનમાં જે મધુર જણાતું હોય છે તે બીજે જ કાળે વિષરૂપ થઈ પડે છે.

માનવી જો પોતાના વારે વારે પલટાતાં જીવન-વ્હેણોના જ અભ્યાસ કરતો થઈ જાય તો તેની જ્ઞાનસમૃદ્ધિ આપોઆપ ઉભરાવા માંડે છે પણ...સન્મુખ પડેલા જીવનનાં આશાભર્યાં વિરાટ પ્રત્યે સ્થિર થયેલાં માનવીના નયનો જીવન-વ્હેણના પરિવર્તન પ્રત્યે ભાગ્યે જ સ્થિર બનતા હોય છે.

અણગમતા ઉજાગરા માનવીની કાયાને નિર્બળ બનાવી દે છે. અને મનગમતાં ઉજાગરા કાયાના શ્રમને ય દૂર કરતાં હોય છે.

કવિઓ અને પ્રેમીઓની કાવતા ગગનનાં ગોખે જ કલ્લોલતી હોય છે. બીજા અર્થમાં કહીએ તો જીવન-સ્વપ્નની માળા ગગનમાં જ સાકાર બનતી હોય છે. પણ એને ખબર નથી કે સાકાર જ નિરાકાર બની જશે !

જેમ ઔષધમાં વિષ અમૃત બને છે અને અમૃત વિષરૂપે પરિણમે છે. તેમ જીવનમાં પણ અનેક પ્રસંગે બનતું હોય છે.

વ્યાધિનો ઔષધદ્વારા પ્રાય:પ્રતિકાર થાય પરંતુ કર્મજનિત વ્યાધિમાં એ ઔષધ કામ કરતું નથી' આવું વૈદ્યો પણ જાણતા હોવાથી તેમણે રાજાને પણ જણાવી દીધું કે, 'રાજન્ ! આ પુત્રનો રોગ અસાધ્ય છે માટે હવે જો તેનું હિત ઇચ્છતા હો તો ધર્મ ઔષધ આપો એટલે ધર્મ સંભળાવો.' આ ઉપરથી એ પણ વિચારવાનું છે કે પૂર્વ-કાલમાં મોટામોટા નિષ્ણાત વૈદ્યો પણ પરલોક સુધારનાર ધર્મ છે અને એજ અતિ ઉત્તમ ઔષધ છે એમ માનતા. ત્યારે વર્તમાનકાલમાં પરિસ્થિતિ કોઈ વિપરીત જ છે. એ કેલવણીનો પ્રભાવ નહિ તો બીજું શું ગણાય ! અરે! જીવન-મરણના પ્રસંગમાં પણ દઢ શ્રદ્ધાપૂર્વક ધર્મ આચરણ કરવાનો દઢ નિશ્ચય યુક્ત સ્મરણ ચિંતન કરાયેલ ધર્મ એ ઔષધનું કામ કરનાર નીવડે અને અપૂર્વ લાભ આપનાર થાય. શાસ્ત્રોમાં ધર્મરૂપ અપૂર્વ ઔષધના ચિન્તનથી (સ્મરણથી) વ્યાધિથી પીડાતા નમિરાજર્ષિ-અનાથિમુનિ આદિના મહાન વ્યાધિ પણ શાન્ત થયાના ઉદાહરણો મોજુદ છે.' વૈદ્યોના ગયા પછી મહસેનની જીભમાં તો અતિ કઠીનતા અને કહોવાટ પણ શરૂ થયો ને દુર્ગંધ પણ એવી ફેલાવા લાગી કે કોઇ પાસે બેસી શકે જ નહિ, આવી સ્થિતિમાં ઘરના માણસોએ વહાલા પુત્રને પણ સ્વસ્થાનથી દૂર અલગ સ્થાનમાં રાખ્યો. સ્વાર્થી સંસારનું આ પ્રતીક છે !

આ બાજુ મહસેન તો અસહ્ય વેદનાથી એવી રાડો પાડે કે તે રાડો સાંભળનારને પણ દયા આવે ! આવા અશાતાના ઉદયમાં પણ જાણે પૂર્વનું પુણ્ય સહાય કરતું ન હોય ! તેમ સ્વજનમાં બીજુ કોઇ તેની સેવામાં નહિ રહેતાં ફક્ત એનો ભાઇ સૂરસેન કે જે મૈત્ર્યાદિભાવનાથી રંગાએલો એટલે ગમે તેના દુ:ખને દૂર કરવા તૈયાર રહેતો તો આ તો ભાઇને આવી પડેલા દુ:ખને દૂર કરવા માટે તો ખડે પગે ઉભા રહેવું એ મારી ફરજ છે એમ માનનાર, પ્રેમથી તેની સેવા-માવજત કરવા લાગ્યો. તેના મુખ પાસે આવતી મક્ષિકા આદિને ઉડાડે અને ભાઈને શાન્તવન આપે. આ સ્થિતિમાં મહસેન કંઈ પણ ખાઈ શકે નહિ એટલે સૂરસેને પણ જ્યાં સુધી અન્ન ન લે ત્યાંસુધી મારે પણ અન્ન ન લેવું એવો અભિગ્રહ કર્યો. કેવું અદ્વિતીય ભ્રાતૃવાત્સલ્ય !

હવે દરરોજ ભાઈની સેવા માવજત કરતાં 'असहाये सहायो भगवान्' એ હિસાબે સૂરસેનને અપૂર્વ ઔષધરૂપ નવકારમહામંત્ર સ્ફુરિત થયો તરત જ પ્રાસુક જલ લાવી એ મહામંત્રથી મંત્રીને ભાઈની જીભ ઉપર વારંવાર સિંચન કર્યું. મંત્રિત જલ સિંચનથી મહસેન પ્રથમ તો રાડ પાડતો બંધ થયો. ધીમે ધીમે નિદ્રા આવી એટલે સૂરસેન આ અપૂર્વ ઔષધનો કાલજી પૂર્વક ઉપયોગ કરતો જ રહ્યો. એમ કરતાં ક્રમે ક્રમે દુર્ગંધમાં પણ ફરક પડયો. એ જ અપૂર્વ ઔષધથી જીભનો રોગ સંપૂર્ણ શાંત થયો અને પ્રથમના જેવી જ નિરામય જીભ થઇ ગઇ.

સૂરસેને કરેલી સેવા અને યોજેલ ધર્મ ઔષધથી મહસેનની નિરામયસ્થિતિ જોઇ રાજા વિગેરે લોકો તો ચકિત થયા અને ધર્મમાં દઢ મનવાળા થયા, આ બાજુ મહસેન તો પોતાના ભાઈનો એક પુન:જીવનદાતા તરીકે ઉપકાર માને છે. બન્ને ભાઇઓ સાથે જ આનંદથી યથાશકિત ધર્મ આરાધન કરી રહેલ છે, તેવામાં કોઇ જ્ઞાની ભગવંતનું આગમન સાંભળી બન્ને ભાઈઓ ગુરુભગવંતની પાસે જઈ વિધિપૂર્વક પ્રદક્ષિણાદિ દઇ વંદન-નમસ્કાર કરી યોગ્ય સ્થાને બેસી ભગવંતનાં મુખથી ધર્મદેશના સાંભળે છે. દેશના પૂરી થયા પછી સુરસેન ભગવંતને પૂછે છે કે, 'હે પ્રભો ! મારા ભાઇને આ જીભનો વ્યાધિ અચાનક [જે વૈદ્યોને પણ અસાધ્ય લાગ્યો તેવો] શાથી [કયા કર્મથી] ઉત્પન્ન થયો ? તેના પ્રત્યુત્તરમાં જ્ઞાની ભગવંત તેના પૂર્વભવનું યથાર્થ વર્ણન કરતાં જણાવે છે કે,—

'ભરતક્ષેત્રમાં મણિપુર નામના નગરમાં મદન નામનો ક્ષત્રિય સુભટ હતો. તેને ધીર અને વીર નામના બે પુત્રો હતા. પૂર્વકાલમાં જૈનધર્મ એ કેન્દ્રિત સ્થાને હતો એટલે કોઈપણ વ્યક્તિ એ ધર્મની આરાધના કરતો (અદ્યતન કાલમાં ધર્મકુલાચારે છે) એટલે ક્ષત્રિય છતાં પણ તે મદનસુભટ જૈન ધર્માનુરાગી નવતત્ત્વાદિને જાણનાર ધર્મના હાર્દને સમજનાર હતો. તેથી તેનાં પુત્રોમાં 'લોકમાં બાપ એવા બેટા વડ એવા ટેટા' એ કહેતી અનુસાર એજ સંસ્કારો વારસામાં આવ્યા. પુત્રો ગૃહવ્યવસાય કરતાં, પણ ધર્મવ્યવસાયનો પ્રસંગ આવે ત્યારે તેને અગ્રસ્થાન આપી તેની આરાધના કરી–કરાવીને શાસનશોભા વધારતા! લોકના મુખે પ્રશંસાપાત્ર બનતા. આવી રીતે કાલ નિર્ગમન થતાં એક વખત બંને ભાઈ ગામ બહાર ફરવા નીકળેલા 'ત્યાં એક મુનિ મહાત્મા જમીનપર પડી ગયેલ અને લોકો તેની આજુબાજુ એકઠા થઇ રહેલ' આ પ્રસંગ જોઈને લોકોને પૂછે છે કે, 'આ મહાત્મા શાથી પડી ગયા? શું થયું?' તો ઉત્તર મલ્યો કે આ મહાત્મા અહીં સમાધિ (કાઉસગ્ગ ધ્યાન)માં ઉભા હતા અને પાસેના બીલમાંથી સર્પ નીકળી તેમને ડંખ દઇને પાછો બીલમાં પેસી ગયો. આ સાંભળતાં જ ઉતાવળી પ્રકૃતિ હોવાથી નાનો ભાઇ બોલી ઉઠયો કે, 'શું! મુનિને સર્પ ડસ્યો તો તમોએ તેને જીવતો કેમ જવા દીધો?' આ કષાયયુકત કઠોર વચન સાંભળી મોટાભાઈએ કહ્યું કે, 'ભાઈ આવું બોલવું એ અધર્મ (પાપ) છે.' ત્યારે નાના ભાઈએ કહ્યું કે, 'અપરાધીને મારવો એ તો ક્ષત્રિય ધર્મ છે.' મોટાભાઇએ ધૈર્યપૂર્વક ગંભીરતાથી કહ્યું કે, ભાઈ दुष्टानां निग्रहः शिष्टानां पालनम् એ વચન બીજાના પ્રાણ લેવા માટે નહિ પરંતુ સામા ઉપર છાપ પાડવા માટે છે. એટલે ભીમ અને કાન્ત ગુણનું દ્યોતક છે. માટે આવું પાપમય વચન બોલવું એ આપણા જેવા ધર્માત્માને છાજે નહિ. જેને માટે કહ્યું છે કે–

म्रियस्वेत्युच्यमानोऽपि देही भवति दुःखितः
मार्यमाणः प्रहरणैर्दारूणैः स कथं भवेत्

'તું મરી જા એવું વચન કહેતાં જ બીચારો પ્રાણી દુઃખી થાય છે તો પછી ભયંકર તીવ્ર શસ્ત્રોથી મારવામાં આવે તો બીચારાની કેવી સ્થિતિ થાય? માટે જ પ્રભુશાસનના અનુયાયીએ બીજાને પીડા કરવાના વિચારોથી, બીજાને દુઃખાદિ ઉદ્ભવે એવા વચનથી અને બીજાને દુઃખ, પીડા અને પ્રાણનાશ થાય તેવી ચેષ્ટાથી પર રહેવું જોઇએ. આમાં જ परहितचिंता मैत्री અને मित्ती मे सव्वभूएसु એ સુવાક્યની સફળતા છે. અન્યથા તો આત્મા મન, વચન અને કાયાથી કર્મબંધન કરી રહેલ છે. આ પ્રમાણે ભાઇને સમજાવી મોટાભાઈએ મંત્ર ઔષધાદિ ઉપચારથી મુનિને નિર્વિષ કર્યા અને જબ્બરજસ્ત પુણ્ય ઉપાર્જન કર્યું. મુનિ મહારાજ જીવવાથી બન્ને ભાઇઓ આનંદ પામી પોતાને સ્થાને આવી ધર્મનું આરાધન કરતાં પોતાનું આયુષ્ય પૂર્ણ કરી ધીરનો જીવ તું સૂરસેન અને વીરનો જીવ મહસેન થયા છો. મહસેનના જીવે પૂર્વભવમાં 'સર્પને તમોએ જીવતો કેમ જવા દીધો' એ કઠોર વચન બોલી જે કર્મ ઉપાર્જન કરેલ તે કર્મથી આ મહસેનને આ ભવમાં જીભનો તીવ્ર વ્યાધિ થયો. અને પૂર્વભવમાં પણ તેં તેને સમજાવેલ અને આ ભવમાં પણ તેં તેના નવકાર મહામંત્રના પ્રભાવથી ઔષધથી અસાધ્ય એવા વ્યાધિને શાંત કર્યો અથવા નષ્ટ કર્યો. આ પ્રમાણે જ્ઞાની ભગવંતનાં મુખથી સાંભળી બંને ભાઈઓને જાતિસ્મરણ જ્ઞાન થયું પછી સંયમ અંગીકાર કરી સમ્યક્પ્રકારે નિરતિચારપણે પાલન કરી શુકલધ્યાન ધ્યાતાં અષ્ટ કર્મ ખપાવી તે સૂરસેન અને મહસેન બન્ને મોક્ષમાં ગયા.

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

**પૂર્વ પરિચય :** ભ. શ્રી અજિતનાથ સ્વામીનાં શાસનમાં રાક્ષસદ્વીપની લંકાનગરીમાં મેઘવાહન રાજા ભીમરાક્ષસેંદ્રે કરેલ સહાયના કારણે તે વંશનું નામ રાક્ષસવંશઃ બાદ ત્યાં ભ. શ્રી શ્રેયાંસનાથ સ્વામીનાં શાસનમાં કીર્તિધવલ લંકાનગરીમાં રાજ્ય કરે, તેની સહાયથી શ્રીકંઠ વિદ્યાધરે તે દ્વીપની બાજુમાં વિષ્કિંધાનગરી વસાવી. વાનરદ્વીપમાં આ રાજ્ય હોવાથી તે રાજાઓ વાનરવંશના પ્રસિદ્ધ થયા બાદ ભ. શ્રી મુનિસુવ્રતસ્વામીનાં શાસનમાં રાક્ષસેશ્વર સુકેશ અને વાનરેશ્વર કિષ્કિંધિ હતા. વૈતાઢ્ય પર્વત પર આદિત્યપુર નગરના મંદિરમાલીની પુત્રી શ્રીમાલા સ્વયંવરમાં કિષ્કિંધિ પર વરમાલા આરોપે છે, ને રથનૂપુરના રાજકુમાર વિજયસિંહ રોષે ભરાય છે, ત્યાં યુદ્ધ થાય છે. કિષ્કિંધિનો નાનો ભાઇ અંધક વિજયસિંહને મારે છે. વિજયસિંહનો પિતા અશનિવેગ અંધક પર વૈર વાળે છે, ને કિષ્કિંધિ તથા સુકેશ પાતાલ લંકામાં ચાલ્યા ગયા, 'રાક્ષસપતિ સુકેશને ત્રણ પુત્રો માલી, સુમાલી ને માલ્યવાન; તે ત્રણે વીરોએ લંકાનું રાજ્ય ફરી કબ્જે કર્યું. આ બાજુ વૈતાઢ્ય પર્વત પર રથનૂપુરના અશનિવેગના પુત્ર સહસ્રાર ને ત્યાં પરાક્રમી પુત્રનો જન્મ થાય છે. તેનું નામ પડે છે ઇંદ્રઃ ઇંદ્ર જેવા પરાક્રમી તેણે લંકામાં જઈ માલીને મારી તે રાજ્ય પર પોતાના વૈશ્રમણ નામના લોકપાલને સ્થાપિત કર્યો. સુમાલી ને માલ્યવાન ત્યાંથી ભાગી પાતાલલંકામાં નાસી છૂટયા: **હવે વાંચો આગળ :**

⊙

## ૩ : રાવણનો જન્મ

રાક્ષસ સૈન્ય અને વાનર સૈન્યની તો **'अतो भ्रष्टं ततो भ्रष्ट'** જેવી સ્થિતિ થઇ. ઇન્દ્ર પર વિજય ન મળ્યો અને બીજી બાજુ રાક્ષસદ્વીપ અને વાનરદ્વીપ પણ ખોયા.

ફરીથી રાક્ષસવંશીય વિદ્યાધરોએ લંકા ગુમાવી.

સુમાલીની ચિંતાનો કોઇ પાર ન રહ્યો.

મનુષ્યની ધારણાઓ જો બધી સિદ્ધ થતી હોય તો તો પછી ધર્મ અને મોક્ષનો પુરુષાર્થ જ કોણ કરે! કર્મોની વિશ્વવ્યાપી સત્તા નીચે દબાયેલા પામર મનુષ્યની નવ્વાણું ટકા ધારણાઓ ધૂળમાં મળી જાય છે.

રાક્ષસવીરો સુમાલીની ચારેકોર ભેગા થઇ ગયા.

સુમાલીના મુખ પર ગ્લાનિની સ્પષ્ટ રેખાઓ અંકિત થયેલી હતી. તેનું ઉન્નત મસ્તક વસુંધરાની તરફ નમી પડયું હતું. નિવાસસ્થાન નિરવશાંતિમાં ડુબી ગયું હતું.

'મહારાજ! હાર અને જીત એ તો પ્રારબ્ધના ખેલ છે. તેમાં આટલી બધી ચિંતા શા માટે કરવી?' લંકાના મહામાત્ય પ્રજ્ઞાનિધિએ મૌન તોડયું.

'પ્રજ્ઞાનિધિ! દુઃખ એ વાતનું જ છે; એક મોટા ભાઇની કરપીણ હત્યા અને સખત પુરુષાર્થ કરવા છતાં પ્રારબ્ધ તરફથી ફટકો.'

'રાક્ષસોના નાથ! હિંમત હારવાની જરૂર નથી. ફરીથી સૈન્યબળ એકત્રિત કરી ઘમંડી ઇન્દ્રનું પાણી ઉતારી નાંખીએ.' ક્રોધના અગ્નિમાં ધમધમી ઉઠેલા વજ્રનાદ સેનાપતિએ ગર્જના કરી.

'ના, મારા રણવીર વીરો! તો એક અવિચારી પગલાના કરુણ અંજામ જોયા...લાખો... કરોડો આત્માઓની ઘોર હિંસા થઇ. છતાં નિષ્ફળતા! હવે એ ભૂલની પુનરાવૃત્તિ કરી મારે રાક્ષસવંશને નિર્મૂળ નથી કરવો.'

'તો પછી હવે...?' એક રાક્ષસ સેનાની બોલી ઉઠયો.

'હવે થોડોક કાળ વીતવા દેવો પડશે. જ્યાંસુધી રાક્ષસવંશમાં કોઇ મહાપુણ્યવંત અજોડ પરાક્રમી આત્મા ન જન્મે ત્યાંસુધી ધરપત ધરવી પડશે.' ગંભીર અને નિશ્ચયાત્મક સૂરે સુમાલીએ પોતાની નીતિને જાહેર કરી.

'એમ ચૂપકી પકડવામાં તો રાક્ષસવંશને લાંછન

લગાડવા જેવું છે.' માલ્યવાને કચવાતા હૈયે વરાળ કાઢી.

'માલ્યવાન ! દીર્ઘદૃષ્ટા બનવાની જરૂર છે. જીવનમાં બનતા પ્રસંગો પરથી આપણા પુણ્યબળ અને પાપબળનો ખ્યાલ કરવો જોઇએ. પુણ્યબળ નહિ હોય અને પુરુષાર્થ ધરખમ કરવામાં આવશે છતાં પાપ બળ તે પુરુષાર્થને પીંખી નાંખશે. નાકામિયાબ બનાવશે. હાલના તબક્કે આપણું પુણ્યબળ ખૂટતું છે. તે પ્રસંગે તે ખૂટતા પુણ્યબળને પૂર્ણ કરવામાં ન આવે ત્યાંસુધી મૌન પકડવું તે જ શ્રેયસ્કર છે.' સુમાલીએ મક્કમતાથી પોતાનો વિચાર સ્પષ્ટ કર્યો.

'તો હવે છૂપાઇ રહેવાનું ?

'હા.'

'જીવન છૂપાઈને જ પુરૂં કરવાનું ?'

'ત્યારે શું જીવન લડીને જ પુરૂં કરવા માટે છે ?'

માલ્યવાન ચૂપ થઇ ગયો. સુમાલીએ સમગ્ર સૈન્યને આજ્ઞા કરી દીધી, કે 'બધાએ પાતાલલંકામાં જવાનું છે. ત્યાં અચોક્કસ કાળ પર્યંત રહેવાનું છે.'

સુમાલીનાં નેતૃત્ત્વ નીચે સર્વે રાક્ષસો પાતાલ–લંકામાં પહોંચ્યા.

સુમાલીએ પાતાલલંકામાં આવતાં જ રાજ્યનું સંચાલન સંભાળી લીધું. રાજ્યતંત્રને વ્યવસ્થિત ગોઠવી દીધું.

ન્યાય, નીતિ અને નિપુણતાથી રાજ્યનું તેણે પાલન કરવા માંડયું.

સુમાલીને પ્રીતિમતિ નામની પ્રિયા હતી. પ્રીતિમતિની સાથે અનેકવિધ ભોગસુખોને અનુભવતો સુમાલી કોઇ અદ્વિતીય તેજસ્વી પુત્રની પ્રતીક્ષા કરતો હતો.

એક દિ' પ્રીતિમતિને ગર્ભનાં આધાન થયાં. દંપતીના આનંદની અવધિ ન રહી.

પ્રીતિમતી ખૂબ જ સાવધાનીથી ગર્ભના જતન કરવા લાગી.

આહાર–વિહાર અને વિચારમાં તે ખૂબ જ નિયમીત બની ગઈ.

મહિનાઓ વીતવા લાગ્યા. જેમ જેમ ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો તેમ તેમ પ્રીતિમતિનું સૌન્દર્ય, શુભભાવો અને પ્રસન્નતા વિકસ્વર બનવા લાગ્યાં.

સમય પૂર્ણ થતાં પ્રીતિમતિએ એક તેજઃપૂંજસમા પુત્રનો જન્મ આપ્યો. સુમાલીએ સારીય પાતાલલંકાને ધજાપતાકાઓથી ભરી દીધી. રંગોથી રંગી દીધી. ગીતગાન અને નૃત્યોથી ખીલવી દીધી. દાન દઇને દરિદ્રતાને ટાળી દીધી ! પુત્રના મુખ પરથી જાણે રત્નોનાં શાંત–શિતળ કિરણો સ્રવી રહ્યા હતાં. સુમાલીએ પુત્રનું નામ જ રત્નશ્રવા પાડયું.

એ કાળ એવો હતો કે જ્યારે ગુણોને અનુલક્ષીને વ્યકિતના નામ પાડવામાં આવતાં હતાં. ચોવીસે તીર્થંકરોનાં નામો આ હકિકતમાં સાક્ષીભૂત છે. જ્યારે આજે એ કાળ આવી લાગ્યો છે કે નામ પાડવામાં વ્યકિતના ગુણો નહિ પણ માત્ર રાશિ જ જોવાય છે! કદાચ એવો ય કાળ આવશે કે જ્યારે રાશિ નહિ જોવાય અને પણ માત્ર નામ પાડનારની પસંદગી જ રહેશે ! ડબ્બો હશે તેલનો અને લેબલ હશે 'ચોકખુ ઘી' !

સુમાલીના રાજમહાલયમાં રત્નશ્રવા ખૂબ લાલન પાલનથી ઉછરવા લાગ્યો. બાલ્યકાળથી જ અધ્યાપકો દ્વારા સુમાલીએ રત્નશ્રવાનું ઘડતર કરવા માંડયું.

શસ્ત્રકળા, શાસ્ત્રકળા અને જીવન જીવવાની કળાઓનું સર્વાંગીણજ્ઞાન રત્નશ્રવાને અપાવા લાગ્યું.

વર્ષો વીતવા લાગ્યાં. જીવનની અવસ્થાઓ પણ પલટાવા માંડી. બાલ્યાવસ્થામાંથી રત્નશ્રવા તરુણાવસ્થામાં પ્રવેશ્યો. જીવનને ભૌતિક આનંદથી રંગી દેવા માટે તલપાપડ પડયો.

ધનસંપત્તિ, રૂપસંપત્તિ અને વયસંપત્તિનો સુમેળ થયા પછી એ સંપત્તિને આત્મકલ્યાણની સાધનાદ્વારા અક્ષય બનાવી લેનાર મહાત્મા કહેવાય છે; જ્યારે એ સંપત્તિઓને વૈષયિક સુખોના ભોગવટાદ્વારા બરબાદ કરી દેનાર સંસારી જીવાત્મા કહેવાય છે.

રત્નશ્રવા જ્યાં યૌવનના થનગનતા અશ્વો પર આરુઢ થયો ત્યાં તેની કલ્પનાઓને પાંખો આવી.

મહાન ભૌતિક સિદ્ધિઓને હાંસલ કરી લેવાના મનોરથોએ તેના ચિત્તને ઘેરી લીધું.

પોતાના મહાન મનોરથોને તેણે કલાચાર્ય કુલચંદ્રની સમક્ષ રજુ કર્યાં.

'રત્ન ! વિશ્વ પર વિજય મેળવવા માટે માત્ર દેહબળ, શરીરબળ અને સેનાબળ જ પૂરતાં નથી. તે માટે તો જોઇએ છે માંત્રિક અને તાંત્રિક સિદ્ધિઓ.' કુલચન્દ્ર રત્નશ્રવાના મનોરથોને ઉડતા અટકાવ્યા.

'તે સિદ્ધિઓ કેવી રીતે મળે?' ઉત્કંઠિત હૈયે રત્નશ્રવાએ પૂછ્યું.

'તે મંત્રિક સિદ્ધિઓ માટે તો દેહનાં દમન અને વાસનાઓનાં શમન કરવાં પડે.'

તે કરવા હું કબુલ છું, પણ તમે સિદ્ધિનો માર્ગ બતાવો.

કલાચાર્ય કુલચંદ્ર રત્નશ્રવાના ખમીરને માપી જોઈ માંત્રિક સિદ્ધિઓ માટેનું સર્વાંગીણ માર્ગદર્શન આપ્યું.

ધ્યાન માટેની એકાંત નિર્જન ભૂમિ.

દેહધૈર્ય માટેનું આસન અને મુદ્રા.

મંત્રાક્ષરની સ્પષ્ટતા.

સંભવિત વિઘ્નો સામે ટકી રહેવા માટે તે વિઘ્નોનાં સ્વરૂપ.

મંત્ર સાધના દ્વારા થતી સિદ્ધિઓનું સ્વરૂપ અને તેના પ્રભાવો, વગેરેનું કુલચન્દ્ર કલાચાર્યે સુંદર વિજ્ઞાન સમજાવ્યું.

માતાના શુભ આશીર્વાદ લઈ એક મંગલપ્રભાતે. શુભ મુહૂર્તે અને શુભ શુકને રત્નશ્રવા ઘેરથી નીકળ્યો.

નગરની બહાર આવી નગરથી કંઇક દૂર 'કુસુમોદ્યાન' નામની વાટિકામાં તેણે પ્રવેશ કર્યો.

કલાચાર્ય કુલચંદ્રનું માર્ગસૂચન તેના ચિત્તમાં છે. ધ્યાન માટેની સુયોગ્ય ભૂમિ તેણે શોધવા માંડી.

વાટિકાના ઇશાન ખૂણામાં તેણે આસોપાલવના વૃક્ષોની એક ઘટા જોઇ. તેના ચિત્તમાં આહ્લાદ થયો. ઘટામાં તેણે પ્રવેશ કર્યો અને મધ્યમાં એક જગા નક્કી કરી.

પાછો ત્યાંથી નીકળી પર્ણના દડીયામાં પાણી લઇ આવ્યો અને જાપ માટેની ભૂમિ પર છંટકાવ કરી ભૂમિશુદ્ધિ કરી.

ઇષ્ટદેવનું એકાગ્ર ચિત્તે, અંજલિ જોડી, તેણે બહુમાનપૂર્વક સ્મરણ કર્યું. ત્યારબાદ શુભભાવ ઉલ્લસિત થતાં જાપની ભૂમિમાં તે પ્રવેશ્યો.

પદ્માસને બેસી, દૃષ્ટિને નાસિકાના અગ્રભાગે ઠેરવી મંત્રોચ્ચાર શરૂ કર્યાં. અલ્પ કાળમાં તો તે મંત્ર-દુનિયામાં ખોવાઇ ગયો.

ધ્યાનસ્થ રત્નશ્રવા જાણે બહુ મૂલયવંત આરસમાં કંડારેલી મૂર્તિ જ જોઇ લ્યો ! નથી હાલતો કે ચાલતો ! અરે અંગ પરનું રૂંવાડું પણ નિશ્ચલ બની ગયું. કલાકો....દિવસો...વીતવા લાગ્યા.

ફળ પ્રાપ્તિ માટેની કોઇ અધિરાઇ કે ચંચળતાને રત્નશ્રવાએ સ્થાન ન આપ્યું.

સાધનામાં જ્યાં ફળપ્રાપ્તિની ઝંખના ઉઠે છે ત્યાં ચિત્તનું સ્વાસ્થ્ય ચિત્તની સ્થિરતા વિદાય લે છે, અને જ્યાં ચિત્તનો ક્ષોભ થયો ત્યાં સાધક સાધનાભ્રષ્ટ બની જાય છે. ફળની આશા ધૂળમાં મળી જાય છે. પછી દોષ કાઢે છે સાધનાનો, સાધનાને બતાવનારનો !

એક બાજુ રત્નશ્રવા ધ્યાનમગ્ન છે.

બીજી બાજુ એક નવયૌવના ખૂબ સુરત સ્ત્રી તેની સમક્ષ પ્રગટ થઇ. રત્નશ્રવાના ધ્યાનતરબોળ દેહનું સૌન્દર્યપાન કરતી તે સ્ત્રી ક્ષણવાર થંભી ગઇ, કંઇક મનોમન વિચાર કરી લઇ તેણે રત્નશ્રવાને સંબોધીને કહ્યું: 'હે પરાક્રમી ! માનવસુંદરી નામની હું મહાવિદ્યા છું. તારી સાધનાથી હું તારા પર પ્રસન્ન થઇ છું. નયનો ખોલ.'

સુંદરીનાં આ વચન સાંભળી રત્નશ્રવાએ જાણ્યું કે 'મને વિદ્યાસિદ્ધિ થઇ ગઇ !' ભ્રમણામાં અટવાયો! તેણે તો જપમાળાને બાજુએ મૂકી અને આંખો ખોલી માનવ–સુંદરીને જોઇ.

રત્નશ્રવાને પોતાની સાધના ભ્રષ્ટતા સમજાણી.

તે આકુળ વ્યાકુળ થઈ ગયો. માનવ-સુંદરીને પૂછે છે.

'તું શા માટે આવી છે? કોની પુત્રી છે? તારૂં નામ શું?

વિદ્યાધર કુમારીએ રત્નશ્રવાની સામે એક સ્વચ્છ ભૂમિભાગ પર બેઠક લીધી અને કુમારના પ્રશ્નોના ઉત્તરો આપવા શરૂ કર્યાં.

'હે પ્રિય કુમાર! પૃથ્વીતલ પર પ્રસિદ્ધ વૈતાઢય પર્વત પર કૌતુકમંગલ નામનું રમણીય નગર છે.

તે નગરીમાં વ્યોમાબંદુ રાજા છે. પ્રસિદ્ધ અને પરાક્રમી.

તે રાજાને બે પુત્રીઓ છે. એકનું નામ કૌશિકા અને બીજીનું નામ કૈકસી.

કૌશિકાનું લગ્ન યક્ષપુરના રાજા વિશ્રવાની સાથે થયું; તેને વૈશ્રવણ નામનો પુત્ર છે અને તે હાલ લંકામાં રાજ્ય કરે છે.

કૈકસી તે હું.

એક દિવસ મારા પિતાએ એક ધીમંત જોષીને પૂછ્યું.

'મારી આ પુત્રીનો વર કોણ થશે?'

'રાજન્! હાલ પાતાલલંકામાં રહેલા સુમાલીના પુત્ર રત્નશ્રવા તમારી પુત્રીના ભાવિ ભર્તા થશે.'

'હાલ તે કુમાર પાતાલલંકામાં જ છે!

'હાજી! હાલ તે કુમાર વિદ્યાસિદ્ધિ માટે 'કુસુમોદ્યાન' નામની વાટિકામાં ધ્યાનમગ્ન છે.'

હે પ્રિય! આ સાંભળીને મારા પિતા ખૂબ પ્રસન્ન થઈ ગયા.

પિતાએ મને આ વાત કહી અને મને અહીં મોકલી.'

રત્નશ્રવાના અંગે અંગમાં રોમાંચ પ્રગટયો. કૈકસી પણ વિકાર વિવશ બની ગઈ.

ત્યાં જ રત્નશ્રવાએ પોતાના સ્નેહીવર્ગને બોલાવી લીધો. કૈકસી સાથે વિવાહ કરી લીધો.

એ જ સ્થળે રત્નશ્રવાએ 'પુષ્પાંતક' નગર વસાવ્યું.

કૈકસીની સાથે મનગમતા ભોગો ભોગવતો રત્નશ્રવા સુખમાં દિવસો નિર્ગમન કરી રહ્યો હતો.

કૈકસી નયનરમ્ય શયનગૃહમાં નિદ્રાવશ થઈ હતી. મણિમઢેલા દીવાઓથી રત્નમય ભૂમિ ચકચકિત થઈ રહી હતી.

રંગબેરંગી સુશોભિત પંખાઓથી પરિચારિકાઓ મહારાણી પર વાયુ ઢાળી રહી હતી.

પશ્ચિમદિશાનો વાયુ શયનખંડમાંથી સુગંધી બનીને પસાર થતો હતો.

ચોથો પ્રહર શરૂ થયો. કૈકસી સ્વપ્નપ્રદેશમાં વિચરવા લાગી.

'મદોન્મત્ત હસ્તીના ગંડસ્થળને ચીરી નાંખતો એક પ્રચંડ સિંહ પોતાના મુખમાં પેસી રહ્યો છે!'

સ્વપ્ન જોઈ કૈકસી જાગી ઉઠી. ભવ્ય સ્વપ્ન જોઈને આખા શરીરે હર્ષનો રોમાંચ અનુભવી રહી ચિત્તમાં શુભ ધ્યાન ધરતી પ્રભાતવેળાની રાહ જોતી રહી.

રાત્રી પૂર્ણ થઈ.

પોતાના વસ્ત્રોને ઠીકઠાક કરી કૈકસી રત્નશ્રવાના શયનગૃહમાં આવી પહોંચી.

મહારાણીને આવેલી જોઈ રત્નશ્રવાએ બેસવા માટે ભદ્રાસન આપ્યું.

'મહારાજ! આજે ચોથા પ્રહરમાં એક ભવ્ય સ્વપ્ન મેં દીઠું..' ભદ્રાસન પર બેસતાં કૈકસી બોલી.

'હા! કહો તો, શું જોયું?

'મદોન્મત્ત હાથીના મદ ઝરતા ગંડસ્થળને પોતાના વિકરાળ પંઝાથી ચીરી નાંખતો વનરાજ મારા મુખમાં પ્રવેશ્યો!'

'બહુ સરસ! મહાદેવી, તમે એક મહાન પરાક્રમી પુત્રનો જન્મ આપશો, તેમ તમારા સ્વપ્ન પરથી ફલિત થાય છે.'

'આપનું વચન યથાર્થ બનો.' કૈકસી રત્નશ્રવાને પ્રણામ કરી ત્યાંથી નીકળીને પોતાના નિત્યક્રમમાં લાગી ગઈ.

જિનચૈત્યોમાં મહોત્સવ રચાયા. ગરીબોને દાન અપાયાં.

કૈકસીએ ગર્ભને ધારણ કર્યો અને કાળજીપૂર્વક તેનું પાલન કરવા માંડી.

ગર્ભના પ્રભાવો કૈકસીની જીવનચર્યા પર દેખાવા માંડ્યા.

કૈકસીની વાણીમાંથી નરી નિષ્ઠુરતા નીતરવા માંડી. દાસ–દાસીઓ કૈકસીથી ધ્રૂજવા લાગ્યાં. એની પડી આજ્ઞા ઉઠાવી લેવા ખડેપગે તૈયાર રહેવા લાગ્યાં. જો જરા ભૂલ થઇ તો તેનું આવી જ બન્યું !

જેમજેમ ગર્ભ વધવા માંડ્યો તેમતેમ કૈકસીનાં અંગોપાંગ પણ વિકસવા માંડયાં. દેહનું સૌન્દર્ય અને દેહની દૃઢતા પણ વધતી ચાલી.

દર્પણ હોવા છતાં કૈકસી દર્પણમાં મુખ જોતી નથી. એ તો ચકમકતી તલવાર હાથમાં લે છે. મુખને મગરૂબ બનાવે છે અને તલવારમાં પોતાનું મુખડું જોઇજોઇ પ્રસન્ન થાય છે.

એને ભૂમિ પર બેસવું તો ગમે જ નહિ !

મોટા મહારાજાની જેમ સોનાના સિંહાસન પર બેસે છે ! મનમાની આજ્ઞાઓ ફરમાવે છે !

કંઇ કારણ ન હોય તો ય સેવકોને, સ્નેહીઓને તતડાવે છે !

કંઇ હેતુ ન હોય તો ય હુંકારા ને તુંકારા કરે છે.

ગુરુજનોના ચરણે નમવાની પણ વાત નહિ ! ટટાર ને ટટાર થઇને ચાલે છે ! ટટાર ને ટટાર બેસે છે!

હાથમાં કટારી લઇ પગ પછાડતી રાજમહાલયમાં ચાલે છે. શત્રુઓનાં મસ્તકોને પગ નીચે ચગદી નાંખવા તલપાપડ બને છે. શત્રુઓનાં લોહીની નદીમાં સ્નાન કરવા કોડ કરે છે.

મહિનાઓ વીત્યા.

કાળ પરિપક્વ થયો.

કૈકસીએ પુત્રનો જન્મ આપ્યો.

જન્મતાં જ પુત્રે પરાક્રમને બતાવ્યું.

બાજુમાં એક કરંડીયો પડયો હતો. તેમાં નવ માણેકનો એક મૂલ્યવંતો હાર પડયો હતો.

કૈકસીના બાલુડાએ તો સીધો જ તે હાર ઉપાડ્યો. હાથમાં રમાડવા માંડ્યો. અને પોતાના ગળામાં પહેરી લીધો.

કૈકસી તો પુત્રનું આ પરાક્રમ જોઇને તાજ્જુબ બની ગઇ.

રત્નશ્રવાને પુત્રજન્મની વધામણી તો મળી જ ગઇ હતી. તુરત જ તે પુત્રના મુખને જોવા માટે કૈકસીના શયનગૃહની બહાર આવીને ઉભો હતો.

કૈકસીએ રત્નશ્રવાને અંદર બોલાવ્યો અને પુત્રના પરાક્રમની વાત કરી.

'પ્રાણનાથ ! આપના પૂર્વજ મેઘવાહનરાજાને રાક્ષસેન્દ્રે જે હાર આપેલો અને જે હાર આજદિન સુધી દેવોથી અધિષ્ઠિત પૂર્વજોદ્વારા પૂજાતો રહ્યો છે. નવમાણેકનો આ હાર કોઇનાથી ઉપાડી શકાય એવો નથી. એ મહા પ્રભાવિક હારને તમારા આ પુત્રે ઉઠાવીને સીધો ગળામાં નાખ્યો !'

રત્નશ્રવાએ સૂર્યના તેજને પણ ઝાંખુ પાડી દેતા પુત્રના મુખને જોયું ! તેના ગળામાં ઓપતા નવ–માણેકના હારમાં પ્રતિબિંબ થયેલા તેના બીજા નવ મુખ જોયાં !

ક્ષણભર વિચાર કરી લઇ તેણે કૈકસીને કહ્યું.

'દેવી ! પુત્રનાં દસ મુખડાનું દર્શન કરી મને વિચાર આવ્યો કે આપણે પુત્રનું નામ 'દશમુખ' પાડીએ.' કૈકસીએ અનુમતિ આપી અ પુત્રનું નામ 'દશમુખ પાડવામાં આવ્યું.

હકિકત કેટલી બધી સુસંગત છે ! ગળામાં રહેલા નવમાણેકમાં બાળકના મુખનાં નવ પ્રતિબિંબ પડે તે સહજ છે. અને તેથી રાવણ દશમુખ કહેવાયો. પરંતુ અજ્ઞાનતામાં જગતે રાવણનાં દશમુખ.. વીસ હાથ. ચીતર્યાં ! કેટલી બધી વિકૃતિ ? રાવણ પણ મનુષ્ય જ હતો; વિદ્યાધર મનુષ્ય હતો.

નામ પાડીને રત્નશ્રવાએ ભૂતકાળને ઢંઢોળ્યો, કૈકસીને કહ્યું;

'પ્રિયે ! મારા પિતા સુમાલી એક દિ' સુવર્ણાચલ પર ગયા હતા. ત્યાં એક મહામુનિ સાથે તેમને પરિચય થયો. મહામુનિ મન:પર્યવજ્ઞાનને ધારણ કરનારા હતા. પિતાજીએ મહામુનિને પ્રણામ કરીને વિનયપૂર્વક પૂછ્યું હતું કે, 'આ દિવ્યહારને કોણ ઉપાડશે ? ત્યારે તે મહામુનિએ કહેલું કે, 'આ હારને ઉપાડનાર ભારતવર્ષનો સમ્રાટ રાજા બનશે. અર્ધ ચક્રવર્તી બનશે.'

ભૂતકાળમાં થયેલી ભવિષ્યવાણીને રત્નશ્રવાએ સત્ય પડેલી જાણી તેના હૈયામાં પરમ આનંદ ઉલસ્યો. કૈકસીને પણ પોતાના પુત્રનું મહાન ઉજ્જવલ ભાવિ આંખ સામે તરવરવા લાગ્યું અને પોતે એક રત્નકુક્ષી માતા બની છે. તેનો અપૂર્વ હર્ષ અનુભવવા લાગી.

દશમુખ રાવણના જન્મ પછી તો કૈકસીએ ક્રમશ બે પુત્રોનો જન્મ આપ્યો. એક કુંભકર્ણ અને બીજો બિભીષણ. (ક્રમશઃ)


## શત્રુંજય પટદર્શન

**આ** ભવ તરવા નિત્યદર્શન માટે પતિત પાવન શત્રુંજય મહાતીર્થના પટ દરેક જૈન સંઘે અવશ્ય વસાવવા જોઈએ એવો જૈનશાસ્ત્રો અને આચાર્યદેવોનો આદેશ છે, માટે આપ પણ વસાવી સંપત્તિનો સદ્વ્યય કરો.


શત્રુંજયપટના સ્પેશ્યાલીસ્ટ ગુર્જર સ્ટુડીયો જ છે. તેનો ૬૦ વરસનો એકધારો અનુભવ છે. જેનું પટનું સ્પેશ્યલ કાપડ છે. તે કાપડ વોટરપ્રુફ છતાં કુમાશદાર છે. તેને પાણી લાગતું નથી, એ એની વિશેષતા છે. નકલી કાપડથી ચેતજો.

જેમાં વિધિવિધાનસરની સુવર્ણ રત્ન જડિત પ્રતિમાઓ છે. દરેક ટુંકો મંદિરો, રસ્તા વિસામા ચોક્કસ રીતે ગોઠવેલા છે.

લખો-ગુર્જર સ્ટુડીયો—પાલીતાણા

તા. ક. ગુરુભક્તિ નિમિત્તે ખરજવાનો મલમ વિના મૂલ્યે મંગાવો. પો. ખ. ૨૦ નયા પૈસાની ટીકીટ બીડો.






૧ દરેકને પોસાય તેવી ઇન્દુ સ્ટાયલો પેન
૨ કાયમ ચકચકીત રહેતી ક્લીપ
૩ ગેરંટીડ લીક પ્રૂફ
૪ દેખાવમાં સુંદર, ટકાઉ અને મજબુત
૫ દરેક ઠેકાણે મળે છે.

★

તમો તમારા વેપારી પાસે આ પેન ખરીદવાનો આગ્રહ રાખો.

મેન્યુઃ—

ધી નેશનલ પેન વર્કસ
મુંબઈ—૪.

# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

**શ્રી કિરણ**

જગતમાં મહાનગુણ કોઇ પણ હોય તો કૃતજ્ઞતા ગુણ છે. કૃતજ્ઞતા સર્વગુણોને પામવા માટેનું દ્વાર છે. એ ગુણનો આજે જેઓ નિશ્ચયના નામે અપલાપ કરી રહ્યા છે. કોઇ દ્રવ્ય કોઇનું કાંઇ કરતું નથી, તેમ બોલનારા-પ્રચારનારા પોતે બીજા પર ઉપકાર કરવાની વાતો કરી રહ્યા છે, એ કેવો વદતો વ્યાઘાત છે, અહિં કૃતજ્ઞતાગુણની મહત્તા લેખક સમજાવે છે.

⊙

## સાધનનો પાયો

કૃતજ્ઞતા ગુણ ( Sense of Gratitude ) અને પરોપકાર ગુણ ( Sense of Sacrifice ) વડે સદ્‌વ્યવહારનો પાયો બન્યો છે.

કોઈપણ પ્રકારની આધ્યાત્મિક સાધના કૃતજ્ઞતા અને પરોપકાર વિના સફળ નહિ થાય.

એકાંત નિશ્ચયવાદીઓમાં કૃતજ્ઞતા ગુણ સર્વથા નાશ પામે છે; કારણ કે તેમના મનમાં, તેમની શ્રદ્ધામાં પરદ્રવ્યના કર્તૃત્વપણાનો સર્વથા નિષેધ છે.

જો આપણે સાધના માર્ગમાં પગલાં પાડવા હોય તો પ્રત્યેક ઉપકારીના નાના સરખા ઉપકારનું પણ મૂલ્યાંકન કરવું પડશે. 'કોઈ કોઇને કંઇ ઉપકાર કરી શકે નહિ' આ વિચાર સાધક માટે ઝેર તુલ્ય છે.

જેમ લશ્કરી શિસ્ત (Military Discipline) માં સૈનિકનું કર્ત્તવ્ય માત્ર આજ્ઞાપાલનનું છે, તેમ આધ્યાત્મિક શિસ્ત Spiritual Disciplineમાં સાધકનું કર્ત્તવ્ય પણ આજ્ઞાપાલનનું છે. ઉપકારીના કોઇપણ ઉપકારને સ્હેજ પણ ગોપવવો નહિ. એકાંત નિશ્ચયનયનું તત્ત્વજ્ઞાન તેને ઉપયોગી નહિ બને, પારવાર હાનિકારક બનશે.

તીવ્ર સંકલેશવાળા જીવોને મંદ સંકલેશવાળા કરવાનો ઉપાય નિશ્ચયનયનું તત્ત્વજ્ઞાન નથી. આપણે તીવ્ર સંકલેશવાળા કુભાવોથી ભરેલા છીએ. 'કોઇ કોઈને ઉપકાર કરી શકે નહિ' એ વિચાર આપણા જડ થતા જતાં હૈયાને પત્થર જેવું કઠોર બનાવે છે. આપણા મજ્જાતંતુઓને વિકૃત બનાવે છે, તાત્ત્વિક નમસ્કાર ભાવ આવતો નથી, અહંકાર ભાવ વધે છે.

આપણા દુર્ભાવોને ઘટાડવા માટેનો સાચો ઉપાય તો સદ્‌વ્યવહારનું પાલન અને તે માટે જરૂરી તેનું તત્ત્વજ્ઞાન છે. એકાંત નિશ્ચયનયનો કાચો પારો આપણું આધ્યાત્મિક મૃત્યુ નીપજાવશે.

## હરડેની ફાકી કે હીરાની ભસ્મ

વૈદના દવાખાનામાં અનેક પ્રકારની દવાઓ હોય છે. હરડેની ફાકી હોય અને હીરાની ભસ્મ હોય છે, ડોકટરની ડીસ્પેનસરીમાં દવાઓના કેટલાય બાટલા પડયા હોય છે. કોઇક દવા પીવાની હોય અને કોઈક દવા ચોપડવાની હોય. જુલાબની જરૂર હોય ત્યાં હીરાની ભસ્મ ન લેવાય. જેવો રોગ તેવી દવા. વ્યવહાર જીવનમાં આ સત્યનું પાલન આપણે બરાબર કરીએ છીએ, આપણે જાણીએ છીએ કે ચોપડવાની દવા પીવાથી મૃત્યુ થાય. પીવાની દવા ચોપડવાથી રોગ ન મટે.

આધ્યાત્મિક જીવનમાં પણ જેવો રોગ તેવી દવા. નિશ્ચય નયનો સિદ્ધાંત ઉંચો છે એવી ભ્રમણામાં પડીને 'કોઈ કોઈને ઉપકાર કરે નહિ.' એવા કૃતઘ્ન જો આપણે બનીશું તો ભારે હાનિ થશે.

કૃતજ્ઞતા ગુણ અને પરોપકાર ગુણ સદ્વ્યવહારનો પાયો છે, તેનાથી ગુરુ–શિષ્યભાવ, પિતા–પુત્રભાવ, સ્વામી–સેવકભાવ, વગેરે સર્વ વ્યવહારો સચવાય છે અને તેથી જ લૌકિક લોકોત્તર માર્ગનું ધારણ–પોષણ થાય છે.

શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે સર્વ સમર્પણભાવ પ્રગટાવવા માટે નમસ્કારભાવ પ્રથમ પગલું છે. અને નમસ્કારભાવ પ્રગટાવવા માટે કૃતજ્ઞતાભાવ પ્રથમ પગલું છે.

અહંકાર ભાવનો નાશ કરનાર નમસ્કારભાવ છે અને નમસ્કારભાવનું બીજ કૃતજ્ઞભાવ છે.

મને જે કંઈ પ્રાપ્ત થયું છે, થાય છે, કણ જેટલું પણ–તે માટેની મારી કૃતજ્ઞતા અને કર્તવ્યરૂપે સર્વનું સર્વ હિત કરવાનો ભાવ, મને વિશેષ પ્રાપ્તિનો અધિકારી બનાવશે.

કૃતજ્ઞતા અને પરાર્થતા બન્ને ગુણો એક બીજાના પૂરક છે.

## ઋણમુકિત એજ સંસારમુકિત

શું આપણે આપણા ઉપર થયેલા, થઈ રહેલા ઉપકારો માટે સતત જાગૃત છીએ? અનંતા જીવોએ આપણા ઉપર અનંતા ઉપકારો કર્યા છે. આ સંવેદના આપણે અનુભવીએ છીએ?

માતાપિતાનો ઉપકાર આપણને સ્પર્શ્યો છે? જો માતાપિતાનો ઉપકાર નહિ સ્પર્શે તો ઉપકારી ગુરૂ ભગવંતોનો ઉપકાર કઇ રીતે સ્પર્શશે?

રસ્તે જતા માર્ગ બતાવનારનો ઉપકાર સ્પર્શે છે, છાયો આપનાર વૃક્ષનો ઉપકાર સ્પર્શે છે? તરસ છીપાવનાર જળનો ઉપકાર સ્પર્શે છે? ન ગણી શકાય એટલા ઉપકારો પ્રતિ પળે સર્વ તત્વો આપણને કરી રહ્યા છે.

આપણે એટલા નિષ્કૃષ્ટ થઈ ગયા છીએ કે સર્વનો ઉપકાર આપણે લેવો છે. સામો ઉપકાર તો ભલે ન કરીએ પણ થયેલા ઉપકારને પણ સ્વીકારવો નથી.

આ કૃતઘ્નતા માનવભવની જબ્બર નામોશી છે, કાળું કલંક છે. ભવભ્રમણનું બીજ છે.

ઉપકારીના સહેજ પણ ઉપકારને કયારે ય ગોપવવો નહિ, વિસરવો નહિ. સત્પુરુષો ઉપકારીનો ઉપકાર કદી પણ ભૂલતા નથી તેનો યથાશકય બદલો વાળવાની સતત ચિંતા ધરાવે છે.

વાસ્તવિક રીતે ઋણમુકિત એ જ સંસાર–મુક્તિ એટલે મોક્ષ છે.

આપણા પર સર્વશ્રેષ્ઠ ઉપકાર શ્રી તીર્થંકર દેવોનો છે. પરમસુખનો મહામાર્ગ તેમણે દર્શાવ્યો છે.

વ્યવહારિક સંબંધોના સ્થૂલ ઉપકાર કરતાં આધ્યાત્મિક સંબંધોના સૂક્ષ્મ ઉપકારનું મહત્વ અનંતું છે, તેથી શાસ્ત્રનું, ધર્મનું, સદ્ગુરૂઓનું તથા શ્રી જિનેશ્વર ભગવંતોનું વારંવાર બહુમાન કરવાનું કહ્યું છે.

આધ્યાત્મ માર્ગના સાધકના શ્વાસોશ્વાસમાં કૃતજ્ઞતા અને પરાર્થતા ગુણ વણાઇ જવા જોઇએ.

માનવતાના પાયા તુલ્ય આ બંને ગુણો વિના દિવ્યતાનું શિખર કઇ રીતે ચણાશે!

(૨)

## યોગ પ્રદીપ

आजन्मोपार्जितं सर्वं, मक्षयन् काय संस्थितः ।
केनापि दृश्यते नैव, स्वात्मायं पश्यतोहरः ॥

શરીરમાં રહેલું ચોર જેવું આપણું મન આ જન્મમાં ઉપાર્જિત કરેલ સર્વ પુણ્ય હરી લે છે, આવું આપણું પોતાનું જ મન (આત્મા) સર્વથી જોઈ શકાય એવું હોવા છતાં કોઈથી પણ જોઈ શકાતું નથી.

અત્યાર સુધી આપણે જે કંઈ ઉપાર્જન

કર્યું છે તે સર્વ લુંટાઈ જાય છે, આત્માનું અમૂલ્ય ધન હરી જનારા ચોર પ્રત્યે આપણે દુર્લક્ષ્ય કરીએ છીએ.

लोकैर्विलोक्यते चौरो, गते स्वल्पेऽपि वस्तुनि ।
सर्वस्वहरमात्मानं, मनः पश्यंति नो जडाः ॥

અતિ અલ્પ નજીવી વસ્તુ પણ જ્યારે કોઈક વખત ચોરાઈ જાય છે ત્યારે લોકો એ ચોરની ખૂબ ચીવટપૂર્વક તપાસ કરે છે, પરંતુ આ જડ આ અજ્ઞાની લોકો આત્માનું સર્વસ્વ હરી જતા એવા ચોરરૂપી મનને જોતા નથી, શોધવાની તસ્દી પણ લેતા નથી.

જો સ્વલ્પ વસ્તુ ચોરાય તો લોકો ચોરને શોધવાના પ્રયત્નો કરે અને આત્માનું સર્વસ્વ હરાઇ જાય તે પ્રત્યે ઉપેક્ષા કરે. ક્રોધ, માન, માયા, લોભ, દ્વેષ રૂપી ચોરો આત્માનું જ્ઞાનધન હરી જાય છે તે પ્રત્યે કોઈ જોતું પણ નથી.

(૩)

## ઈંજકશનોનો બોધ

મારા એક ડોકટર મિત્ર છે તેમને મળવા હું કયારેક તેમના દવાખાને જતો. એકવાર સાંજના સમયે હું તેમને ત્યાં બેઠો હતો. અમે વાતો કરતા હતા એટલામાં એક ગામડીઓ દરદી આવ્યો.

ડોકટર તેનાથી પરિચિત હતા. ડોકટરે પૂછયું 'કેમ તમારૂં દરદ ઓછું થયું કે નહિ ?'

'અરે સાહેબ, દરદ તો બહુ વધી ગયું છે. મને મુદ્દલ ચેન પડતું નથી.' દરદીએ કહ્યું.

ડોકટરે નાડી હાથમાં લીધી. ભૂંગળીથી શરીર તપાસ્યું. ડોકટર બોલ્યા 'તમે પેલા ઈંજકશન મેં લખી આપ્યાં હતાં તે લીધાં હતા ?'

'હા, સાહેબ !' દરદીએ કહ્યું.

એ ઈંજકશનોની અસર થવી જ જોઇએ. મને આશ્ચર્ય થાય છે કે તેની મુદ્દલ અસર કેમ ન થઇ !' ડોકટરના સ્વરમાં વેદના હતી.

દરદી બોલ્યો 'આપે લખી આપ્યા તે જ દિવસે દવાવાળાની દુકાને જઈ હું લઈ આવ્યો અને રોજ મારી સાથે જ રાખું છું. આ રહ્યા.' એમ કહીને દરદીએ કપડાના વીંટામાંથી ઈંજકશનોના બોક્સ ટેબલ પર મૂકયા.

ડોકટર તેની સામે જોઇ રહ્યા. પછી તેમણે મારી સામે જોયું અને હું એ ઈંજકશનો સામે જોઈ રહ્યો હતો.

ભાઈ, ઈંજકશનો લેવાના એટલે ખરીદીને સાથે રાખવાના એમ નહિ, તમે ઉતર્યા છો ત્યાં નજીકમાં કોઇ ડોકટર પાસે શરીરમાં ઈન્જેકટ કરવાના !

દવાખાનામાં ભીડ થતી હતી એટલે હું ઉઠયો.

શું અમે પણ આ બિમાર ગામડિઆ જેવા નથી ?

સર્વ ભાવ રોગોથી મુકત થવાનો માર્ગ શાસ્ત્રકારોએ દર્શાવ્યો છે, ઉપકારી ગુરૂઓએ સમજાવ્યો છે.

અમે પણ સદ્‌બોધનાં ઈંજકશનો બુદ્ધિના ખીસામાં રાખીએ છીએ અને દુર્ભાવોનો રોગ વધી રહ્યો છે એવી ફરીઆદ કરીએ છીએ. ગુરૂ ભગવંતો રૂપી ભાવ વૈદ્યો આશ્ચર્ય પામે છે કે આટ આટલા ઈંજકશનો લેવાય છે તો પણ રોગ ઓછો કેમ થતો નથી !

ખીસામાં ઈંજકશનો લઇને આખી જીંદગી ભમ્યા કરીશું તો પણ કંઈ નહિ વળે !

દવા લેવી પડશે. લેવી એટલે સાથે રાખવી એમ નહિ અંદર ઉતારવી પડશે.

સદ્‌બોધને હૈયામાં ઉતારવો પડશે. મનમાં ઉતારવો પડશે.

ઈંજકશનોના આ પ્રસંગથી જ્ઞાનને મનમાં ઉતારવાથી પ્રક્રિયા સબંધી સૂક્ષ્મ વિચારો પ્રાપ્ત થયા.

# વિનાશનાં તાંડવ: [ માનસિક હિંસાના દારુણ વિપાકને દર્શાવતી ચાલુ કથા ]

પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

**પૂર્વ પ્રકરણનો સાર:** મારિદત્તરાજાને ઉદ્દેશીને મુનિરાજશ્રી અભયરૂચિ અણગાર હિંસાના દારૂણ વિપાકને દર્શાવવાપૂર્વક પોતાના પૂર્વભવો જણાવે છે. જેમાં સુરેંદ્રદત્તરાજાના ભવમાં લોટના કુકડાની હિંસા કરવાના પરિણામે કેટ-કેટલા ભવો કરવા પડે છે. પ્રથમ ભવમાં કામાંધરાણી નયનાવલી રાજાને ઝેર આપી ગળું દબાવી મારી નાંખે છે, માતા યશોધરા પુત્રનાં મૃત્યુથી મરણ પામે છે. બીજા ભવમાં રાજાનો જીવ મોર થાય છે, ને તેની માતાનો જીવ કૂતરો થાય છે, તેમનો પુત્ર ગુણધરરાજા મોર તથા કૂતરાને રાજકુલમાં રાખે છે, ને મોરને નયનાવલીરાણી પ્રહાર કરાવે છે. કુતરો મોરને મારે છે. રાજા કૂતરાને મારે છે. ત્યાંથી તે બન્ને નોલીયા અને સર્પ થયા. ત્યાંથી મરી નોળીયાનો જીવ રાજા રોહિતમત્સ્ય થયો, અને માતા યશોધરાનો શિશુમારમત્સ્ય થયો, શિશુમારને પકડી, મારીને નયનાવલીરાણીની દાસીઓએ તેના માંસની ઉજાણી કરી. રોહિતમત્સ્યને પકડી રાજાના માણસો ગુણધરરાજા પાસે ધરે છે, રાજા તેને પોતાના દાદીના શ્રાધ્ધ માટે પકાવે છે, રાજાનો જીવ રોહિતમત્સ્ય આ સાંભળી-સમજી જાતિ સ્મરણ જ્ઞાનથી પોતાનું પૂર્વવૃત્તાંત જાણી આઘાત પામે છે અત્યંત વેદનામાં રીબાતો તે મરણ પામે છે. ત્યારબાદ મારિદત્તરાજાને અભયરૂચિમહર્ષિ પોતાના પૂર્વભવો જે રીતે કહે છે, તે માટે **હવે આગળ વાંચો:**

❀

## પ્રકરણ ૪ થું
## પાંચમો-છઠ્ઠો ભવ

મારી માતા શિશુમારના ભવમાંથી મરણ પામી વિશાલા નગરીમાં એક ચાંડાલના વાડામાં બકરી તરીકે ઉત્પન્ન થઇ હતી, તેના પેટમાં હું ઉત્પન્ન થયો. યોગ્ય સમયે મારો જન્મ થયો. મોટો થયો. તિર્યંચ જાતિમાં વિવેક હોતા નથી. એટલે કે આ મારી માતા છે કે આ મારી બેન છે એ જ્ઞાન રહે નહિ. એકવાર હું મારી માતા બકરીની સાથે સંભોગ કરતો હતો ત્યાં અમારા યુથપતિએ મને જોયો. કષાયમાં આવી મારા મર્મ પ્રદેશમાં તેણે એવો માર માર્યો કે હું ત્યાંને ત્યાંજ મરણ પામી બકરીના પેટમાં મારા જ વીર્યમાં પાછો ઉત્પન્ન થયો. આ મારો છઠ્ઠો ભવ થયો.

કર્મની લીલા અગમ્ય છે. ધાર્યું કાંઇ બનતું નથી. સર્વત્ર સર્વકાલે કર્મરાજાના નચાવ્યા મુજબ જીવો સંસારના રંગમંડપ ઉપર વિવિધ પ્રકારના નાચ કરે છે.

મારો પ્રસવ નજીક આવ્યો હતો તેવામાં મારી માતા બકરી શરીરની જડતાથી ધીમેધીમે ચરી રહી હતી, ત્યાં શિકારમાં કંઈ ફાવટ નહિ આવવાથી પાછા ફરતા ગુણધર રાજાએ બકરીને જોઈ, એટલે રાજાએ ધનુષ્ય ઉપર બાણ ચઢાવી બકરી ઉપર નિશાન તાકી છોડયું. બાણનો પ્રહાર થતાં ગોથડીયા ખાતી બકરી ભૂમી ઉપર પછડાઈ પડી. રાજા ખુશ થતો બકરી પાસે આવ્યો. ગર્ભવાળી અને તરફડતી બકરીને જોતાં રાજાએ સેવકો મારફત તેનું પેટ ચીરાવી મને બહાર કાઢયો અને ભરવાડને સોંપ્યો. જુદી જુદી બકરીના સ્તનપાન કરતો હું મોટો થવા લાગ્યો અને ક્રમે કરી યૌવન વયવાળો થયો.

શિકાર સારો થાય એ માટે એકવાર ગુણધર રાજાએ કુલદેવતાની પૂજા કરી તેમાં ભોજનને માટે પંદર હૃષ્ટ પુષ્ટ પાઠાનો વધ કરાવી બ્રાહ્મણોને ભોજનમાં આપવા તેમના કંઠનું માંસ સારી રીતે પકાવરાવ્યું પછી 'पवित्र मुखो मेषोभवति'

એ વેદ વાક્યથી કાગડા-કૂતરાથી એઠું થયેલ પકાવેલા માંસની શુદ્ધિને માટે રસોઇઓ મને રસોડામાં લઈ આવ્યો. મેં તે માંસ સુંઘ્યું તે પછી બ્રાહ્મણોએ ભોજન કર્યું. ચોકખા થયા અને ત્રણ લાઇનમાં બ્રાહ્મણો ઉભા રહ્યા તે વખતે સુંદર પોષાકમાં સજ્જ થયેલી મારી રાણીઓને લઈને ગુણધર રાજા ત્યાં આવ્યો. તે બધાને જોતાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું. બધો વૃત્તાંત મારા સમજવામાં આવી ગયો.

ગુણધર રાજા પહેલી પંક્તિમાં ઊભેલા બ્રાહ્મણોને નમસ્કાર કરી બોલ્યા કે 'આ પંક્તિ મારા પિતાને નમસ્કાર કરો, બીજી પંક્તિ મારા દાદાને નમસ્કાર કરો, ત્રીજી પંક્તિ કુલદેવતાને નમસ્કાર કરો.'

મેં વિચાર્યું કે, મારો પુત્ર મારા માટે દાન કરે છે, જ્યારે હું તો અહિંયા દુઃખી અવસ્થામાં ઉભો છું. મને તો તેમનું કાંઇપણ મળતું નથી. થોડી વાર પછી ગુણધર રાજા, મારી માતા, અંતઃપુર વગેરે ભોજન કરવા બેઠાં ત્યાં બધાને જોતા આ મારો મહેલ, આ મારા દાસદાસીઓ વગેરે વિચારતાં હું હર્ષથી ફુલાયો પણ તે બધામાં મારી નયનાવલીને નહિ જોતાં હું વિચારમાં પડયો કે તે કયાં હશે ? શું માંદી હશે કે મરી ગઇ હશે, તેને તો આવા સમારંભમાં ખૂબ આનંદ આવતો હતો.

એટલામાં બે દાસીઓ પરસ્પર વાત કરતી મારા સાંભળવામાં આવી. 'સુંદરી ! અહિંયા આટલી બધી દુર્ગંધ શાની આવે છે ? શું પાડા મારી નાંખ્યા તેની ગંધ હશે ? પ્રિય મંજુષિકા આ પાડાની ગંધ નથી પણ આ નયનાવલી દેવીએ જીભની લાલસાથી રોહિત મચ્છના પુંછડાનું પેટ વગેરેનું માંસ ખૂબ ખાધું હતું તેથી તેનું અજીર્ણ થતાં દુષ્ટ કોઢ રોગ ઉત્પન્ન થયો છે, તેની આ ખરાબ વાસ આવે છે.'

'અરે સુંદરી ! તું ભૂલે છે આ મચ્છના આહાર માત્રથી આ રોગ થયો નથી પણ નિર્દોષ રાજાને ઝેર આપી મારી નાખ્યાં, તે પાપ ઉદયમાં આવેલું છે.

આપણે જલ્દી અહીંથી દૂર જતાં રહીએ. જો એની નજરમાં આવીશું તો વળી કાંઇ કામ બતાવશે આમ કહી બન્ને સખીઓ દૂર જતી રહી.'

આ સાંભળી મેં ચારે બાજુ બારીકાઇથી જોવા માંડયું તો એક બાજુના ખૂણામાં નયનાવલીને જોઈ તો તેના મુખ ઉપર હજારો માંખીઓ બણબણતી હતી કયાં મારી નયનાવલીનું પહેલાનું રૂપ, જે જોઇને મુનિયોનું ચિત્ત પણ વિહ્વળ બની જાય અને કયાં આજનું રૂપ જે કામીને પણ ઉદાસીનતા ઉપજાવે. જાણે તેનો બીજો જ જન્મ ન થયો હોય એવું લાગ્યું; તેણીનું આવું રૂપ જોઈ હું વધુ દુઃખી થતો ઉભો હતો.

એટલામાં રાજાએ રસોઇઆને કહ્યું કે, અરે! આ પાડાનું માંસ મને રૂચતું નથી માટે કોઇ બીજા નાના પ્રાણીનું માંસ લાવ. 'આ સાંભળતાં રસોઈઓ એકદમ મોટો છરો લઇ મારી પાસે આવી મારૂ જમણું પડખું કાપીને લઈ ગયો અને સંસ્કાર કરી પકાવીને રાજાને પીરસ્યું.

આ બાજુ ગુણધર રાજાએ મારી માતા બકરીને મારી નાખી હતી તે ત્યાં મરીને પાડા તરીકે ઉત્પન્ન થઈ હતી. પુષ્કળ ભાર ઉપાડવો પડતો હતો. એકવાર તે તેજ નગરીમાં આવ્યો. ભાર ઉતારીને પાણી પીવા માટે ક્ષિપ્રાનદીમાં આવ્યો ત્યાં રાજાના સેવકો એક સુંદર નાના ઘોડાને પણ પાણી પીવડાવવા લાવ્યા હતા. પાડાએ આ ઘોડાને જોતાં તેના ઉપર હુમલો કર્યો. સેવકોએ વારવા છતાં ક્ષણવારમાં ઘોડાને મારી નાંખ્યો. સેવકોએ તે વાત રાજાને જણાવી એટલે રાજાએ તુરત આદેશ કર્યો; 'જાવ હમણાંને હમણાં તે દુષ્ટ પાડાને બાંધીને અહિ હાજર કરો અને જીવતો ને જીવતો શેકી મારી નાંખો.'

રાજાના સેવકો છુટયા અને થોડીવારમાં તે પાડાને પકડીને ત્યાં હાજર કર્યો પછી ચાર મજબુત જાડા લોખંડના ખીલા સાથે તેના ચારે પગ મજબૂત રીતે બાંધી દીધા. ચારે તરફ એવો સજ્જડ બાંધવામાં આવેલો કે જરાયે ચસકી શકે નહિ તેના મુખ આગળ હિંગ-મીઠુ-મરચાં વગેરેના પાણીવાળો એક તાવડો મૂકવામાં આવ્યો પછી ચારે તરફ ખેરના લાકડાની અગ્નિ સળગાવવામાં આવી, નિરાધાર પાડો ચારે તરફથી જીવતો ને જીવતો શેકાવા લાગ્યો. તાળવું-ઓષ્ટ-કંઠ-તૃષાથી શુકાવા લાગ્યું એટલે તાવડામાં રહેલું મીઠા-મરચુ અને હીંગના વઘારવાળું પાણી પીવા લાગ્યો જ્યાં તે પાણી પેટમાં ગયું ત્યાં તો પેટમાં બળતરા થવા લાગી. મહા વેદના ભોગવવા લાગ્યો. તેની ગુદામાં છાંણુ નીકળી પડયું. ચારે બાજુ શરીર શેકાવા લાગ્યું. અંદર અને બહાર અસહ્ય વેદના થવા લાગી છુટવા ઘણાં ફાંફા મારવા લાગ્યો પણ શરીર સાંકળોથી એવું સજ્જડ બાંધેલુ કે જરાયે હાલી ચાલી શકે નહિ. વેદનાનો તો કાંઈ પાર નહિ. ત્યાં રાજાએ રસોઇઆને હુકમ કર્યો કે જલ્દી પાડાનું માંસ લાવ. રસોઈઆએ તુરત પાડા પાસે આવી જે જે ભાગ સેકાઈ ગયો હતો, તે ભાગ કાપી કાપીને તેમાં મસાલો ભભરાવીને રાજાને પીરસ્યો. અને આ બાજુ-બીજા લાકડા વગેરે નાંખીને અગ્નિ વધુ સળગાવ્યો. પાડાની વેદનામાં કંઈ વધારો થયો. આમ વારંવાર પાડાના શરીરમાંથી શેકાયેલો ભાગ કાપી કાપીને પીરસાવા લાગ્યો. ઉપર વઘારેલું પાણી છાંટવા લાગ્યો. પાડો ઉભોને ઉભો સેકાઈ રહ્યો છે. પાડાની વેદના જોતાં મારાં રૂવેરૂવાં ઉંચાં થઇ જતાં હતાં. મારૂં એક પડખું કપાયેલું હતું. તેની વેદના આગળ આ કેટલી ભયંકર વેદના ? એટલામાં રાજાનો હુકમ છુટયો 'અરે ! આ એકનું એક માંસ શું લાવ્યા કરો છો. બીજું કાંઇ હલકું માંસ છે કે નહિ ?' આ સાંભળતાં રસોઇયાની નજર મારા ઉપર પડી. હું તો ગભરાઇ ઉઠયો, નકકી બાર વાગી ગયા. મને ચક્કર ચક્કર આવવા લાગ્યાં, નાડીઓ સંકોચાઇ ગઈ, ઇન્દ્રિયો બહેરા જેવી થઈ ગઇ. ત્યાં તો રસોઇઆએ આવી એકદમ મારૂં બીજું પડખું કાપી નાખ્યું ત્યાં જ હું તીવ્ર વેદના સહન કરતો થોડીવારમાં મરણ પામ્યો. આજ સમયે તે પાડો પણ મરણ પામ્યો.

## પ્રકરણ : ૫ મું

## સાતમો ભવ :

બકરા અને પાડાની યોનિમાંથી મરણ પામેલા અમે બન્ને વિશાલાનગરીમાં એક ચાંડાલને ત્યાં કુકડીના ગર્ભમાં ઉત્પન્ન થયા. હજુ ઇંડામાંથી બહાર આવ્યા નથી ત્યાં એક બિલાડીએ અમારી માતા મરઘીને પકડીને મારી નાખી. એક ઉકરડા ઉપર ખાતી હતી ત્યાં અમારા બે ઇંડાં બહાર નીકળી આવ્યા, બિલાડીને તેનો ખ્યાલ ન રહ્યો. થોડીવારમાં કોઈ ચાંડાલણીએ કચરાનો ટોપલો અમારા ઉપર નાંખ્યો. તેની ગરમીથી અમે જીવતા રહ્યાં. ઇંડામાંથી અમે બહાર આવ્યા.

એક ચાંડાલ પુત્ર અમને લઈ ગયો. અમે બન્ને ચંદ્રની જ્યોત્સના જેવા ઉજવલ ઘણા મનોહર થયા, લાલચોળ શિખા થઈ. એકવાર કાલદંડ નામના તલારક્ષકે અમને જોતાં તેને થયું કે આ બન્ને કુકડા તો રાજાને માટે યોગ્ય છે. ચંડાલ પુત્ર પાસેથી અમને ગ્રહણ કર્યાં અને ગુણધરરાજા પાસે લઈ ગયો. રાજા અમને જોઈને ઘણો ખુશ થયો. અને કહ્યું કે, 'જ્યારે જ્યારે હું બહાર જાવું. ત્યારે ત્યારે આ બન્ને કુકડાને લઇને મારી સાથે આવવું.' આ રીતે અમે બન્ને રાજાને ખુબ પ્રિય થઈ પડયા. જ્યારે જ્યારે રાજા બહાર ફરવા જતા ત્યારે ત્યારે અમે બન્ને સાથે હોઇએ.

એકવાર વસંતઋતુમાં ગુણધરરાજા ફરવા માટે કુસુમાકર નામના ઉદ્યાનમાં ક્રિડા કરવા

ગયા. ત્યારે દંડવાશિક પણ અમને સાથે લઇને તેમની સાથે આવ્યો હતો રાજા પોતાની રાણી સાથે માધવીલતામાં ક્રીડા કરવા ગયો ત્યારે કાલપાશિક અમને બન્નેને લઇને અશોકવાડીમાં ગયો. ત્યાં કેટલાક શિષ્યોથી પરિવરેલા શશિપ્રભ નામના આચાર્ય ભગવંત સફેદ વસ્ત્ર ધારણ કરેલા રહેલા હતા. તેમની પ્રશાંત મુખમુદ્રા જોતાં દંડવાશિક તેમની પાસે ગયો. બે હાથ જોડી તેમની પાસે બેઠો. આચાર્ય ભગવંતે ધર્મલાભ રૂપી આશીષ આપી, તેમનાં વચનો સાંભળતા કાલપાશિક પણ શાંત થઇ ગયો અને તે મુનિનો શાંત સ્વભાવ, મનોહરરૂપ અને પ્રસન્નમુખ કમળ જોઈને દંડ્યાશિક હર્ષ પામ્યો અને આચાર્ય ભગવંતને પૂછ્યું કે, 'ભગવન્ ! આપનો ધર્મ કેવા પ્રકારનો છે ?'

આચાર્ય ભગવંતે કહ્યું. 'મહાશય ! સર્વ જીવની રક્ષા કરવી એજ આ જગતમાં સામાન્યપણે એક ધર્મ છે. તેનો વિભાગ પાડીએ તો યતિધર્મ, ગ્રહસ્થધર્મ, સંપૂર્ણ જીવદયા પાળવી, અસત્ય ન બોલવું. માલિકે નહિ આપેલી વસ્તુમાત્ર ગ્રહણ ન કરવી, સર્વથા બ્રહ્મચર્ય પાળવું પરિગ્રહનો ત્યાગ કરવો, રાત્રીભોજન ન કરવું અને દિવસે પણ બેંતાલીસ દોષોથી રહિત આહાર મેળવી વિધિપૂર્વક ભોજન કરવું. આ યતિધર્મ. જ્યારે ગ્રહસ્થધર્મ, બારવ્રત, પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત,

૧ સંકલ્પ પૂર્વક નિરપરાધી ત્રસ જીવોને મન, વચન કાયાથી હણવા નહિ.

૨. પાંચ પ્રકારના મોટાં જુઠ બોલવા નહિ.

૩. ખાતર પાડવું કે ચોરી કરવી નહિ.

૪. સ્વદારા સંતોષ રાખવો, પરસ્ત્રીનો ત્યાગ કરવો.

૫. ધનધાન્યાદિનું પરિમાણુ કરી લેવું તેથી અધિક રાખવું નહિ.

૬. દિશાઓમાં જવા–આવવાની હદ નકકી કરવી તેથી વધુ જવું નહિ.

૭. ખાવા–પહેરવાનું વગેરે વસ્તુનું પરિમાણુ રાખવું.

૮. અનર્થદંડ–જેમા સ્વાર્થ ન હોય તેનો ત્યાગ કરવો. બહુ પાપકારી ધંધો કરવો નહિ.

૯. અમુક સામાયિક કરવા.

૧૦. અમુક દેશાવગાસિક કરવાં (એકાસણું–સવાર–સાંજ, પ્રતિક્રમણ આઠ સામાયિક)

૧૧. અમુક પૌષધવ્રત કરવા.

૧૨. અમુક અતિથિ સંવિભાગ કરવો.

'પ્રભો ! કુલ ક્રમાગત આવેલી હિંસા (પશુવધ) છોડીને આ ગૃહસ્થ ધર્મનો હું સ્વીકાર કરૂં છું.

આચાર્ય ભગવંતે કહ્યું; જો તું પશુવધ નહિ છોડે તો આ બે કૂકડાની માફક સંસારમાં ઘણું દુઃખ પામીશ.

ભગવન્ ! આ બે કુકડાઓ શી રીતે ઘણું દુઃખ પામ્યા ? દંડ્યાશિકે પૂછ્યું.

'હે રાજન્ ! તે વખતે આચાર્ય ભગવંતે અમારો વૃતાંત કહેવા લાગ્યા.

દંઠવાશિક ! આ કૂકડો સાતમા ભવમાં તારો યશોધર રાજા હતો, આ તેની માતા યશોધરા હતી. એક વખતે માત્ર લોટનો કૂકડો બનાવી, દેવી આગળ હિંસા કરી હતી તેના પ્રતાપે ત્યાંથી મરણ પામી. મોર–કુતરો–નોળીયો–સર્પ, મત્સ્ય શિશુમાર, બકરો અને બકરી, પાછો બકરો ને પાડો થયો તેમાં ઘણું દુઃખ ભોગવી આ કૂકડા થયા છે.'

દંડવાશિક ધ્રૂજી ઉઠયો; 'પ્રભો ! શું કુકડો તે રાજેશ્વર યશોધરરાજા અને આ માતા યશોધરા ? થોડી હિંસાએ આમની આવી દશા કરી ?' આ સાંભળી દંડવાશિક પરમસંવેગ પામ્યો અને કહ્યું કે, 'ભગવન્ ! પરિણામે દારૂણ એવી વેદનામાં કહેલી હિંસાથી મારે સર્યું. મને

ગૃહસ્થ ધર્મને ઉચિત વ્રતો આપો.'

આચાર્ય ભગવંતે પંચ નમસ્કારપૂર્વક વ્રતો આપ્યા. તે વખતે અમારૂં ચરિત્ર સાંભળી વિચારમાં પડતાં અમને જાતિસ્મરણ થયું. તેથી અમે પણ તે વ્રતો ભાવથી ગ્રહણ કર્યાં.

દંડવાશિક અમને હાથમાં લઈને કહેવા લાગ્યો; 'મહારાજ! આપ કુકડા નથી મારે મન મારા મહારાજા છો મને આજ્ઞા આપો હું આપનું શું કરૂં?'

આ સાંભળી અમે રાજી થયા અને પગ ઊંચા-નીચા કરી જુદાજુદા શબ્દ ઉચ્ચાર્યાં, ધર્મ પામ્યાનો હર્ષ સમાતો નહતો. દંડવાશિકે આચાર્ય ભગવંતને પૂછયું કે, 'આ કૂકડા શું કહે છે?

આચાર્ય ભગવંતે કહ્યું; 'આ બન્ને કહે છે કે અમારે અણુશણ કરવું છે! તેમનું આયુષ્ય હમણાં પુરૂ થઈ જવાનું છે માટે ધર્મનું ભાતુ આપવા સાવધ રહે.'

અમે ફરીથી કલકલ અવાજ કરી આચાર્ય ભગવંતની વાતનો સ્વીકાર કર્યો.

આ અવસરે હે રાજા મારિદત્ત! જયાવલી સાથે કામક્રિડા કરતાં ગુણધર રાજાને પોતાની શબ્દવેધીપણાની બાલવિદ્યા બતાવવાનો કોડ જાગ્યો. અને હાથમાં ધનુષ્યબાણ ચઢાવી જયાવલીને કહ્યું કે, 'જો આ બાણ મૂકું છું તે હમણાં જે પક્ષીનો અવાજ થયો તેને વિંધી નાખશે.' બાણ છોડયું અમને બન્નેને વિંધીને બાણ પસાર થઈ ગયું શુભભાવમાં અમારા પ્રાણ પણ ચાલ્યા ગયા અને રાજાએ ભોગવેલી જયાવલીની કુક્ષીમાં અમે બન્ને સાથે ઉત્પન્ન થયા.

રાજા મારિદત્ત! જુઓ, સ્વપ્નમાં આવ્યા મુજબ હું શુભ ભાવમાં ચઢેલો ત્યાંથી નીચે પટકાયો વિવેક રહિત તિર્યંચગતિના છ ભવો પસાર થયા. બધા ભવોમાં હિંસા કરતો દુઃખને વધારતો ગયો.

પાપ અને પુણ્યમાં આજ મહત્વ છે કે, એક ભવમાં કરેલું પાપ બીજા ભવોમાં બીજા અનેક પાપો ખેંચી લાવે છે અને જીવને ઉંડાને ઊંડા અંધાર પટમાં ખેંચી જાય છે જ્યારે ઉત્તમ પુણ્ય, પુણ્ય કરાવી સુખ આપે જાય છે અને અશુભ કર્મોનો ભુકકો ઉડાવી દે છે માટે પાપ કરતાં પહેલાં ખૂબ ખૂબ વિચાર કરવો જરૂરી છે અને પાપ કરતાં અટકી જવું તે આત્મ હિતકર છે.

—સંપૂર્ણ


મોટર ચાલુ છે **યાત્રાર્થે પધારો** મોટર ચાલુ છે

શ્રી જીરાવલા પાર્શ્વનાથજી મહાન પ્રાચીન ચમત્કારિક તીર્થની યાત્રા માટે પેઢીની પ્રાઇવેટ બસ આબુરોડ જૈન ધર્મશાળાની પાછળથી દરરોજ બપોરના ૨ાા વાગે ઉપડી સાંજના પાંચ વાગે જીરાવલાજી પહોંચાડે છે અને બીજે દિવસે ઉપડી બપોરે ૧ વાગે આબુ રોડ પહોંચાડે છે.

સ્વચ્છ હવા, હલકું પાણી, નૂતન ધર્મશાળા સારી એવી ભોજનશાળાની સગવડતા છે માટે દરેક યાત્રાળુ ભાઈ-બ્હેનોને આ પ્રાચીન તીર્થની યાત્રાનો અવશ્ય લાભ લેવા વિનંતિ છે.

નિવેદકઃ— મેનેજીંગ ટ્રસ્ટ કમીટી

**શ્રી જીરાવલા પાર્શ્વનાથજી જૈન પેઢી. પો. રેવદર (આબુરોડ થઈ)**

# કુલ દીપક

કલ્યાણની ચાલુ ઐતિહાસિક વાર્તા

શ્રી 'સૂર્યશિશુ'

**પૂર્વપરિચય** : મન્મથરાજાનો પુત્ર રૂપસેનકુમાર કનકપુરના રાજાની પુત્રી કનકવતીને પરણીને ઠાઠ–માઠથી પોતાની જન્મભૂમિ રાજગૃહીનગરીમાં પાછા આવે છે, પિતા મન્મથરાજા તથા માતા મદનાવલી મહારાણી અતિશય આનંદ પામે છે. ને રૂપસેનકુમારને રાજ્યભાર સોંપીને મન્મથરાજા નિશ્ચિંત બને છે. **હવે વાંચો આગળ :**

## પ્રકરણ ૨૫ મું
## "તીર્થાધિરાજના શરણે"

અરુણોદય અવનીતલને પ્રકાશિત કરતો સંચરી રહ્યો. દશે દિશા ઝળાં ઝળાં નૃત્યે રમવા લાગી. પરિમલયુક્ત વાયુલહરી વૃક્ષવનરાજીને આલિંગન દઈ પસાર થઈ અવનીતલને દિવ્યતા અર્પી મનહરતામાં અભિવૃદ્ધિ કરતી હતી.

આવા પુલકિત વાતાવરણને કર્મવિકારરૂપ નિમિત્તભૂત લેખી હર્ષવિષાદ રહિત સમાનભાવે સ્પર્શતાં આત્મકલ્યાણની આધ્યાત્મિક નિસરણી પર સર્વસ્વ ત્યાગથી દઢતાપૂર્વક અને પ્રણિધાન ત્રિકથી આરોહણ કરતાં સદ્ગુણ શિરોમણી સદ્‌વિવેકશીલસૂરિ પધાર્યા. જેની ઉપદેશધારા સુધાવર્ષા ચન્દ્રિકાની શીતળતા રેલાવનારી હતી અને ભાનુદેવ કરતાં આત્માને અત્યંત પ્રકાશિત કરનારી હતી.

આચાર્યશ્રીની સૌમ્યતાભરી પ્રકૃતિને જોતાં જ દુનિયાદારીમાં રંગરાગના ખ્યાલો ક્યાંય દૂર સુદૂર દોટ મૂકતા અને ઉચ્ચત્તમ વૈરાગ્ય અને ત્યાગની ઉદ્દામત્તા એ ખાલી પડેલા સ્થાનને અપનાવી લેતી; પછી તે ક્ષણિક હોય કે ચિરંજીવ; પરંતુ એ આત્મકાર્યને માટે તલસાટ તો મચાવી મૂકતી હતી.

ધ્યાનગ્રસ્ત અને આત્મોદ્ધારક સાથ પરોપકારના પ્રાંગણમાં રાચતા પૂ. આચાર્યદેવ રાજગૃહી નગરીના ઉદ્યાનમાં પધાર્યા છે. એ પ્રમાણે વનપાલકે મન્મથરાજાને વધામણી આપી.

મન્મથ રાજાએ વનપાલકને સુવર્ણદાન દેઇ જીવનપર્યન્ત અયાચક બનાવી દીધો.

સત્સંગ એ એક જીવનની અમૂલ્ય પળ છે કે જેના થકી ફણિધરોના વિષ પણ એકવાર નિર્વિષ બની જાય છે. આ લાખેણી ઘટિકા સાંપડી જાણી મન્મથ રાજા જૈન ધર્મની પ્રભાવના કરતા આડંબરપૂર્વક ધર્માચાર્ય શ્રી સદ્‌વિવેકશીલસૂરિના દર્શનાર્થે પરિવારયુકત ઉદ્યાનમાં પધાર્યા. વિધિસર વન્દના–શાતા–પ્રતિપૃચ્છા કરી ગુરુ મહારાજના આસન સન્મુખ સર્વેએ સ્થાન લીધું.

ચૈતન્યનો ગુણ તો ધર્મ છે. ધર્મ જ આત્મત્ત્વને પ્રાપ્ત કરાવે છે. જેના સીંચનથી પ્રાણીના વિવેકચક્ષુ ખુલ્લા થતાં તે સ્પષ્ટપણે દુઃખાકર સંસારની અસારતા, અનિત્યતા, સ્વાર્થતાનાં દર્શન કરી શકે છે. મમત્ત્વપણાના કાજળ

તત્ત્વોનો ધ્વંશ કરી અધ્યાત્મ આનંદના પ્રોજ્જવળ શૃંગારમાં ભૂષિત થાય છે.

એવા ધર્મનું વ્યાન સદ્વિવેકશીલસૂરિ આચાર્યે હૃદયાકાશમાં પડઘા પાડતી એવી પ્રતિભાયુકત રસમય વાણીદ્વારા ધર્મોત્સુકવંત આગંતુક આત્માના હિતાર્થે કહ્યું.

ગુરુવર્યની વાણીમાં જાણે બંસરી નિનાદની મધુરતા રવરવતી હતી. શબ્દે શબ્દે હૈયાચોટ લગાડી આત્મ-જાગૃતિ કરતા હતા. મોહઘેનના નશાને ઉતારવામાં સમર્થ ઔષધમય હતા. ગુરુવર્યની વાણીની સરળતાએ કર્મગહનતાની અંધારી ભીંતર કેઠીને સારી રીતે ઓળખાવી અને એના પ્રતિ ઝઝુમવા માટે ધર્મરૂપી ઢાલ અને આચાર રૂપી બખ્તરના ઉપાયો દર્શાવ્યા.

મન્મથ રાજા ગુરૂવર્યની વાણી સુણતા જ કૃતકૃતાર્થ થઈ ગયો. ગુરુદર્શનથી પોતાને ધન્ય માનવા લાગ્યો કે,–'દેવવાણી નિષ્ફળ નથી તેમ-જ ગુરૂવાણી પણ નિષ્ફળ નથી.' પ્રથમ ગુરુવર્યના દર્શને હું ધર્મ પામ્યો અને હાલ હું ગુરૂવર્યની વાણીથી અનુપમ આચારમય બન્યો.

ગુરૂવર્યનાં દર્શન કરી નિવૃત્તિ લીધા પછી પણ તેઓશ્રીના શબ્દો એના હૃદયમાં ગુંજતા હતા કે માનવજન્મ, શ્રાવકકુળ અને તેમાં યે ધર્મમાં સ્થિરવાસ એ અતિ દુર્લભ છે, તીર્થ એટલે સંસાર સમુદ્રને તારનાર એવા મહદ્‌સ્થાનની યાત્રા દુર્લભમાં દુર્લભ છે. શત્રુંજયગીરિ પ્રત્યે ભાવયુકત એક એક પગલું મૂકવાથી કોટિ સહસ ભવના પાપોનું પ્રક્ષાલન થાય છે. એની રજસ્પર્શના ભાવનામાં વૃદ્ધિકર બનાવી આત્માના આનંદને બહેલાવી મુકિતના ધ્યેયની સમીપ લાવનાર બને છે, એનું પૂજન કરનાર લોકને વિષે પૂજનીય બને છે. અભવ્ય એ ગિરિની સ્પર્શના તો શું પણ નજરે ય જોતો નથી. જ્યારે ભવિજન ભાવયુકત યાત્રા કરતા ત્રીજે ભવે મુકિતમાં જાય છે. અસાર લક્ષ્મીનું ફળ જ્ઞાન અને શ્રેષ્ઠ ધ્યાન તીર્થોદ્ધાર વધારે પુણ્યોપાર્જન કરાવનાર દાનમાં રહેલું છે. જો એની વ્યવસ્થા ન થાય તો નાશ કે ભોગ બે માર્ગમાંથી એક પણ માર્ગે જશે.

તેથી મારે લક્ષ્મીની અને જીવનની સાર્થકતા ગીરિ સ્પર્શના વડે કરવી જોઇએ. ગુરુવર્ય પાસે લીધેલ નિયમ કે પરમ તીર્થાધિરાજ શત્રુંજય ગિરિવરની યાત્રા કર્યા બાદ જ દૂધ અને દહીં વાપરીશ. એ નિયમનું સ્મરણ ઘડી ઘડી તીર્થયાત્રાના ભાવને છલકાવી દેતું અને ગિરિવરનાં મીઠાં સંભારણાએ દિલ ધૂમરી લેતું અને મધુરપ મેઘશી ગંભીર ગુરુવર્યની વાણીનો સત્કાર કરવા પ્રબળ બની જતું. ખરેખર!!! આજે તો સમૃદ્ધિ લઇને મન્મથરાજા તીર્થયાત્રાએ ચાલી નીકળ્યા. સ્થાને સ્થાને જિન-પૂજાદિ મહોત્સવ કરતા ક્રમે કરી શત્રુંજય ગિરિરાજ પર આવ્યા.

આ અસાર સંસારમાં પણ કેટલીક ક્ષણો સારમયી બની જાય છે. જેમ ભરસમુદ્રમાં પણ એક પાટીયું હાથ આવતાં આનંદદાયક બની જાય છે. તેમ ગિરિવરનાં દર્શન કરતાં જ મન્મથ રાજાનો આનંદ આભલે ચઢયો. તન, મન અને ધનના સદ્વ્યયપૂર્વક અપૂર્વ શોભાયુકત પરિજનવૃંદ સહિત તીર્થાધિરાજને પ્રદક્ષિણા કરી. ચઢતે પરિણામે ગિરિરાજનું આરોહણ કર્યું.

પ્રભુમુખનું દર્શન કરતાં જ જાણે હૃદયાગારનો ભાર વીલીન થઈ ગયો. પ્રસન્નતા સાથ શ્રી યુગાદિદેવ આદીશ્વર પ્રભુના મુખ્ય દહેરાસરે અષ્ટાન્હિકા મહોત્સવ શરૂ કર્યો. ત્યાં ભોજન વસ્ત્રાદિ દાનપૂર્વક ચતુર્વિધ સંઘની ઘણી જ ભાવનાસહ ભકિત કરી યાચકોને સંતોષ્યા. તીર્થાધિરાજની છાયા અનુપમ માર્ગની જડીબુટ્ટી જાણીને રસોલ્લાસપૂર્વક તીર્થ જુહારતાં ભક્તિ ભાવનામાં તન્મય બની આત્માના રસને લૂંટતા હતા. તેમાં રૂપસેન અને રૂપરાજકુમાર પિતાજીના અમૂલ્ય અવસરમાં સહાયકર્તા બની રહ્યા. મન્મથ રાજા તો ધર્મકર્તવ્યમાં જ લીન બન્યા.

# મનન માધુરી

**શ્રી વિમર્શ**

શ્રી તીર્થંકરદેવનો જે અનંત ઉપકાર આપણા પર છે, તે વચનાતીત છે, આજ કારણે આપણા આત્મામાં સામર્થ્યને પ્રગટાવવા માટે તેમની ઉપાસના પરમ આલંબન ભૂત છે, તેમની ઉપાસનામાં રહેલા સામર્થ્યનો વૈજ્ઞાનિક દૃષ્ટિયે અહિ વિસ્તાર કરવામાં આવ્યો છે, જે પ્રત્યે જિજ્ઞાસુ વાચકને નવી જ વિચારસરણી દર્શાવે છે.

## તીર્થંકરોની ઉપાસનામાં વિશિષ્ટતા

તીર્થંકર દેવ એ Natures Govt. ધર્મ મહાસત્તાના પ્રતિનિધિ છે. એટલે એમની પૂજા કરવાથી આપણને આખી ધર્મ મહાસત્તાનું બળ મળે છે. જેમ આપણે વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરૂને પત્ર લખીએ. (ઓન. મુખ્ય પ્રધાન) Hon. Prime Minister તો એનો જવાબ Govt. સરકાર તરત આપે છે, એ રાજકીય વિભાગની Department ફરજ બની રહે છે. જ્યારે વ્હાલા ન્હેરૂના (Dear Nehru) સંબોધનવાળો પત્ર જાય છે, ત્યારે સરકાર Govt. ના એ Departmentની ફરજ નથી બનતી કે એનો ઉત્તર વાળવો. એનો ઉત્તર મળે કે ન મળે કચરાપેટીમાં પણ એ પત્ર નાંખી દેવાય, તેમ તીર્થંકરોની ઉપાસનામાં આપણી પડખે ધર્મ મહાસત્તા Govt. આખી ઉભી રહે છે. કેવળ સિદ્ધત્વ કે વીતરાગતાની ઉપાસનામાં મહાસત્તાનું સીધું બળ મળતુ નથી. કારણ કે એમાં મી. ન્હેરૂ Nehru Individual એટલે વ્યકિત આવી સરકાર Govt. ન આવી.

એટલે સિદ્ધત્વની ઉપાસના કરનારને વચમાં વિઘ્નો આવે છે, ત્યારે એની સામે સંરક્ષણ આપનાર સરકારનું બળ એની પડખે ઉભુ રહેતું નથી સરકારની સામે માથું ઉંચકનારને દાબી દેવા સરકાર પોતાના હથિયારો ઉપાડે છે. બળવાખોરોને દાબી દે છે. તેમ મોહરાજાની સામે થઇને જીવ જ્યાં અધ્યાત્મ તરફ વળે છે કે મોહરાજા પોતાના શસ્ત્રો એની તરફ ફેંકે છે. સરકાર પાસે પણ છે. Bombardment બોંબાર્ડમેન્ટ કરવા Air

---

કે આ કર્તવ્યપરાયણે મારા આત્મ કારજને ક્ષણમાં હસ્તગત કરી લઉં. સેવા–પૂજા ભકિતભાવના વિના બીજી કોઈ ઉપાધિ મન્મથરાજાને સ્ખલના પમાડી શકતી ન હતી.

ત્યાં તો અકસ્માત જીવલેણ દર્દે મન્મથરાજાને ઘેરી લીધો. શૂળના દર્દે હૃદયમાં ભારે આક્રમણ કર્યું. દર્દના આક્રમણ સામે મન્મથરાજા અજેય રહ્યો. આત્માને પીછાણતાં અને કર્મ સામે ટક્કર લેઈ શુભ ભાવનાનાં સોપાનને આરોહતાં તેમજ તીર્થધ્યાન કરતાં મન્મથરાજાનું પ્રાણપંખેરૂ ઉડી ગયું.

અકસ્માત ધર્મજાગૃત રાજાના કાળધર્મથી પુત્ર કલત્રાદિ પરિવાર દુઃખી બન્યા પરંતુ મૃત્યુ પાછળ શોકનિષ્પન્ન નહિ બનતાં ધર્મક્રિયામાં વધુ પ્રવૃત્ત થયા.

રાજાના મૃત્યુ પાછળ અઢળક સંપત્તિ દાનમાં વાપરી. સાતક્ષેત્રમાં પૂર્તિ કરી. વ્યવહારિક ક્ષેત્રોમાં સારી રકમો આપી. ભાટ, ચારણો, દુઃખી, ગરીબ અને યાચકોને તૃપ્ત કર્યા બાદ, ઉત્તરક્રિયા કરીને સંઘયુકત બળતા હૃદયે રૂપસેનકુમારે સર્વ કાર્યની સંકેલના કરી તીર્થાધિરાજને મનોમન સદ્ભાવે પ્રણામ કરી, રાજગૃહી નગરીના પંથે પ્રયાણ આદર્યું. [ક્રમશઃ]

force હવાઇ લશ્કર પણ છે. મશીનગન, રીવોલ્વર રાઇફલ, બેયોનેટ, લાઠી અને ટીયરગેસ પણ છે. પરન્તુ સરકાર પ્રથમ લાઠીથી કામ લે છે, એનાથી બળવાખોર ન હઠે તો બેયોનેટ બતાવે છે, તે પછી હવામાં ગોળીબાર કરે છે એને પણ ન ગણકારે તો ગોળી છોડે છે. પછી મીલીટરી માર્શલ લો Military Martial Law મશીનગન અને Atom Bomb એટમબોમ્બ તો સૌથી છેલ્લે વાપરે છે. મોહરાજા પાસે પણ જુદા જુદા હથીયાર છે. તમે ઉપાસના શરૂ કરો, થોડે સુધી મોહરાજા તમને જવા દેશે. પછી પોતાના શસ્ત્રો ફેંકવા શરૂ કરે છે.

પહેલાં લોભ અને લાલચ-સિદ્ધતત્ત્વની-વીતરાગની ઉપાસના થોડા વખત સુધી કરો; પછી તમને વધુ લાલચુ બનાવી દેશે. તમારૂં પ્રયાણ થંભી જશે. એમાં તમે ન હાર્યા તો પોતાનું બીજું શસ્ત્ર મૈથુન-સંજ્ઞા કામવાસના ફેંકે છે. આજે સરકારી અમલદારોમાં હજાર માણસે તમને કદાચ ૧૦૦ એવા મળશે જે લાંચ-રૂશ્વત નહિ લેતા હોય. પણ એ ૧૦૦ જણ પણ 'કામ'ની સામગ્રી આપીને ખરીદી શકાય છે. અને એમની પાસેથી તમારૂં ધાર્યું કામ કરાવી શકાય છે. આ દેશમાં અમુક નિર્વાસિતોએ એ માર્ગ અખત્યાર કરીને મોટા-મોટા અમલદારોને પોતાના હાથમાં લીધા છે. અને પોતાની ધારણા મુજબ પરમીટો, લાયસન્સો વગેરે મેળવી વહેપારનાં ક્ષેત્રો સર કરી લીધાં છે. મોહરાજાનું આ બીજું શસ્ત્ર છે, એમાં પણ તમે ટકી રહ્યા તો મોહરાજા રાત્રભોજન-અભક્ષ્ય ભક્ષણનું શસ્ત્ર છે. અભક્ષ્ય ભક્ષણ-રાત્રિ ભોજનનું પાપ અપેક્ષાએ અબ્રહ્મ સેવનથી પણ ચઢે છે. કેવી રીતે? અંધકારને આપણા શાસ્ત્રકારોએ ઘ્રાણેંદ્રિયનો વિષય માન્યો છે. જેમ અશ્રાવ્ય ધ્વનિ Super-sonix એ શબ્દનાં પુદ્ગલો છે, છતાં આપણી શ્રોત્રેન્દ્રિથી પર છે. તેમ અંધકારનાં પુદ્ગલો આપણી ઘ્રાણેન્દ્રિયથી પકડાતાં નથી. વધુ ગાઢ છે, એટલે જો કે આપણને એની ગંધ નથી આવતી છતાં એમાં તીવ્ર ગંધનાં પુદ્ગલો છે. જેની ઘ્રાણેન્દ્રિય તીવ્ર છે, તે એને પકડી શકે છે. માંકડ રાત પડે છે અને બહાર શાથી નીકળી પડે છે? કીડી દરમાં પાછી કેમ સમાઇ જાય છે? એને અંધકારની ગંધ પરખાય છે. બીજો એ નિયમ છે કે-કૃષ્ણ વર્ણના પુદ્ગલોમાં સારી કે મીઠી ગંધ વધારે હોય છે. પછી તે શુભદ્રવ્ય જેવાં કે કસ્તુરી, ઘી, કાજળાદિ હોય તો સુગંધ અને અશુભ હોય તો અશુભ ગંધ વધુ. જેમકે કૃષ્ણ અને નીલ લેશ્યામાં રહેતા સર્પ અને અજગરનું કલેવર વધુ ગંધાય છે. જોયા વિના જાણકારો કહી દે છે કે આટલામાં સાપનું કલેવર હોવું જોઇએ એટલે રાત્રિએ ભોજન કરનારની લેશ્યા બગડતી જાય છે. અનંતકાયનો નિષેધ પણ એટલા માટે જ જણાય છે કે એ ભૂમિની અંદર ઉત્પન્ન થાય છે. જ્યાં સૂર્યનો પ્રકાશ પહોંચે જ નહિ એટલે ભૂમિકંદોના પુદ્ગલો જ એવા અશુભ બને છે. (તેલમાં શુદ્ધિકરણની-પ્રકાશની શકિત છે, પાણીમાં ઉતરનારા તેલનો કોગળો લઇને ઉતરે છે. પાણીમાં તેલને બહાર કાઢી પ્રકાશ મેળવે છે. એટલે ભૂમિમાં થનાર મગફળીને અભક્ષ્યમાંથી બાકાત રાખી) એનાથી પણ જો જીવ બચ્યો તો મોહરાજાનું છેલ્લું શસ્ત્ર ઉત્સૂત્ર પ્રરૂપણા નામનું ફેંકે છે, જે સૌથી પ્રબળ હથીયાર છે, મોહનું એ અમોઘ શસ્ત્ર છે, જીવે ગમે તેટલી સિદ્ધિ પ્રાપ્ત કરી હોય, વૈરાગ્ય અને ત્યાગવડે ગમે તેટલો આગળ વધ્યો હોય પણ એક જ વારના ઉત્સૂત્રભાષણથી એ બધું સાફ થઇ જાય છે. એકઠાં કરેલાં તીર્થંકર નામકર્મનાં દળીયાં પણ વિખેરાઇ જાય છે. એક ક્ષણમાં જીવ પાછો પોતાની સાધનાની કમાણી વિહોણો બની જાય છે. એ શસ્ત્રના ઘામાંથી ઉગરવું સહેલું નથી. તીર્થંકરદેવોની સહાય હોય તો જ મોહને એના વિવિધ આવિષ્કારોમાં (જુદાજુદા રૂપો કરીને આત્મામાં દાખલ થતાં) પરખી કઢાય અને એનો મૂળથી ઉચ્છેદ કરી શકાય.

## શ્રી તીર્થંકરદેવોની ઉપાસનાનું બળ

જ્યારે જીવ તીર્થંકરોની ઉપાસના કરે છે ત્યારે આખી Govt. ધર્મ મહાસત્તા Cosmic Order નું બળ એની પડખે રહે છે. મોક્ષ સુધી એને સહીસલામત પહોંચાડવાની જવાબદારી ધર્મ મહાસત્તાની

બની જાય છે. જેમકે ટ્રેનની મુસાફરી. તમે ટીકીટ લઇને મુંબઇથી ટ્રેનમાં બેસો છો. અને ટ્રેન તમને પુના પહોંચાડી દે છે. રેલ્વે કંપનીએ પહોંચાડયા કે સરકારના મીલીટરી ફોર્સે ? પુના સહીસલામત પહોંચ્યો છો, એ માત્ર રેલ્વે કંપનીની હોંશિયારી કે કામગીરીથી નહિ, પણ સાથે મીલીટરી ફોર્સની મદદ પણ છે એ ન હોતતો રેલ્વેના પાટા ઉખેડીને ફેકી દેનાર પાર્ટીઓ વચમાં આવે છે. ખીણો આવે છે, તેમાં ઘણા ડાકુઓ બેઠા છે, તે ટ્રેનને પુના પહોંચવા દે ખરા કે ? પણ રેલ્વે કંપનીને લશ્કરી શકિતનું બળ છે; એટલે પાટાનો એકપણ સ્ક્રુ પણ ઢીલો કોઈ કરી શકતું નથી. તે જ રીતે તીર્થંકરોની ઉપાસના કરનારને ધર્મ મહાસત્તાનું બળ મળે છે. કારણ કે તીર્થંકરદેવો એ ધર્મ મહાસત્તાના સર્વ સત્તાધીશો છે. એમની પડખે આખી સેના છે. તેથી એ વિઘ્ન નિવારણ કરી શકે છે. મોહ રાજાની ઉભી કરેલી કોઇપણ આપત્તિ વખતે એ પોતાની સેનામાંથી એનુ નિવારણ કરી શકે એવા સેનાનીને મોકલે છે એટલે એમની ઉપાસના કરનારની સામે મોહરાજા માથું ઉંચકી શકતો નથી. ચારિત્રની ઉગ્ર સાધના વિના પણ શ્રીપાળ અને મયણા માત્ર શ્રી સિદ્ધચક્રની ઉપાસનાથી થોડા જ ભવોમાં સુખપૂર્વક મુકિતનગરીએ પહોંચી જાય છે, તેનું કારણ શું ? શ્રી સિદ્ધચક્ર મહાસત્તાની સહાય સિવાય બીજું શું છે ?

પ્રશ્ન–તીર્થંકરદેવો તો વીતરાગ છે એ નિગ્રહાનુગ્રહ કેવી રીતે કરે ?

સમાધાન–તીર્થંકરો પોતે ભલે વીતરાગ છે પણ એમનો જે ઔદયિકભાવ છે, તીર્થંકરનામ કર્મની પુણ્ય પ્રકૃતિ અને એના વિપાકોદયથી સ્થપાયેલ તીર્થ, ચતુર્વિધ સંઘ, દ્વાદશાંગી અને તેને રચનાર ગણધર ભગવંતો અને તેને આરાધનાર મહામુનિઓ અને તેમની શિષ્ય પરંપરાઓ તથા સેવક અધિષ્ઠાયક દેવ–દેવીઓ, એ ઉપકાર કરી રહેલ છે.

તીર્થંકરદેવ વાસ્તવિકમાં શું છે ? એક રસાયણિક મિશ્રણ Chemical compound છે. જીવની સાથે મળેલ તીર્થંકર નામકર્મની પ્રકૃતિ, આદેય નામકર્મ, સૌભાગ્ય નામકર્મ બધું બાજુએ લઇ લો. પછી એકલો જીવ–વીતરાગ–રહેશે. અને એ તો સિદ્ધ પરમાત્મા જેવો થયો એ સાક્ષાત અનુગ્રહ–નિગ્રહ ન કરે પણ આ તીર્થંકરદેવની સમગ્રતા Entity અવશ્ય નિગ્રહાનુગ્રહ કરે છે. એમનો ઔદયિક ભાવ જ એ પ્રકારે કાર્ય કરે છે. તીર્થંકરદેવો મહાવિદેહાદિ ક્ષેત્રોમાં સદા કાળ વિચરતા હોય છે તેથી એમની કર્મ પ્રકૃતિનો ઔદયિક ભાવ તીર્થંકરોના ઉપાસકોને દરેક કાળે રક્ષણ આપી શકે છે.

પ્રશ્ન–એમનો અનુગ્રહ પ્રાપ્ત કરવા શું કરવું જોઇએ ?

સમાધાન–અહંને ભૂલી, તીર્થંકરદેવોને—તેમની આજ્ઞાને સંપૂર્ણ સમર્પિત (Completely surrender) થઇ જાઓ. પછી મોક્ષ સુધી નિર્વિઘ્ન પહોંચાડવાની જવાબદારી (Responsibility)તેમની બની જાય છે. તીર્થંકરોને આપણે શબ્દથી યોગક્ષેમંકર કહીએ છીએ પણ એનું (સીગ્નીફીકન્સ) Significance તાત્પર્ય શું ? તાત્પર્ય છે કે જે નથી તે પ્રાપ્ત કરાવી આપે, જે છે તેનું રક્ષણ કરે તેનું નામ જ સાચું યોગક્ષેમંકરપણું છે.

આંબેલ મેં કર્યાં, જપ મેં કર્યો એમ બોલીએ છીએ એના બદલે તીર્થંકરોની આજ્ઞાનું શકિત મુજબ પાલન કરું છું, એમ બોલવું જોઇએ. આંબેલના નિમિત્તે, જાપના નિમિત્તે તીર્થંકરદેવોની આજ્ઞાનું મારાથી યથાશકય આરાધન થાય છે. આજ્ઞાપાલનનો આ અધ્યવસાય એ નિર્જરાનું પ્રબળ કારણ છે. માટે તીર્થંકરદેવોનો અનુગ્રહ પ્રાપ્ત કરવા માટે 'હું એમની આજ્ઞાનું પાલન કરૂ' એક જ વિચારથી સતત સત્ પ્રવૃત્તિમાં લાગી રહેવું, એ જ અનુગ્રહ પ્રાપ્ત કરવાનો ખરો ઉપાય છે. પછી ધર્મમહાસત્તા આપ મેળે ઉત્થાન તરફ ઝડપથી લઇ જશે. શરત એક જ 'હું કરૂં છું' એ વિચારને ભૂલી જઇ હું તો માત્ર તેમની આજ્ઞાપાલનના હથિયાર તરીકેનું કાર્ય યોગ્ય રીતે બજાવું, એટલું જ મનમાં રહેવું

જોઇએ 'जिनोक्तं इति सद्भक्त्या' શ્રી જિનેશ્વરોએ કહેલું એમ માનીને કરવાથી દ્રવ્ય પચ્ચખાણ પણ ભાવ પચ્ચખાણ બની જાય છે. એમ વર્તનાર જે વખતે જેની જરૂર હોય તેને ધર્મ મહાસત્તા પુરી પાડે છે. રેલ્વે સ્ટેશને ટીકીટ કઢાવીને તમે ટ્રેનમાં બેઠા, પછી ઇષ્ટ સ્થાને પહોંચાડી દેવાની જવાબદારી રેલ્વેકંપની સંભાળી લે છે. માર્ગનો નકશો લઇને બેસવું પડતું નથી. ક્યાં નદીઓ, નાળાં, પહાડો આવશે? એને શી રીતે પાર કરવા? એની યોજના રેલ્વેકંપની કરે છે. તમે તો નીરાંતે ઊંઘી જાઓ છો અને સવારે બોમ્બે સેન્ટ્રલ (મુંબઇ) (Bombay Central) પર સુખેથી ઉતરો છો. તેમ તીર્થંકર દેવોને શરણે જાઓ તમારૂં કર્તૃત્વ ઉઠાવી લ્યો, તેમનું નિમિત્ત કર્તૃત્વ સ્વીકારી લ્યો. તો મોક્ષ સુધી તમને સુખે લઈ જવાની બધી જવાબદારી તીર્થંકરો જેના પ્રતિનિધિ છે, તે ધર્મ મહાસત્તા ઉપાડી લે છે કારણ કે–આ વિશ્વમાં જે કાંઇ થઇ રહ્યું છે, તે ધર્મ મહાસત્તાની પ્રત્યેક જીવને મોક્ષ સુધી પહોંચાડવા માટેની હીલચાલનો એક અંશ જ છે.

તીર્થંકરદેવ એ એવું (કેમીકલ કમ્પાઉન્ડ) રસાયણુક મિશ્રણ Chemical compound છે કે એની સાથે તમારૂં મન જોડો તો એવું આંદોલન ઉભું થાય છે, જગતના પદાર્થો ઉપર એવી અસરો ચાલુ થઇ જાય છે કે જેથી સાધકને, તીર્થંકરદેવને અનુકુળ બનીને શરણે જઇને સાધના કરનાર સાધકને આખું વિશ્વ અનુકૂળ બની જાય છે. જે વખતે જે વિઘ્ન આવ્યું તે વખતે તેનો પ્રતીકાર જેનાથી શકય હોય એવું શસ્ત્ર સામે આવીને મળે છે, વ્યક્તિ અને સમષ્ઠિને પરસ્પર ગાઢ સંબંધ છે. એકની અસર બીજા પર પડે છે. એક જીવે અમુક વિચાર કર્યો, અધ્યવસાય કર્યો તે પ્રમાણે કાર્મણ સ્કંધો જે એની સૌથી નજીક રહ્યાં છે, તેના પર તુરત જ અસર થાય છે. કાર્મણ સ્કંધોમાં જે ફેરફાર થયો, તે અનુસાર ઔદારિકાદિ વર્ગણાઓ જે દૂર રહેલી છે, તેમાં ફેરફાર થઇ જાય છે. એની અસર બીજા ઉપર અને બીજાની ત્રીજા ઉપર, એમ એક જીવના એક અધ્યવસાયની અસર આખા વિશ્વમાં વ્યાપી જાય છે. આખા વિશ્વમાં હીલચાલ શરૂ થઇ જાય. ચોકકસ ગણિતના હિસાબે થાય છે, જરાયે ઓછું કે અધિક થતું નથી.

⊙


## સારાભાઇ નવાબ પ્રકાશિત જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો

૧ પૂ. શ્રી હીરકલશ વિરચિત **હીરકલશ જૈન** જ્યોતિષ : મૂલ્ય : **વીશ રૂા.**

૨ અકબર બાદશાહના સમયમાં થયેલ શ્રાવક કવિ નયનસુખ વિરચિત **વૈદ્ય મનોત્સવ** નામનો વૈદક ગ્રંથ તથા શ્રી આનંદ કવિ વિરચિત **કોકસાર** : મૂલ્ય : **પાંચ રૂા.**

૩ જૈનાચાર્ય શ્રી નર્બુદાચાર્ય વિરચિત જાતીય સમસ્યા ઉકેલતો અંતે ત્યાગ તરફ દોરતો મહાન ગ્રંથ મૂલ્ય : **અગીઆર રૂા.**

૪ **જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો** ૧ શ્રી હસ્તસંજીવની, ૨ સામુદ્રિક તિલક, ૩ સામુદ્રિક શાસ્ત્ર, ૪ હસ્તકાંડ અને ૫ અર્હચ્ચુડામણિસાર પાંચે ગ્રંથો એકજ સાથે ચિત્રો તથા ગુજરાતી ભાષાંતર સાથે મૂલ્ય : **સોલ રૂા.**

**ઉપરના દરેક ગ્રંથની થોડી જ નકલો સીલીકમાં છે.**

પ્રાપ્તિસ્થાન : **સારાભાઈ મણિલાલ નવાબ** માંડવીની પોળ, છીપા માવજીની પોળ **અમદાવાદ.**

# શંકા અને સમાધાન

સમાધાનકાર: પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

(પ્રશ્નકાર-**શ્રી નેમ**)

શં૦ પ્રભુજી સંવત્સરીદાન દે છે તેમાં વપરાતી સુવર્ણ મુદ્રા ઉપર કોઈપણ જાતની છાપ હોય ખરી? મુદ્રા કેટલા વજનની હશે?

સ૦ શ્રી જિનેશ્વર ભગવંત સંવત્સરી દાન દે છે તે સુવર્ણ મુદ્રા ઉપર જે ભગવંત દાન આપે તેમનું નામ હોય છે અને એક સુવર્ણ મુદ્રાનું વજન એંસી ૮૦ રતી હોય છે.

શં૦ સંવત્સરીદાનમાં વપરાતી સુવર્ણ મુદ્રાઓનું વજન એક દિવસમાં કેટલું થતું હશે?

સ૦ એક દિવસમાં નવહજાર મણ જેટલી સુવર્ણમુદ્રાઓ સંવત્સરી દાનમાં વપરાય છે.

શં૦ શું જિનેશ્વર ભગવંતો ફક્ત સુવર્ણમુદ્રાઓનું દાન દે?

સં૦ શ્રી જિનેશ્વરભગવંતો એકલી સુવર્ણમુદ્રાઓનું દાન દે એમ નથી પણ દાન દેવા માટે ચાર પ્રકારની દાનશાલા હોય છે. એક દાનશાલામાંથી રસોઇ જમાડે, બીજી દાનશાળામાંથી વસ્ત્રો આપે, ત્રીજી દાનશાલામાંથી ભૂષણો આપે અને ચોથી દાન શાલામાંથી સુવર્ણમુદ્રાઓ આપે છે.

શં૦ પ્રભુજી સંવત્સરી દાન દે તે વખતે ઇન્દ્રો તેમની પાસે શા માટે ઉભા રહેતા હશે?

સ૦ જ્યારે પ્રભુજી સંવત્સરી દાન દે ત્યારે સૌધર્મેન્દ્ર ખજાનામાંથી સુવર્ણમુદ્રાઓ કાઢી આપે છે. ઇશાનેન્દ્ર કોઇ દેવ કે અસુર વિઘ્ન કરવા આવે તો તેને રત્નજડિત લાકડી મારી ભગાડી દે છે. ઈશાનેન્દ્ર દાન લેનારના ભાગ્યમાં જેટલું હોય તેટલું તેના મુખમાંથી બોલાવે છે. ચમરેન્દ્ર દાન લેનારને આપવાની વસ્તુ અધિક હોય તો કાઢી લે છે, અને બલીન્દ્ર ઓછું હોય તો વધારી દે છે.

શં૦ સંવત્સરીદાનના કાર્યમાં દેવોનું કોઇ કર્તવ્ય છે ખરૂં?

સ૦ ભુવનપતિના દેવો ભરતક્ષેત્રના લોકોને દાન લેવા માટે તેડી લાવે છે. વ્યંતરના દેવો દાન લીધેલા લોકોને પોત પોતાને સ્થાને સહિસલામત પહોંચાડી દે છે, અને જ્યોતિષીદેવો વિદ્યાધરોને દાન લેવા માટે જણાવે છે.

શં૦ ભવ્યપુરુષો સંવત્સરી દાન લેઈ શકે છે તો શું ઈન્દ્રો, દેવો અને ચક્રવર્તિ પણ તે દાન ગ્રહણ કરે ખરા?

સ૦ ઈન્દ્રો, ભવ્યદેવો અને ચક્રવર્તી પણ સંવત્સરીદાન ગ્રહણ કરે છે.

શં૦ સંવત્સરીદાન લેનારને શો શો ફાયદો થતો હશે?

સ૦ સંવત્સરીદાન લેનાર ઇન્દ્રાદિ દેવોને બારવર્ષ સુધી પરસ્પર કલેશ કંકાસ થાય નહિ, ચક્રવર્તી–અને રાજા તે દાન પોતાના ખજાનામાં મૂકે છે જેથી બાર વર્ષ સુધી લક્ષ્મીનો ઉપયોગ કરવા છતાંય ખૂટે નહિ; વ્યાધિગ્રસ્તોના રોગ બાર વર્ષ સુધી નાશ પામે છે, નિરોગીઓને બાર–વર્ષ સુધી રોગો આવતા નથી, અને મૂર્ખ હોય તો બુદ્ધિશાલી બને છે.

[પ્રશ્નકાર : **હીરાબેન મફતલાલ–ભાભર**]

શં૦ નિગોદીઆ જીવને મન નથી છતાં ય અનન્તકાલ સુધી કર્મો શાથી બાંધે છે?

સ૦ નિગોદીયા જીવોને દ્રવ્ય મન નથી, પણ આત્મામાં ચેતના રહેલી છે તેને ભાવ મન કહેવાય છે એટલે તેઓ ભાવ મનવાલા છે.

અને ભાવ મનથી તેઓને કર્મબંધ થાય છે. આઠ રૂચક આત્મપ્રદેશો સિવાય બીજા પ્રદેશોમાં હલન ચલન છે તે વડે કર્મબંધ થાય છે. જેમ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને દ્રવ્ય મન નથી છતાં ય ભાવ મન વડે કર્મ બંધાય છે તેમ અહિં પણ સમજી લેવું. કર્મ બંધનું મુખ્ય કારણ, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. આ કારણો નિગોદીયા, જીવોમાં પણ રહેલા છે.

શં૦ પુન્ય, પાપ, સ્વર્ગ અને નરક ઇન્દ્રિય ગોચર નથી તો તેને સત્ સાચાં માના શકાય ?

સ૦ જે જે ઇન્દ્રિય ગોચર હોય તે તે ચીજો માનવી એ નાસ્તિકનો મત છે. અને તે સાવ જૂઠો છે; કારણ કે પોતાની સંખ્યાતીત પેઢીઓ થઈ ગઈ અને તેમાંની એકેય પેઢી દેખાતી નથી એટલે શું પૂર્વજો નથી થયા એમ માનવું મૂર્ખાઈ નથી ?

દરિયાના આ કિનારે બેઠેલાને સામેનો કિનારો દેખાતો નથી તો શું સામે કિનારો નથી એમ માનવું ? એટલે કાલવિપ્રકૃષ્ટ (જેમાં કાલનું અંતર હોય)માં વસ્તુ ન દેખાય. જેમ આવતી ચોવીશીમાં શ્રી પદ્મનાભ પ્રભુ નહિ થશે એમ ન કહેવાય. તેવી રીતે કાલના વિપ્રકૃષ્ટથી શ્રી ઋષભદેવ ભગવાનને જોઇ શકયા નથી એટલે તેઓ થયા નથી એમ પણ ન કહેવાય તે મુજબ પુન્ય-પાપ આદિ માટે સમજી લેવું છતાં ય અનુમાનથી પુન્યપાપની સિદ્ધિ થાય છે જેમકે સુખ, પુન્ય વગર મલતું નથી અને દુઃખ પાપ વગર મલતું નથી એટલે જગતમાં પુન્યપાપની સિદ્ધિ થાય છે.

જેવા પ્રકારના ગુન્હેગાર હોય તેવા પ્રકારના જેલ આદિ સ્થાન હોવાં જોઇએ. જેમ એક વ્યકિત ખૂન કરે તો તેને માટે જન્મટીપ અથવા ફાંસી થાય છે પણ જીવે ત્યાંસુધી કતલખાનાઓ ખોલી હજારો જીવોને મારનારને જબરજસ્ત જેલ હોવી જોઇએ તે નરક છે. સામાન્ય પુન્યના સંભારવાલો આત્મા રાજમહેલો આદિમાં અમનચમન કરે છે તો આખી જિંદગી પુન્યના ખૂબ જ કાર્ય કરનારને માટે અધિકસુખ આપનાર સ્વર્ગ મહેલ પણ હોવો જોઈએ. આ વિષય ખૂબ ચર્ચાય એવો છે એટલે કોઈ સુવિહિત-ગીતાર્થ દ્વારા વિશેષ જાણી લેવા ભલામણ છે.

[પ્રશ્નકાર-**શારદાબેન શાન્તિલાલ-ભાભર**]

શં૦ વાસુદેવ નરકે જાય તેનું શું કારણ ?

સ૦ વાસુદેવો નિયાણાં કરીને થાય છે અને તેથી તેઓ સમ્યક્ત્વ (આયુષ્ય બંધ પહેલાં) ન પામતા હોવાથી તેમજ વિરતિના પરિણામનો અભાવ હોય અને આરંભ-સમારંભમાં મશગુલ રહી પારાવાર પાપ બંધ કરનાર હોવાથી તેઓ નરકમાં જાય છે.

⊙

## મરી હું ગયો ને રમણને બાળ્યો !

પાગલખાનામાં નવા ભરતી થયેલા પાગલને ખૂબ હસતો જોઇને ડૉકટરે હસવાનું કારણ પૂછતાં ગાંડો બોલ્યો, 'હું અને રમણ જોડીયા ભાઇઓ હતા અમારામાં એટલું બધું મળતાપણું હતું કે લોકો ભૂલાવામાં પડી જતા ! નિશાળમાં રમણ તોફાન કરે અને માસ્તર સજા મને કરે ! એક વખત રમણે મારામારી કરી ને મેજીસ્ટ્રેટે સજા મને કરી ! એક છોકરીના પ્રેમમાં પડયો હું ને એને લઇને ભાગી ગયો રમણ, પણ ગયા અઠવાડિયેજ મેં રમણ પાસેથી બદલો લઇ લીધો.

'કેવી રીતે ?' ડૉકટરે પૂછ્યું.

'મરી હું ગયો ને લોકો બાળી આવ્યા રમણને ?'




**વહી ગયેલી વાર્તા** ઘનઘોર અટવીમાં ઋષિદત્તાને પારધિઓ ઉપાડી જાય છે. અનેક પ્રકારની સ્વાર્થાંધ કલ્પનાઓમાં માચી રહેલા તેઓને વનવાસીઓની ટોળી મારી નાંખીને ઋષિદત્તાને ઉપાડી જાય છે. તેઓ યક્ષની મૂર્તિ આગળ બલિદાન આપવાને માટે ઋષિદત્તાને સાચવે છે. ઋષિદત્તા તો કર્મજન્ય આ બધી વિપરીત પરિસ્થિતિને સમતાભાવે સહન કરે છે, મનમાં નવકારમંત્રનું ધ્યાન ધરતો તે સમાધિ જાળવે છે, અચાનક જંગલી હાથીઓનું ટોળું આ વનવાસીઓના આવાસ આગળ તોફાને ચઢે છે. ને ઋષિદત્તાને એક જંગલી હાથી પોતાની સુંઢવડે ઉંચકે છે. શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન ધરી રહેલ ઋષિદત્તાને હાથીએ ઉચકીને નાસવા માંડયું.

**હવે વાંચો આગળ :**

⊙

## પ્રકરણ ૨૩ મું

## આરાધના ફળી !

સમગ્ર વનપલ્લીનો દાળો વાટો કરી ચૂકેલા હાથીનાં ટોળાંએ ઋષિદત્તાને સુંઢમાં પકડીને ઉઠાવી જતાં ગજરાજ પાછળ ચાલવા માંડયું.

હાથીની સુંઢની પકડમાં પકડાયેલી ઋષિદત્તાએ જીવવાની તમામ આશાનો ત્યાગ કરી દીધો હતો અને હૈયામાં શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાને જ સ્થાન આપ્યું હતું.

જેના પ્રાણને ધર્મનો સ્પર્શ થયો હોય છે તે મૃત્યુકાળ નજીક આવે ત્યારે સંસારના સઘળા આકર્ષણો અને પ્રશ્નોથી નિવૃત્તિ બની કેવળ ઇષ્ટની છબીમાં જ સમગ્ર મનને રોકી દે છે, કારણ કે જીવનનો સરવાળો મૃત્યુ હોય છે અને મૃત્યુ કલુષિત બને તો આ જીવન અને આવતું જીવન પણ અસફળ બને છે.

ઋષિદત્તાના હૈયાને ધર્મનો સ્પર્શ તો બાળકાળથી જ થયો હતો. વિપત્તિ વખતે ધર્મ સિવાય ઉત્તમ સહારો અન્ય કોઇ નથી એવી તેની અતૂટ શ્રદ્ધા હતી અને શ્રદ્ધાના બળે જ તે અત્યારે પોતાના મનને શ્રી જિનેશ્વરભગવંતની સૌમ્ય પ્રતિમાના મંગળમય સ્વરૂપમાં કેન્દ્રિત કરી શકી હતી.

ભયંકર અટવિમાંથી પસાર થઇ રહેલો ગજરાજ જાણ્યે કોઇ અમૂલ્ય સંપત્તિ મેળવી હોય અને તે સંપત્તિ કોઇ છીનવી ન જાય એવા હર્ષ અને ભય સાથે પૂર્ણ વેગ સહિત આગળ વધી રહ્યો હતો. એની પાછળ જ હાથીઓનું ટોળું દોડી રહ્યું હતું.

ગજરાજ આડ માર્ગે જ જતો હતો. સુંઢમાં પકડાયેલી ઋષિદત્તાનાં વસ્ત્રો વારંવાર વૃક્ષોની ડાળીઓ સાથે ભરાતાં હતાં પરંતુ ઋષિદત્તાને એ અંગેની જાણ્યે કશી પરવા નહોતી.

લગભગ સાંજ પડવા આવી. અને એક સરોવર દેખાયું. ગજરાજ સરોવરમાં ઉતર્યો. થોડે દૂર જતાં જ ગજરાજે ઋષિદત્તાને સરોવરમાં છોડી દીધી. ઠંડા જળનો સ્પર્શ થતાં ઋષિદત્તાએ આંખો ખોલી. ઓહ ! પોતે હાથીની પકડમાંથી છૂટી ગઇ હતી અને અગાધ જળરાશીમાં આવી પડી હતી. તેને બાલ્યકાળથી તરતાં આવડતું હતું. તે તરતી તરતી બહાર નીકળી.

ગજરાજ હાથણીઓ સાથે સરોવરમાં મસ્તી કરી રહ્યો હતો. સરોવરમાં વસતાં જળચરો ભયગ્રસ્ત બની ગયાં હતાં.

ઋષિદત્તા કિનારે પહોંચી અને થાકી ગઇ હોવાથી કિનારે બેસી ગઇ. સૂર્યાસ્તને થોડી વાર હતી. થોડી પળ વિસામો લઇને તેણે ચારે તરફ નજર કરી. આ શું ? આ તો અતિ પરિચિત સ્થળ છે.

આ તો એજ પોતાનું પ્રિય સરોવર ! પોતે જ્યાં પોતાના પિતા સાથે વરસો સુધી રહી હતી તે જ ઉપવન !

ઋષિદત્તાએ સરોવરમાં નજર કરી.

બધા હાથીઓ જાણે ચાલ્યા ગયા હતા. એટલી વારમાં હાથીઓ કયાં ગયા હશે ? શું હાથીના રૂપમાં શાસનદેવ રક્ષા કરવા આવ્યા હશે ?

સરોવર સાવ શાંત જણાતું હતું. આ શો ચમત્કાર ? ઋષિદત્તા ઉભી થઇ અને હૈયામાં નિરાંત અનુભવતી પોતાના ઉપવન તરફ ગઇ.

હજુ સુધી અઠ્ઠમ તપનું પારણું પણ થયું ન હોતું..! ચાર ચાર દિવસના ભયંકર રઝળપાટથી તે ખૂબ જ થાકી ગઇ હતી. છતાં પરિચિત સ્થળ જોઇને તેના પગમાં ઉત્સાહ આવી ગયો હતો.

ઉપવનમાં દાખલ થતી વખતે તેણે પશ્ચિમ ગગન તરફ જોયું. સૂર્ય પૃથ્વીને છેલ્લો સ્પર્શ કરીને વિદાઇ લઈ ચૂકયો હતો. સંધ્યાનો મધુર પ્રકાશ જાણે સમગ્ર પૃથ્વીને રમાડી રહ્યો હતો.

આનંદ અને આશ્ચર્ય વ્યકત ન કરી શકાય એવા ભ્રમ સાથે તે ઉપવનની પોતાની ચિર પરિચિત પગદંડી પર ચાલવા માંડી.

થોડી જ પળોમાં તેના નયનો સામે પોતાની આરાધનાનું સ્થળ શ્રી જિનમંદિર દેખાયું. તે હર્ષ ભર્યાં ચરણે શ્રી જિનમંદિર તરફ દોડી.

પોતે જે સમયે આજે જ હાથીની સુંઢની પકડમાં સપડાણી હતી અને માથે કાળની ઝાલરી વાગી રહી હતી, તે વખતે તેણે શ્રી ઋષભદેવ ભગવંતની પ્રતિમાને મનમાં ધારી હતી. જે પ્રતિમાનું બાલકાળથી પોતે પૂજન કરી રહી હતી. જે પ્રતિમા સામે બેસીને પોતે ભગવંતના અનંત ગુણોનું સ્મરણ કર્યું હતું. તે જ ભવ્ય, સુંદર અને નયનમનોહર પ્રતિમા તેની આંખ સામે સર્વ પરિતાપને દૂર કરનારી મંગલમય શાંતિ બિછાવી રહી હતી.

ઋષિદત્તાએ ભગવંતને ધારી–ધારીને જોયાં અને વિધિવત નમસ્કાર કર્યાં.

પણ ગર્ભદ્વારમાં દીપિકા હતી નહિં. સંધ્યા વિદાય થઇ હોવાથી અંધકાર ઘેરાઇ ચૂકયો હતો. છતાં ઋષિદત્તાના નયનો ભગવંતના દર્શનમાં સ્થિર બન્યાં હતાં.

થોડીવાર પછી તે બહાર આવી. થોડે દૂર પોતાની ત્રણ કુટિરો હતી. ઋષિદત્તા તે તરફ ગઇ.

ત્રણેય કુટિરો એવી ને એવી હતી. પણ છેલ્લા કેટલાક દિવસોથી તે અવાવરી હોવાથી તેમાં કચરો વગેરે પુષ્કળ હતું.

ઋષિદત્તાને પોતાના મહાન પિતા યાદ આવ્યા. અને આ સ્થળે થયેલું સ્વામીનું પ્રથમ મિલન યાદ આવ્યું.

મન બોલી ઉઠયું; 'કર્મરાજાનું પરિબળ કેટલું મહાન છે? આશાનાં મધુર ગીત હૈયામાં ભરીને પોતે લગ્ન કર્યાં હતાં. એ ગીતનું ગુંજન હજી શરૂ જ થયું હતું અને કોઇ દુષ્કર્મનો પ્રભાવ આવી પડયો ! ગીત વેરાઇ ગયાં. આશાનાં રંગ ઢોળાઇ ગયા... સંસારની માધુરી નષ્ટ બની ગઈ...!'

આ રીતે ઘડીભર વિચાર કરીને તેણે એક કુટિરમાં પ્રવેશ કર્યો. જે કુટિરમાં પોતે રહેતી હતી.

પણ કુટિરના અંધકારને દૂર કેવી રીતે કરવો ?

કુટિર બંધ કરીને તે બહાર આવી. ચારે તરફ નજર કરી. એ જ વૃક્ષો ! એ જ લત્તામંડપો ! એ જ માની ગોદ જેવી ધરતી !

ઋષિદત્તા પુનઃ મંદિરમાં ગઇ અને ભગવાનનું સ્મરણ કરતી કરતી એક જગ્યા સ્વચ્છ કરીને ત્યાં જ આડે પડખે થઇ.

અઠ્ઠમનું તપ હતું, પારણું થયું ન હોતું, આજ પણ ઉપવાસ જેવો જ દિવસ પસાર થયો હતો, વિપત્તિઓના કારણે મન અને કાયા બંને થાકી ગયાં હતાં.

ઋષિદત્તા થોડી જ વારમાં નિદ્રાધિન થઇ ગઇ. એના ચિત્તને પોતાનું જ સ્થાન પ્રાપ્ત થતાં ઘણું ધૈર્ય મળી ગયું હતું.

આ તરફ રથમર્દન નગરીમાં યુવરાજ કનકરથ છેલ્લા ચાર દિવસથી સહી ન શકાય એવી મનોવેદના સહન કરી રહ્યો હતો. તેની ક્ષુધા મરી ગઇ હતી, તેની નિદ્રા અલોપ થઇ ગઈ હતી, મિત્રો સાથે વાતો કરવી ગમતી નહોતી, રાજકાજમાં કોઇ પ્રકારનો રસ રહ્યો નહોતો. એને એમ જ થતું કે આ સંસારમાં પોતે સાવ એકલો-અટૂલો જ થઈ પડયો છે. જીવનની સઘળી ખુશ્બુ કાળના અટ્ટહાસ્યમાં વિલય પામી ચૂકી હતી.

પુત્રની આ દશા જોઇને મહારાજા હેમરથ અને મહાદેવી સુયશારાણી ભારે ચિંતિત બની ગયાં હતાં. તેમણે પુત્રનું મન પ્રફુલ્લ કરવા ખાતર નૃત્ય, સંગીત, વિનોદ વગેરેના અનેક મનોરંજક પ્રયોગો કર્યા હતા પરંતુ કનકરથનું ભાંગી ગયેલું હૈયું એવું ને એવું આળું રહ્યું હતું.

દેહ પર લાગેલો ઘા ઉપચારથી રૂઝાય છે પણ હૈયા પર લાગેલો ઘા ઉત્તરોત્તર ગંભીર બનતો જતો હોય છે.

રાજના મહામંત્રીશ્વરે યુવરાજને ખૂબ સમજાવ્યો. જીવનના આવા પ્રશ્નોની ખૂબ જ વાતો કરી. અનેક પ્રકારનાં દષ્ટાંતો આપ્યાં પણ કનકરથના ચિત્તને શાંતિ ન મળી.

મહારાજાએ પુત્રને પોતાના જ ભવનમાં રાખ્યો હતો. તેઓ સમજતા હતા કે ઘણીવાર જુવાન માણસો લાગણીવશ બનીને ન કલ્પેલું કાર્ય કરી બેસે છે.

અને મેલી વિદ્યાના બળ વડે યુવરાજના જીવનમાં ઝેર રેડી ચૂકેલી અને કોમળ ફુલ જેવી પવિત્ર નારી ઋષિદત્તાને બેઇજ્જતીના વમળમાં ધકેલી ચૂકેલી સુલસા યોગિની પોતાની દાસી સાથે પોતાના આશ્રમમાં પહોંચી ગઇ હતી અને એક દિવસનો આરામ લીધા પછી તે બીજે દિવસે વહેલી સવારે રાજકન્યાને મળવા કાવેરીનગરીના રાજભવન તરફ વિદાય થઇ.

રાજકન્યા રૂક્ષ્મણી અને સુંદરી બંને એક જ ખંડમાં સઇ રહેતાં હતાં અને સુલસા યોગિની કયારે કાર્ય સિદ્ધ કરીને આવે તેની વાટ જોઇ રહ્યા હતાં.

સુલસા યોગિનીને ધાર્યા કરતાં વધારે દિવસ થયેલા હોવાથી રાજકન્યાનું મન કંઇક નિરાશ બની ગયું હતું. તેણે બે દિવસ પહેલાંજ સુંદરીને કહ્યું હતું; 'યોગિનીને ઘણા દિવસો થઇ ગયા. મને લાગે છે કે તે પોતાના કાર્યમાં સફળ નહિ થાય અથવા તો કાર્ય કરવા જતાં પકડાઇ ગયાં હશે.'

'દેવી, આવો કોઇ સંશય રાખવાની જરૂર નથી. સુલસા યોગિની સમર્થ છે. વધુ પડતા દિવસો થાય છે એટલે જરૂર તેણે જુદી જ રીતે કાર્ય ઉપાડયું હશે. બાકી એની પાસે મેલી વિદ્યાનું એટલું બધું બળ છે કે કદી કોઇના હાથમાં સપડાઇ જ શકે નહિ.' સુંદરીએ વિશ્વાસ ભર્યા સ્વરે કહ્યું.

હજી સૂર્યોદય નહોતો થયો.

સુલસા યોગિની પોતાની અદ્રશ્ય શકિતવડે મહેલમાં દાખલ થઇ ગઇ અને રાજકન્યાના શયનગૃહના દ્વાર પાસે ઉભી રહી. બે પળ વિચાર કરીને તેણે દ્વાર પર ટકોરો માર્યો.

સુંદરી જાગી ગઇ. વાતાયન તરફ જોયું તો ઉષાના કિરણો પૃથ્વીને ભીંજવી રહ્યાં હતાં. તે બોલી: 'કોણ ?'

જવાબમાં દ્વાર પર બીજો ટેકોરો પડયો.

સુંદરી શય્યા પરથી નીચે ઉતરી. રૂક્ષ્મણી પણ જાગી ગઇ હતી. તે બોલી: 'કેમ, શું છે ?'

'આજ આપણને વિલંબ થયો એટલે પરિચારિકા જાગૃત કરવા આવી લાગે છે.' કહી સુંદરીએ શયનખંડનું દ્વાર ખોલ્યું ચારે તરફ જોયું તો કોઇ દેખાયું નહિં.

ત્યાં તો ખંડમાં જ એક ખડખડાટ હાસ્ય થવા માંડયું.

રાજકન્યા અને સુંદરી બંને ચમકયાં.

અદ્રશ્યપણે ઉભેલી સુલસાએ હસતાં-હસતાં કહ્યું: 'આયુષ્યમતિ, ગભરાવાની કોઇ જરૂર નથી. હું યોગિની સુલસા છું. દ્વાર બંધ કરી દો.'

સુંદરીએ તરત દ્વાર બંધ કર્યું.

સુલસા પ્રગટ થઇ.

રાજકુમારી અને સુંદરીએ ઘણા જ ભાવ અને આશ્ચર્ય સહિત નમસ્કાર કર્યા.

સુલસાએ બંનેને આશીર્વાદ આપીને કહ્યું; પુત્રી, તારૂં કાર્ય સિદ્ધ થઇ ગયું છે. તારા સ્થાન પર રૂપના ગર્વથી કબજો જમાવી બેઠેલી યુવરાજ્ઞીનો હંમેશ માટે અંત આવી ગયો છે.'

'અંત?' રૂક્ષ્મણીએ પ્રશ્ન કર્યો.

'હા બેટી, ભયંકર અપમાન સાથેનો અંત. રથમર્દન નગરીના મહારાજાએ જ એના અક્ષમ્ય અપરાધ બદલ વધની આજ્ઞા આપી.' સુલસાએ કહ્યું.

સુંદરીએ કહ્યું; 'મહાદેવી, ખરેખર આપની શકિત અજોડ છે....આપે આ કાર્ય કેવી રીતે કર્યું હશે, એ જ અમારાથી સમજાતું નથી.'

'કાર્ય થઇ ગયું છે. વિદ્યાના બળ આગળ કોઇ કાર્ય અશકય છે જ નહિ. કાર્ય કેમ થયું તે કેવી રીતે થયું એ મહત્વની વાત નથી. હવે આ અંગે તમારે જે કંઇ પ્રયત્ન કરવો ઘટે તે કરજો.' સુલસાએ કહ્યું.

રૂક્ષ્મણીએ તરત પોતાના ગળામાંથી મણિમુકતાનો મૂલ્યવાન હાર કાઢીને સુલસાના ચરણમાં મૂકયો અને કહ્યું. 'મહાદેવી, આપે મારા પર મોટો ઉપકાર કર્યો છે આપે કરેલા ઉપકારનો બદલો વાળવાની મારામાં કોઇ શકિત નથી. છતાં સુંદરી જાતે આવીને આપના ચરણમાં ફુલપાંખડી મૂકી જશે.'

સુલસાએ આશીર્વાદ આપીને મણિમુકતાનો હાર લઇ લીધો અને કહ્યું; 'પુત્રી, તારૂં કાર્ય થયું એ જ મારા માટે મોટમાં મોટો ઉપહાર છે.'

સુંદરીએ કહ્યું: 'મહાદેવી, આપતો યોગિની છો. ધારી સમૃદ્ધિ મેળવી શકવાની આપનામાં શકિત છે. રાજકુમારી તો કેવળ આપની વિદ્યાની પૂજા કરવા જ ઇચ્છે છે.'

સુલસાએ પ્રસન્ન સ્વરે કહ્યું: 'સુંદરી, રાજકુમારીની ભાવનાને હું જરૂર સ્વીકારીશ. હવે તમે પ્રાતઃકાર્યની તૈયારી કરો. સૂર્યોદય થઈ ગયો છે. હું વિદાય લઉં છું. અને કોઇ પણ સમયે મારૂં કામ પડે તો મને સંકોચ વગર સંદેશો મોકલજો.'

થોડી વાર પછી સુલસા અદૃશ્ય બનીને વિદાય થઇ.

અને રૂક્ષ્મણી ઘણા જ ઉલ્લાસ સાથે સુંદરીને લઇને પ્રાતઃકાર્ય માટે ખંડ બહાર નીકળી.

⊙

સવાર પડયું.

પંખીઓના ઉલ્લાસ ગાન શરૂ થઇ ગયાં. પ્રભાતનો સુખદ વાયુ ચારે દિશાને તાઝગી આપવા માંડયો ભગવાન ઋષભદેવ પ્રભુના મંદિરમાં એક ખૂણે એમને એમ સૂઇ ગયેલી ઋષિદત્તા જાગૃત થઇ.

આસપાસ નજર કરી.

પંખીઓનો મીઠો કલરવ જાણે પ્રકૃત્તિની વંદનાનું કાવ્ય પીરસી રહ્યો હતો. ઋષિદત્તા ઉભી થઇ અને શ્રી ઋષભદેવ પ્રભુની સૌમ્ય મધુર પ્રતિમાના દર્શન કરીને પોતાની કૂટિર તરફ આવી.

સૌથી પ્રથમ તેણે કૂટિર સ્વચ્છ કરી. પોતાનો જે જુનો સ્વલ્પ સામાન હતો તે વ્યવસ્થિત કર્યો. એક નાની પેટિકા એમને એમ પડી હતી. તે પેટિકામાં પોતાનાં અને પિતાનાં વલ્કલ વસ્ત્ર પડયા હતાં.

કૂટિર સ્વચ્છ કર્યા પછી તે માટીનો ઘડો લઇને જળ ભરવા ગઈ.

હજુ સુધી તેણે પારણું કર્યું નહોતું. પણ અત્યારે તેને શ્રમનું કોઇ દુઃખ જણાતું નહોતું. કારણ કે આજ પોતે પોતાના ચિરપરિચિત અને જીવનસાથી સમા નિર્ભય સ્થાને આવી ગઇ હતી.

જળ ભરીને આવ્યા પછી તેણે મંદિરમાં કાજો કાઢયો અને સ્નાન કરીને ભગવાનની જળ, પુષ્પ આદિ વડે ઘણા જ ભાવભર્યા હૈયે પૂજા કરી.

ભગવંતની પૂજા કર્યા પછી તે ઉપવનમાં ગઇ અને ચાર-છ ફળો લઈ આવી.

ત્યાર પછી તેણે પારણું કર્યું.

પારણું કરીને તે ઉભી થઈ અને બાજુની બંધ કૂટિરમાં ગઈ.

અને તેને પિતાએ શિખવેલી રૂપ પરાવર્તિની વિદ્યા યાદ આવી. ઋષિદત્તાના મનમાં થયું, રૂપ-પરાવર્તિની વિદ્યા વડે પુરુષમાં પલટાઈ જવું જોઈએ. કારણ કે ગમે તેમ તોય આ નિર્જન પ્રદેશ છે, અને આ ઉપવનમાં પોતે એકલી છે. કોઈ સમયે પાપી અથવા નીચ પ્રકૃતિના માણસો આવી ચડે અને પોતાને જોઈ જાય! સંસારમાં રૂપને સાચવવું એ ભારે કઠણ કામ છે. તેમાંય આવા નિર્જન વન પ્રદેશમાં સાવ એકાકિ નારીએ પોતાના સ્વર્ગ સોહામણા રૂપ, યૌવન અને શિલની રક્ષા કરવી એ સાવ સામાન્ય વાત નથી.

ઋષિદત્તા તરત બીજી કૂટિરમાંથી પાછી વળી અને મંદિરમાં ગઈ. ત્યાં એક સ્વચ્છ જગ્યાએ બેસીને રૂપપરાવર્તિની વિદ્યાનું આરાધન શરૂ કર્યું.

અને કેવળ બે જ ઘટિકામાં ચમત્કાર સર્જાયો.

ઋષિદત્તા એક સુંદરી નવયૌવનામાંથી એક સુંદર નવજવાન બની ગઈ. એના ઉન્નત ઉરોજ અદ્રશ્ય થઈ ગયાં. એની અતિ રૂપવતી કાયા પુરુષોચિત્ત તામ્રવરણી બની ગઈ. ચહેરો એનો એ રહ્યો. કોઈ જોનારને એમ જ લાગે કે આ નવજવાન અવશ્ય ઋષિદત્તાનો સહોદર જ હોવો જોઈએ.

રૂપનું પરિવર્તન થયા પછી ઋષિદત્તાએ ઘણાજ પ્રસન્ન મન સાથે પોતાની કાયાનું નિરીક્ષણ કર્યું તે પોતાની જાતને ધન્ય માનીને મંદિરમાંથી બહાર નીકળી.

ઋષિદત્તાના મનમાં બીજો કશો ભય નહિ. જેના મનમાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધાનો દીપ જલતો હોય છે તેના મનમાં કોઈપણ પ્રકારનો ભય ટકી શકતો નથી. છતાં સમય અને પરિસ્થિતિની ઉપેક્ષા કરવી તે ડહાપણ નથી. આમ સમજીને જ ઋષિદત્તાએ રૂપપરાવર્તિની વિદ્યાનું આરાધન કર્યું હતું.

હવે તે નિઃસંકોચપણે આ ઉપવનમાં રહી શકશે. પિતાના વલ્કલ વસ્ત્રો ધારણ કરીને એક નવી જ સૃષ્ટિ ઉભી કરી શકાશે અને શ્રી ઋષભદેવ ભગવંતની ભક્તિ શાંતિથી કરી શકાશે.

⊙

એક સપ્તાહ પછી સુંદરીએ રાજકુમારીની માતા દેવી વાસુલારાણી પાસે જઈને નમસ્કાર કરતાં કહ્યું:

'હમણા રૂક્ષ્મણી ખૂબ જ પ્રસન્ન ચિત્ત દેખાય છે. એથી વધારે શુભ સમાચાર બીજા કયા છે?'

સુંદરીએ ખંડમાં ચારે તરફ જોયું. એક પરિચારિકા ઉભી હતી. તેના તરફ ઇશારો કરીને બહાર ચાલ્યા જવાનું જણાવ્યું.

પરિચારિકા ખંડ બહાર નીકળી ગઈ.

વાસુલારાણી પ્રશ્ન ભરી નજરે સુંદરી સામે જોઈ રહી હતી. સુંદરીએ કહ્યું: 'મહાદેવી, રાજકુમારીના ચિત્તને પ્રસન્ન કરે એવા એક મહત્વના સમાચાર હમણા જ પ્રાપ્ત થયા છે.'

'શું?'

'યુવરાજ કનકરથની વનવાસિની પત્નીનો વધ કરવામાં આવ્યો છે.'

'વધ! આ સમાચાર તને કોણે કહ્યા?'

'મહાદેવી, મારા પડોશમાં રહેતો એક બ્રાહ્મણ ગઈ રાતે રથમર્દન નગરીથી અત્રે આવ્યો છે. તેણે મને સમાચાર આપ્યા હતા કે મહારાજા હેમરથે વનવાસિનીના કોઈ અપકૃત્ય બદલ મૃત્યુ દંડ આપ્યો છે.' સુંદરીએ મનઘડંત વાતરૂપે હકિકત રજુ કરી.

બે પળ વિચાર કરીને વાસુલારાણીએ કહ્યું: 'સુંદરી, આ વાત ન માની શકાય એવી છે.'

'એટલે જ હું આપને પ્રાર્થના કરવા આવી છું કે આપ આ અંગે ગુપ્તદૂત મોકલીને તપાસ કરાવો અને વાત સત્ય હોય તો....'

'જો વાત સત્ય હશે તો રૂક્ષ્મણીની મનોકામના અવશ્ય પૂર્ણ થશે. આજે જ મહારાજાને કહીશ અને કંઇક પ્રબંધ કરાવીશ.'

સુંદરી નમસ્કાર કરીને ચાલી ગઈ.

અને ત્રીજે દિવસે મહારાજાએ બે ગુપ્તદૂતોને ઉત્તમ અશ્વો સાથે વિદાય કર્યાં. —(ચાલુ)

# પંચપરમેષ્ઠી નમસ્કાર

સં. ડો. વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી

પરમેષ્ઠી પિતાનાં સ્થાને છે, અને તેમને કરેલો નમસ્કાર માતાનાં સ્થાને છે. માતાના સંબંધથી જ પિતાની ઓળખાણ થાય છે. પિતા પુત્રને પરોક્ષ છે. માતાને પ્રત્યક્ષ છે. પુત્રે પિતાને ઓળખવા માટે માતાનો આશ્રય લેવો પડે છે. માતા પ્રત્યેની ભક્તિ સ્વયંભૂ છે, જે જીવો સહજ સ્વભાવથી જ માતૃભક્ત છે, તેને જેમ માતા દ્વારા પિતાની પ્રતીતિ થાય છે, તેમ આપણે પણ પરમેષ્ઠી રૂપ પિતાની પ્રતીતિ કરવી હોય, પરમેષ્ઠીની સાચા સ્વરૂપની ઓળખાણ કરવી હોય તો નવકારરૂપ માતાનો આશ્રય લેવો.

પરમેષ્ઠી નમસ્કારમાં પરમાત્મરૂપ દેવ, અને અંતરાત્મ સ્વરૂપ ગુરૂ એ બન્ને આવી જાય છે. તેમને નમસ્કાર કરવા વડે તેમના પરિચયમાં રહેવાથી આપણને આપણું અંતરાત્મ સ્વરૂપ અને શુદ્ધ પરમાત્મ સ્વરૂપ શું છે તેની ઝાંખી થતી જાય છે. જેમ જેમ તે વૃદ્ધિ પામતી સ્પષ્ટ રૂપને ધારણ કરતી જાય છે. તેમ તેમ દેહના માત-પિતાની જેમ આત્માના માત-પિતાનો સંબંધ સ્થપાય છે અને સ્થપાયેલો એ સંબંધ જ આપણા દુર્ઘટ કાર્યોને પણ સુઘટ બનાવનાર થાય છે.

સંસારની વિષમતાનો કોઈ પાર નથી. તેનો પાર પામવા બળવાન સાથ વિના, સબળની સહાય વિના માર્ગ કાપવો એ ભલભલા ભડવીરને માટે દુષ્કર છે એ સાથ અને સહાય, પરમેષ્ઠી નમસ્કાર વડે આપણને પ્રાપ્ત થાય છે અને તેનાં બળે કોઇપણ એવું દુર્ઘટ કાર્ય રહેતું નથી કે જે આપણે ન કરી શકીયે.

આ રીતે પરમેષ્ઠી નમસ્કારના પ્રભાવનો વિચાર કરીને એના મહિમાને હૃદયમાં સ્થાપિત કરીને તેના પ્રત્યે પરમ ભક્તિવાળા બનવું એ સકળ સંઘનું પ્રથમ કર્તવ્ય છે.

પંચ પરમેષ્ઠી નમસ્કાર પુણ્યરૂપી શરીરની જનની છે–પાલની છે અને શોધની છે અને જીવરૂપી હંસની વિશ્રાંતિ માટે કમલની શોભા છે, માટે એ જયવંત રહો.

વળી આજે સારો ય સંસાર લગભગ ભૌતિકતાથી, અનૈતિકતાથી, પાશવતાથી હદ ઉપરાંત પતિત થઈ રહ્યો છે. તેવા સમયે પતિતને પાવન કરનાર પરમેષ્ઠી નમસ્કારનો આશ્રય અનિવાર્ય બન્યો છે. આજે સંઘની અંદર–માનવ–માનવમાં, ઘર–ઘરમાં, પરસ્પર પ્રેમને બદલે ઘૃણા–સહિષ્ણુતાને બદલે ઉગ્રતા છે, અને સ્નેહને બદલે વિરોધનું વાતાવરણ માઝા મૂકી રહ્યું છે તેવા સમયે બધાનું માનસિક વલણ એક એવી દશામાં વાળવું જોઈએ કે જેથી કોઈ જાતની પ્રેરણા કર્યા વિના સહજ રીતે પ્રેમ–વિશ્વાસ અને વાત્સલ્યનું વાતાવરણ ફેલાય.

પરમેષ્ઠી નમસ્કાર પ્રત્યે સહુ કોઈને એક સરખો આદર છે તેમજ તેના પ્રત્યે સમર્પણના ભાવ ખીલવવા માટેના કાર્યમાં સૌનો એક સરખો સહકાર રહેવાનો અને તેથી સાચું ધર્મ-બંધુત્વ ખીલી નીકળવાનું. સંઘમાં બંધુત્વ ખીલ-

# પદ પ્રદાન પ્રસંગે :

## પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

ગત માગશર સુદિ ૬ ના મંગલ દિવસે અમદાવાદ ખાતે શ્રી શાંતિનાથજીની પોળના ચોકમાં પદવી પ્રદાન સમારંભ ભવ્ય ઠાઠપૂર્વક ઉજવ્યો હતો. પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ ને તથા પૂ. મુનિરાજશ્રી વિબુધવિજયજી મહારાજને ગણિ-પંન્યાસપદ પ્રદાન થયેલ; તે અવસરે પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું પ્રવચન થયેલ, જેનું ટુંક સારભૂત અવતરણ ભાઇ જયંતિલાલ એ. શાહે કરેલ, જે અમે 'કલ્યાણ'ના વિશાલ વાચકવર્ગ માટે પૂ. પ્રવચનકારશ્રીના આસય વિરૂદ્ધ અહિં જે કાંઈ પ્રસિદ્ધ થયેલ હોય તેની ક્ષમાયાચના સાથે અમે પ્રસિદ્ધ કરીએ છીએ !

⊙

અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવનાં શાસનમાં ગુણ સંપન્ન આત્માઓની ઉપબૃંહણા એ સુંદરમાં સુંદર દર્શનાચારનો આચાર ગણાય છે, અને તેની આરાધના માટે અને શાસનમાં શાસનને અનુરૂપ આજ્ઞા મુજબના જે કાંઈ કામ કરવાની જેના જેનામાં યોગ્યતા હોય તે યોગ્યતાને શાસનમાં વિકસાવવા માટે અવકાશ કરી આપવો, તે શાસનના મહારથી માથે ફરજ છે.

જિનશાસન જિનની વાણીથી ચાલે છે. શ્રી જીનેશ્વરદેવોની ગેરહાજરીમાં જિનવાણીના આલંબને જિનેશ્વરદેવના શાસનની સદા માટે પ્રવૃત્તિ રહેવાની છે.

જિનેશ્વરદેવો શાસન સ્થાપી, આયુષ્ય હોય ત્યાં સુધી જીવી, શાસનને ટકાવવાના ઉપદેશ આપી જાય છે, અને ત્યાર પછીની સારી જવાબદારી જૈન-શાસનના આચાર્યોના માથે આવે છે.

જૈન-શાસન એવું સૂચવે છે કે જો આજ્ઞા પ્રમાણે તેને વ્હેતું રાખવામાં આવે તો ભવ્ય જીવોનું કલ્યાણ જરૂર થાય.

પાંચ પદસ્થોનું મહત્ત્વ ઘણું છે, જે સમુદાયમાં પાંચ પદસ્થો ન હોય તે સમુદાયને ચોરની પલ્લી જેવો કહ્યો છે.

જૈન-શાસનને સત્તાથી ચલાવવાની જોખમદારી જૈન શાસનના આચાર્યોની હોય છે. તેમાં પદસ્થો હોવા જોઇએ અને ગણનાયક પદસ્થ હોવા જોઇએ. જૈનાચાર્યો હંમેશા જિનની આજ્ઞા પ્રમાણે ચાલે છે. અને મુનિઓને હંમેશા અર્થથી વાંચના આપે છે. આચાર્ય એકાંતમાં રાજાની માફક રહીને જૈન શાસનમાં શું શું થઇ રહ્યું હોય છે તેની ચિંતા કરે છે. અને તે ચિંતા ન હોય ત્યારે શાસ્ત્રના અર્થોનું ચિંતવન કરે છે.

(૧) **આચાર્ય** જેમ રાજા જેમ છે તેમ. (૨) **ઉપાધ્યાય** મંત્રી તરીકે છે. આચાર્યની આજ્ઞા મુજબ વર્તતા સાધુઓને ઉપાધ્યાય ભગવાન સાધુની યોગ્યતા પ્રમાણે સૂત્રની વાંચના નિરંતર આપે છે.

મુનિપણામાં આવીને નિષેધમાં અપ્રવૃત્તિ અને વિહીતમાં પ્રવૃત્તિ અખંડ ચાલુ રહેવી જોઇએ, જો

---

**વવા માટે આજે એ એક સુલભ અને સૌને માન્ય થાય તેવો માર્ગ છે, તેથી તેના પર વધારે પ્રેમ જાગે, એ માટે એને અંગે ઉંડો વિમર્શ કરીને તેનું આંદોલન પ્રત્યેક ગામ-નગર-શહેર ઘર અને અંતરમાં જાગે તેમ થવાની ખાસ જરૂર છે.**

**તપ વિનાનો જપ અને જપ વિનાનો તપ શુષ્ક જ છે. તેથી તપ અને જપના મિલન સાથે જીનાજ્ઞાના પ્રેમને જગાવવાની જરૂર છે. જીનાજ્ઞાના ખીલે બંધાઇને આપણે તપ-જપ કરીયે. સંયમ, વ્રત, નિયમ, પાળીયે, સંઘ, સાધુ, સમાધિ, વૈયાવચ્ચ વગેરે ધર્મકરણી કરીયે તો આપણું અને સારાય વિશ્વનું કલ્યાણ થાય.**

★

મુનિ સમુદાય નિષેધમાં પ્રવૃત્તિ અને વિહીતમાં અપ્રવૃત્તિ કરે તો, તે સમુદાય ટકી શકે નહિ. આવું ન બને તે માટે ત્રીજા નંબરે **પ્રવર્તક** રાખ્યા હોય છે. પ્રવર્તક જે વખતે ઠીક લાગે તે પ્રમાણે ઠંડકથી–ગરમથી લાલઆંખ કરીને, શિક્ષા કરીને પણ સાધુને માર્ગમાં રાખે છે.

મુનિપણામાં રહેલા સઘળા આત્માઓ તેમની હિતશિક્ષા સાંભળી બધા આનંદ પામે તેવું બને નહિ. કોઇને પ્રવૃત્તિમાં ચલવિચલતા થાય, એવું પણ થઇ આવે કે 'હું ક્યાં અહીં આવ્યો?' વગેરે આવે, તેની પ્રવૃત્તિ–વિચારથી દૂર કરવા અને માર્ગમાં સ્થિર કરવા માટે સ્થવિરો છે, સ્થવિરો તેનો અરૂચી ભાવ જુવે તો માતાની માફક મનાવે અને શાંત કરે આવા (૪) **સ્થવિરો** ચોથા પદે છે.

પાચમા ગણાવચ્છેદક છે. તેઓ મુનિ ગણને જરૂરી ચીજો પૂરી પાડે છે. કાળવશાત આહાર, પાણી, વસ્ત્ર ખૂટે, મળે નહિ તો તેઓ પોતાની શકિત પુણ્ય અને લબ્ધિના બળથી લઇ આવી મુનિઓને આપે છે. જ્યારે ગણાવચ્છેદકની લબ્ધિ ન ચાલે, શકિત ન ચાલે તેવો કાળ આવી લાગે, અને તેના ઉપરના પદસ્થમાં પણ તાકાત ન હોય તો ખૂદ આચાર્ય પોતે જાય અને જરુરી ચીજો પૂરી પાડે.

જ્ઞાનીઓએ મા–બાપ છોડી ઘરબાર છોડીને આવનારા સાધુઓ માટે અહીં કાળજી રાખવામાં કંઇ ખામી રાખવામાં આવી નથી.

જૈન શાસન સ્થાપનાર અરિહંતો છે. તેઓ જ્ઞાની છે, જેથી જે કાળે જે જોઇએ, જેની જરૂર પડે, તેનું તેમને સંપૂર્ણ જ્ઞાન છે. તેથી તેઓએ તે તે પ્રમાણે વ્યવસ્થા મૂકી છે. કયા કાળે કયા કયા સંયોગ ઉભા થાય તો શું કરવું? તેનાં વિધાનો છે. અને તે આજે પણ વિદ્યમાન છે.

સાધુ થનારામાં સર્વ દોષો જતા નથી. તે માટે તેના માટે અવસરે અવસરે શું કરવું? તેના સઘળા વિધાનો છે.

આચાર્યમાં પાંચે પદો સમાઇ જાય છે.

જે ભગવતી સૂત્રના યોગ કરે, યોગ્ય આત્મા હોય, આચાર્ય, ઉપાધ્યાય ભગવંતની સેવાથી અર્થ સૂત્ર તદુભય પામ્યા હોય, તેવો યોગ્ય જીવ ગણીપદ પ્રાપ્ત કરે. અને તેઓને સર્વ શાસ્ત્રોની આજ્ઞા આપવામાં આવે તે પંન્યાસ પદ છે.

પદ આપનાર દેવામાં ભૂલે, રાગથી કે દ્વેષથી અપાત્રે આપે તો પદ આપનારના માટે જે શાસ્ત્રોમાં લખ્યું છે, જે વાંચતાં કંપારી આવી જાય, અને સંસાર છોડીને આવનારાનો સંસાર વધી જાય.

આ પદ પામીને જૈન શાસનની પ્રભાવના બદલે રાગમાં–મોહમાં પડી જવાય તો પદ લેનારની પણ જોખમદારી છે. પદ લેનારને લીધા પછી પોતાની જોખમદારી વધી જાય છે. તેઓનું પ્રધાન કામ સૂત્ર અર્થનું નિરંતર ચિંતવન કરવાનું છે, અને યોગ્ય પાત્ર મળે તો પોતાની અનુકૂળતા છોડીને જેટલું જ્ઞાન દેવાય તેટલું દેવામાં જરાપણ કચાશ ન રાખવી જોઇએ. શકિત સંપન્ન થયા અને જ્ઞાન દેવાની તાકાત આવી અને જ્ઞાન ન દે તો ન ચાલે. તેને ઉપદેશ આપવાનો અધિકાર છે, અને આદેશ આપવાનો કવચિત અધિકાર છે.

અ આવનારા બધા ઉત્સાહી રહી શકતા નથી, કોઇ પ્રમાદી હોય તો તેને સુધારવાના છે. તેને એમ ન કહેવાય કે 'તે પ્રમાદી છે, ભણતા નથી, સત્તર વખત ગરજ હોય તો આવે' આવું ન કહેવાય, આવું ચાલી શકે નહિ. પણ તમારે શું કામ છે? કે તેને તમે આવા શબ્દો કહો! તમે એવું કરો કે તેને ભણવાનું મન થાય.

નાની વાતમાં ગરમી આવી જાય તો સૂત્રનો રસ દેવામાં જે ધીરજ જોઇએ તે આવે? જો ભગવાનની વાણી હૈયે ઉતરી હોય અને તેનો આનંદ હોય તો ધીરજ ધરી સમતાથી તેને તૈયાર કરવો જોઇએ.

પદ લેનારા માથે જોખમદારી વધે છે. તેઓ મહાપુરુષોની નિશ્રામાં રહીને ઉંચા આવ્યા છે, તેઓની આજ્ઞામાં રહેવું જોઇએ. પોતાના ગુરૂએ પોતાના પુત્રની માફક સાચવી જ્ઞાન આપી તૈયાર કર્યાં તો

તેઓનો ઉપકાર કદી ભૂલાય નહિ અને તે પ્રમાણે વિનિયોગ કરવો જોઈએ, તો જ સિદ્ધિ મલે, વિનિયોગ વિના સિદ્ધિ નથી.

આચાર્ય પણ પોતે પોતાની જેવા અન્યને બનાવ્યા વિના નિવૃત્ત ન બની શકે. જો નિવૃત્ત બને તો દોષ લાગે.

જે મહાનુભાવો ભગવાનની-સદ્‌ગુરુની કૃપાથી જે ઉંચે આવ્યા તો તેઓએ અનેક આત્માને ઉંચે ચડાવવાની મહેનત કરવાની હોય.

એ સાધુનું મન જેમ બધાને સાધુ કરવાનું હોય તેમ જ્ઞાનીનું બીજાને જ્ઞાની બનાવવાનું મન હોવું જોઇએ, સાધુ આવા ઉદાર, શાંત અને સહનશીલ હોય અને કોઇપણ ધર્મ પામે, જ્ઞાની બને તેવી વૃત્તિવાળા હોય છે.

સૂત્ર લેનારની જેમ યોગ્યતા કહી છે તેમ આપનારની પણ યોગ્યતા કહી છે. આપનારા શાણા હોય તો ઉલ્લંઠ શિષ્યો પણ સારા બની શકે.

ઉલ્લંઠ શિષ્ય ગુરુની સામે બોલે, એકબીજાને ચડાવી મારે આચાર્ય સમજી શકે કે 'તેની જ ભૂલ છે અને બીજાનો દોષ કાઢે છે' છતાં પોતે શાંત, ગંભીર રહે અને યોગ્ય દિવસે ટકોર પણ કરે. જરૂર પડે મા-બાપ, ભાઇ થાય, અને બધું જ કરે,' અને છેવટે તાડના-તર્જના પણ કરે.

તમે વ્હાલામાં વ્હાલા છોકરાંને તાડન-તર્જન કરોને? મા-બાપ છોકરાને શીક્ષા કરે તો લોક (અન્ય માણસો) આડે ન આવે તેમ અહીં આચાર્ય સાધુને તાડન-તર્જન કરે તેમાં બીજા વચમાં ન આવે? મા-બાપની આ ભવના છે. અને ગુરુ તો ભવોભવના ઉપકાર કરનારા છે. આચાર્ય શિષ્યના આત્માની હંમેશાં ચિંતા રાખનારા હોય છે.

જે મહાનુભાવો સદ્‌ગુરુથી પદ પામ્યા તે પ્રમાણે બીજાને પમાડવાનું છે. આવું બને તો, આવા પ્રસંગો બધા માટે કલ્યાણકારી બને છે.

વીતરાગના શાસનનો આવો સુયોગ મળ્યો છે, તે સારી રીતે સફળ થાય તેવો આપણે મનોરથ રાખીયે.



મુંબઈના જગપ્રસિદ્ધ પ્રખર ભવિષ્ય વેત્તા

મંત્ર શાસ્ત્રી અને મેગ્નેટીસ્ટ

શ્રી બાબુભાઈ શાહ શ્રી રૂક્ષ્મણીબેન શાહ



(૧) સુખી બનોની પુસ્તીકા ૪ આનાની ટીકીટ મોકલીને મફત મંગાવો

(૨) **આખી જીંદગીનો હેવાલ**-મુંઝવતા દરેક પ્રશ્નો માટે, દરેક નડતરો માટે, તેમજ મૃતાત્મા સાથે વાતચીત માટે, તમારી કોઇપણ મુંઝવણ કે ધારેલ કામ માટે, **જવાબી રીપ્લાઈ કવર લખીને પૂછપરછ કરો !**

(૩) **આ કળીયુગમાં**-દોરાધાગા, તાવીજો, યંત્રો, એકટાણા-ઉપવાસ, ગ્રહો જપાવવા વીંટીના નંગો કે વીસોયંત્ર કાંઈ જ ભલું કરવાના નથી. જેથી તમારી મુંઝવણ પ્રમાણે સાચો ઉપાય જાણવા મલો કે લખો.

(૪) **અમારા જેટલો જ**-કોઈ ગુજરાતી જ્યોતીષશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર, ભૈરવશકિત કે હસ્તરેખા, મેગ્નેટ પાવરનો શીખેલો નથી. **છતાં કોરટ પુરવાર કરે તો ૫૦૦૦ રૂા. ઇનામ.**

લખો :- **પોસ્ટ બોક્ષ નં. ૨૨૬૪ મુંબઈ-૨.**

# સાચો સર્વોદય !

પૂજયપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ

❀

આ વિરાટ વિશ્વમાં જડ અને ચેતન સિવાય બીજું કોઈ તત્ત્વ નથી, એ હકીકત આજનાં વિજ્ઞાનથી પણ શાબિત થઇ ચૂકી છે. તેમાં જડ વસ્તુને ઉદય કે અનુદય જેવી કોઈ બાબત નથી. એ છે ચેતન એટલે કે સજીવ વસ્તુને આશ્રયીને.

સર્વોદય એટલે સર્વનો ઉદય અને સર્વનો ઉદય એટલે સર્વ જીવોનો ઉદય. જેનાથી પ્રાણીમાત્રનો ઉદય થાય અગર જ્યાં જીવનો કેવલ સંપૂર્ણ ઉદય જ હોય તેનું જ નામ ખરો સર્વોદય છે. આ છે અનુક્રમે ધર્મ અને મોક્ષ. આજે સર્વોદયનું નામ તો ઘણું જ બોલાય છે અને સહુ પોત પોતાનો ઉદય થાય એમ જ ઇચ્છે છે. પરંતુ સર્વોદયની આ મૂલભૂત હકીકત જ્યાંસુધી વિચારીને અમલી કરાશે નહિ ત્યાં સુધી સર્વોદય કે એકોદય પણ શકય બનશે નહિ.

ભારતની સરકાર સત્ય અને અહિંસા ઉપર ઉભી હોવાનું કહેવાય છે. સર્વોદયના આ બે પાસાં છે. બિનોબા ભાવે ભારતમાં પેદલ પ્રવાસ કરી સર્વોદયનો પ્રચાર કરે છે છતાં આ દેશની પ્રાંતીય તથા રાષ્ટ્રિય પંચવર્ષિય યોજનાઓ વગેરે સામે જુઓ ! શું મત્સ્યધોગો મરઘાં-બતક ઉછેર, કતલખાનાનો વિકાશ, માંસ હાડ-ચામઠાની વિકાશ વૃદ્ધિ-વ્યાપક માંસાહાર વગેરે હિંસક યોજનાઓથી સર્વનો ઉદય થશે કે નાશ થશે ? જેવો તમારો જીવ છે તેવો બીજાના શરીરોમાં પણ જીવ રહેલો છે, જીવવું તમને જેવું પસંદ છે તેવું અન્ય સહુને પણ પસંદ છે. મરવું કોઈને પસંદ નથી. તમોને કોઇ દુ:ખ આપે તે જરાયે ગમતું નથી, સુખ જ ગમે છે. આ 'બેદુ ચાર' જેવું સત્ય શું નથી સમજાતું ? કોઈ કોઇને મારે નહિ કે કોઇ કોઇને ખાય નહિ એ માટે આ દેશમાં અહિંસાની સનાતન કાલથી પ્રતિષ્ઠા છે. પહેલા પણ આ દેશમાં વસ્તી વધતી હતી, છતાં આટલી બધી અછત અને તે પુરવા માટે આટલી બધી હિંસક યોજનાઓ, માંસાહાર ઉપરાંત લોકોનું વંધ્યીકરણ વગેરે શું કદીયે થતું હતું ખરૂં ? પૂર્વે પણ સરકારો અનેક આવી ગઇ, અનેકે રાજ્ય કર્યા, કોઇએ પણ સત્તાનો અમલ લોકો ઉપર આ રીતનો કરેલો શું કદીયે જાણ્યો છે ? અહિંસા પ્રધાન આ ભારત દેશમાં અને આ લોકશાહી જમાનામાં આ બધું શું થવા બેઠું છે ? માણસ સુખને માટે પ્રયત્ન કરે, પરંતુ આપણે જાણીએ છીએ કે જ્યારે દેશમાં પાપ ઉભરાય છે ત્યારે અનેક પ્રકારની આપત્તિઓ અણધારી આવી પડે છે અને તે જ હાલત આજે આપણે ભારતની જોઇ રહ્યા છીએ.

અનાવૃષ્ટિ–અતિવૃષ્ટિ–ધરતીકંપ, અકસ્માતો-ચોરી–લૂંટ–ખૂન આ બધા એનાં અનિષ્ટ પરિણામો આજે દેશમાં સાક્ષાત્ અનુભવાય છે. શું તમારે ખરેખર સુખી થવું છે ? તો બીજા સહુ સુખી થાય એ વિચારને તમારા મગજમાં પહેલું સ્થાન આપો.

માનવ અને માનવેત્તર બધા જ જીવો તમારા ભાઈભાંડું છે એમ નક્કી કરો. હિંસા વગેરે પાપકર્મોથી પાછા હઠો. સરકાર તમારી છે. કોઇ પણ હિંસક યોજનાને અવકાશ મળે નહિ તથા તેનો અમલ થાય નહિ તેવી પરિસ્થિતિ સર્જો. માંસાહાર જેવા નાશક ખોરાકના ભ્રમમાં પડો નહિ, પીકચરો જોવાનો ને અશ્લીલસીને સંગીતો સાંભળવાનો શોખ જતો કરો, સ્ત્રીઓનો અતિ-સહવાસ કરો નહિ, સંયમ, બ્રહ્મચર્ય અને શુદ્ધ

# શું રાવણને દશ મસ્તક હતાં?

પૂ. પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવર

જૈન કથાનુયોગ સાહિત્યમાં જૈનરામાયણના અનુસારે રાવણ વિદ્યાધર માનવ હતા. તેમનો વંશ રાક્ષસદ્વીપમાં રહેવાના કારણે રાક્ષસવંશ તરીકે પ્રસિદ્ધ થયેલ. તેઓ સમ્યગ્દૃષ્ટિ તથા શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે પરમ ભક્તિવાળા હતા. પોતાનો નાશ પરસ્ત્રીના કારણે થનાર છે, એ હકીકત જાણ્યા પછી તેઓએ જ્ઞાની મુનિરાજ પાસે એવો નિયમ ગ્રહણ કરેલો હતો કે, 'કોઇપણ પરસ્ત્રી જ્યાંસુધી મને ઇચ્છે નહિ ત્યાં સુધી મારે તેના પર બલાત્કાર કરવો નહિ.' અને આ નિયમને તેઓએ ઠેઠ સુધી અખંડિતપણે પાળ્યો હતો. સીતાજી પ્રત્યે પૂર્વભવના ગાઢસંસ્કારના કારણે અતિશય અનુરાગ જન્મવા છતાં, ને પોતે તેમનું અપહરણ કરીને અશોકવાડીમાં સીતાજીને રાખેલ છે, પોતાના કબજામાં આ રીતે સીતાજી છે તો પણ તેમણે-રાવણે સીતાજી પર કદિ બલાત્કાર કરેલ નથી, અરે! આંગળી સુદ્ધાં અડકાડી નથી આટ-આટલી તો જેઓની નિયમના પાલન માટે નિષ્ઠા હતી. તથા જેઓ સાત્વિક મનોવૃત્તિ ધરાવતા હતા. તદુપરાંત: જેઓના હૈયામાં શ્રી અરિહંતદેવ પ્રત્યે અતિશય ભક્તિભાવ હતો. શ્રી અષ્ટાપદ તીર્થપર ભરત ચક્રવર્તીએ નિર્મિત કરેલ જિનાલયમાં તીર્થંકરદેવો સમક્ષ નૃત્ય તથા સંગીત કરતાં પોતાની ભક્તિ તથા ભાવનાની ધારાને અખંડિત રાખવા વીણાના તુટેલા તારને લઘુ-લાઘવીકલાથી જાંઘની નસને ખેંચી કાઢીને સાંધેલ તે શ્રી દશમુખ રાવણ માટે અજ્ઞાન જન-સમાજમાં જે ખોટો પ્રચાર છે કે, 'રાવણને દશમસ્તક હતાં, રાવણ રાક્ષસ હતો, અને રાવણ દુષ્ટ હતો. અને રાવણ ક્રૂર હતો' આ બધી માન્યતાઓ ખોટી તથા કેવલ ભ્રમણા છે. વાસ્તવિક રીતે રાવણને દશ-મુખ ન હતાં, પણ જન્મ સમયે નવ રત્નોનો હાર ગળે પહેરેલ હોવાના કારણે તેમાં પ્રતિબિંબિત થતાં નવમુખો, ને પોતાનું મૂલ મુખ, એ રીતે રાવણની દશમુખ તરીકે પ્રસિદ્ધિ થઇ. ખુદ રાવણના માતા-પિતાએ પણ તેનું 'દશમુખ' એ નામ રાખેલું. રાવણ રાક્ષસ ન હતો; પણ તેમનો પિતૃવંશ રાક્ષસદ્વીપમાં વસતિ કરનારો હોવાથી તેમનો વંશ રાક્ષસ હતો. તેઓ દુષ્ટ ન હતા. પણ સાત્વિક તથા સદાચાર પ્રિય હતા. રાવણને અંગે આ બધી જે માન્યતા ફેલાયેલી છે, તે કેટ-કેટલી નિર્મૂલ છે, આ હકીક્ત જૈન કથા સાહિત્યના આધારે સ્પષ્ટ સમજી શકાય તેમ છે. તદુપરાંત હિંદુ સમાજમાં અતિ પ્રચલિત તથા પરમશ્રધ્ધેય આદિકવિ ગણાતા શ્રી વાલ્મિકીકૃત 'રામાયણ'ના આધારે પણ ઉપરોકત માન્યતાઓની અપ્રામાણિકતા સિદ્ધ થાય છે, રાવણ રાક્ષસ ન હતો કે તેને દશ મુખ કે વીસ હાથ ન હતા તે વાલ્મિકી રામાયણના નીચેના શ્લોકો સ્પષ્ટ પૂરવાર કરે છે.

વાલ્મિકી રામાયણના સુંદર કાંડમાં એ હકીકતનું વર્ણન આવે છે. કે જ્યારે શ્રી હનુમાનજી રાત્રીના સમયે લંકામાં રાવણના મહેલમાં છૂપી રીતે પ્રવેશે છે, તે સમયે પોતાનાં શયનગૃહમાં સૂતેલા રાવણને જૂએ છે; રાવણની ભુજાઓને હનુમાજી જોઇ રહ્યા છે તેનું વર્ણન કરતાં રામાયણકાર વાલ્મિકી લખે છે કે,

ददर्श स कपिस्तस्य, बाहु शयनसंस्थितौ ।
मन्दरस्यान्तरे सुप्तां महाही रुषिनाविव ॥
(સર્ગ-૧૦; શ્લો. ૨૧)

---

નીતિના ઉમદા સંસ્કારોનું જીવનમાં પાલન કરો. વડિલો-વૃદ્ધો અને સાધુ સંતો તરફ સન્માન વૃત્તિ રાખો, દુર્વ્યસનોનો સંગ છોડી દો, દિલમાં શુદ્ધ દયાનો ભાવ રાખો. શિક્ષણમાં જ્યાં જ્યાં હિંસા જુઠ-અનીતિ-અનાચાર જેવા દૂષણોને ઉત્તેજન આપનારો કાંઇ પણ આવતું હોય તેની સફાઇ કરો. યાદ રાખો ધર્મથી જ સુખ છે અને ધર્મથીજ મોક્ષ છે એજ ખરો સર્વોદય છે. તો સહુ ધર્મના માર્ગે વળે એજ શુભેચ્છા.

તે હનુમાનજીએ રાવણના શયનમાં રહેલી બે ભુજાઓને જોઇ તે ભુજાઓને નીચેના પદમાં ઉપમા આપીને વર્ણવી છે. પણ મૂલ મુદ્દો એ છે કે, અહિં **'बाहू'** શબ્દમાં દ્વિવચન મૂકીને રામાયણકાર વાલ્મિકીએ એ સ્પષ્ટતા કરી છે કે રાવણને વીશ ભુજાઓ ન હતી, પણ બે ભુજાઓ હતી. રાવણને દશ મુખ ન હતાં, પણ એક જ મુખ હતું, તે આજ સર્ગના ૨૪ મા શ્લોકમાં શ્રી વાલ્મિકી કહે છે;

**तस्य राक्षसराजस्य निश्चक्राम महामुखात् ।**
**शयानस्य विनिःश्वासः पूरयन्निव तद्गृहम् ॥**

આમાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, 'સૂતેલા તે રાવણના મુખમાંથી નીકળતો નિ:સાસો જાણે તેનાં ઘરને પૂરી દેતો હતો' આ શ્લોકમાં આવતા **'महामुखात्'** શબ્દમાં પંચમીનું એક વચન સૂચવે છે કે, રાવણને એક મુખ હતું, દશ મુખો નહિ.

આ પ્રમાણે વાલ્મિકી રામાયણમાં યુદ્ધકાંડમાં યુદ્ધભૂમિ પર શ્રી રામચંદ્રજી રાવણને સંબોધીને જે કહે છે તે કથન પણ રાવણને એક મુખ હતું. તે પૂરવાર કરે છે, શ્રી રામચંદ્રજી રાવણને કહે છે;

**माद्य ते मच्छरै शिछन्नं, शिरो ज्वलितकुण्डलम् ।**
**क्रव्यादा व्ययकर्षन्तु विकीर्णं रणयांसुशुस ॥**
(સર્ગ–૧૦૩: શ્લો. ૨૦)

આ શ્લોક પરથી એ સમજી શકાય છે કે, 'રામચંદ્રજી રાવણને ચેતવણી આપે છે કે હજુ તું ચેત કે જેથી આજે તારૂં કુંડલોથી તેજસ્વી મસ્તક મારા બાણોથી છેદાઇને રણની રેતીમાં રખડતું પડે નહિ, જે મસ્તકને છેવટે જંગલી પ્રાણીઓ ભક્ષ્યની લાલચે ખીંચી જશે.' આ શ્લોકમાં 'શિરો' શબ્દ એક વચન હોવાથી વાલ્મિકી રામાયણના આધારે પણ રાવણને એક જ મસ્તક હોવાનું નિ:શંક સિદ્ધ થાય છે.

હિંદુસમાજમાં અનેકાનેક રામાયણના ગ્રંથોમાં વાલ્મિકી રામાયણ સૌથી પ્રાચીન તેમજ સર્વ જનમાન્ય પ્રામાણિક તરીકે પ્રસિધ્ધ છે. એજ યુદ્ધકાંડમાં રાવણના મૃત્યુ પછી રણભૂમિમાં હણાઈને પડેલા રાવણનાં શબને જોઇને બિભીષણ આક્રંદ કરે છે; તે સમયે રાવણ કઇ રીતે રણમાં રોળાઇને પડે છે; તેનું વર્ણન કરતાં વાલ્મિકી જણાવે છે કે,

**निक्षिप्य दीर्घौ निश्चेष्टौ भुजावङ्गदभूषितौ ।**
**मुकुटेना पवृत्तेन भास्कराकार वर्चसा ॥**
(સર્ગ. ૧૦૯: શ્લો–૩)

આ શ્લોકમાં દીર્ઘ અને અંગદ–કડાથી ભૂષિત બે હાથ અને મુકુટથી ઢંકાયેલું મસ્તક એ રીતે જણાવીને રાવણના બે હાથ અને એક માથું રણ–ભૂમિમાં પડયા છે' એ હકીકત રામાયણકારે સ્પષ્ટ કરતાં જણાવ્યું કે, રાવણને બે હાથ તથા એક મસ્તક હતાં એ જ યુદ્ધકાંડમાં રાવણના મૃત્યુનો શોક કરતી રાવણની પત્નીઓનું વર્ણન આ રીતે કરેલ છે.

**उत्क्षिप्य च भुजौ काचिद् भूमौ सुपरिवर्तिते ।**
**हतस्य वदनं दृष्टवा, काचिन्मोहमुपागमत् ॥**
(સર્ગ–૧૧૦: શ્લો. ૨૮)

'રણભૂમિ પર હણાઈને પડેલા રાવણની બે ભુજાઓને તથા મુખને જોઇને કેટલીક સ્ત્રીઓ મૂર્છાને પામી' આ પ્રકારના ભાવને વ્યકત કરતા આ શ્લોકમાં 'વદનં' શબ્દ રાવણના એક મુખને સ્પષ્ટ કરે છે. ને 'ભુજૌ' શબ્દ રાવણને બે ભુજાઓ હતી તે હકીકતનો નિર્દેશ કરે છે.

ઉપરોકત વાલ્મિકી રામાયણના શ્લોકો દ્વારા એ હકીકત નિ:શંક સાબીત થાય છે કે, રાવણ રાક્ષસ ન હતો પણ રાવણ ખરેખર મનુષ્ય હતો તેમજ રાવણને દશમુખ કે વીશ હાથ ન હતા. વાલ્મિકી રામાયણના આધારે. જ્યારે જૈન સંપ્રદાયમાં પ્રસિદ્ધ રાવણ વિષેની આ પ્રામાણિક હકીકતો સિદ્ધ થાય છે; એથી જૈનકથાનુયોગની સુસંવાદિતા પૂરવાર થાય છે. જૈન કથાનુયોગના પ્રયોજકો નિર્મોહી, યથાર્થ–વાદી તથા પાપભીરૂ હતા, જેથી તેમને ખોટું લખવાનું કે બોલવાનું કોઇ પ્રયોજન રહેતું નથી. આ ઉપરથી આના જેવી જૈન કથાનુયોગમાં વર્ણ-

વાયેલી બીજા પ્રમાણોથી પણ સદ્ધર અને સુસંવાદી હોય છે, તે વસ્તુ નિશ્ચત બને છે.

આથી સર્વ કોઇ સમજી શકશે કે, દશ મુખ–તે અંગે આજ સુધી ફેલાયેલી ઉપરોક્ત માન્યતાઓ કપોલકલ્પિત તથા નિરાધાર સિદ્ધ થાય છે. કેવલ જૈનસંપ્રદાયની સાંપ્રદાયિકતાથી નહિ પણ હિંદુ સમાજમાં પ્રમાણિત ગણાતી સર્વ માન્ય વાલ્મિકી રચિત રામાયણના આધારે પણ રાવણ મનુષ્ય હતા, તેમજ તેમને બે હાથ, બે પગ અને એક જ માથું હતું. એ હકીકત નિઃસદેહ સિદ્ધ થાય છે.

⊙

**લક્ષ્મી છાપ** સત ઈસબગુલ

હજારો લોકો કબજીયાત, મસા, અને મરડામાં રોગમુક્તિ મેળવે છે. તમે પણ વાપરશો, તો બીજા અનેકને વાપરવા ભલામણ કરશો.

ઘણા ટાઇમ સુધી તાજું રહે તેવા ઉત્તમ પેકીંગમાં મળે છે.

: વિક્રેતા :

**બી. કે. પટેલ એન્ડ કું.**

સુરેન્દ્રનગર

અને બીજા સેંકડો દવાના વેપારીઓ.

**J. S. MISTRY, PALITANA.**

**जिन मंदीरो के उपयोगी**

रथ, हाथी इन्द्रध्वजा गाडी, पालखी, भंडार पेटी शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके उसके पर सोने चांदी के पतरे (चद्दर) लगानेवाले.

चांदीकी आंगिए और पंचधातुकी प्रतिमाजी और परिकर बनानेवाले. चांदीका चद्दर आपके यहां आके लकडे पर लगा देते है.
ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज शकते है.

मीलनेकी जरुर हो तो खर्चा देनेसे आ शकते हैं. **मीस्त्री जशवंतराय साकरचंद** ठेः नवोगढ, मु. पालीताणा (सौराष्ट्र)

પ્રગટ થયેલા અન્ય યંત્રોથી વધુમાં વધુ શુદ્ધ, સુવ્યવસ્થિત ગોઠવણ અને જૈનકલા પદ્ધતિથી પૂર્ણ. અત્યન્ત આકર્ષક, કાળજીપૂર્વકના ઉંડાં સંશોધન અને વિચારણાના અંતે શાસ્ત્રીયરીતે તૈયાર થઇને ત્રણ કલરમાં છપાઇને બહાર પડેલ

**श्री सिद्धचक्र बृहद्—यन्त्र**

સંશોધક, સંપાદક, સંયોજકઃ-પૂ. મુનિપ્રવર શ્રી યશોવિજયજી મહારાજ

* ઉંચા કાગળો, સુંદર બોર્ડર, ત્રણ કલરથી સુશોભિત છપાઈ કિં. રૂા. ૧
* આર્ટ તથા રેશમના કાપડ ઉપર એક કલર છપાઈ કિં. રૂા. ૨ાા

આ યંત્રો : **જૈન સાહિત્ય મંદિર—પાલીતાણા** તથા પાલીતાણા, અમદાવાદ અને મુંબઇના દરેક જૈન બુકસેલરોને ત્યાંથી મલી શકશે.

# મધપૂડો

શ્રી મધુકર

सुत्यजं रसलाम्पट्यं, सुत्यजं देहभूषणम् ।
सुत्यजाः कामभोगाद्या, दुस्त्यजं दम्भसेवनम् ॥

—अध्यात्मसार

રસલોલુપતા–જીભની લાલચને જીતવી સહેલી છે. દેહની મમતા ને દેહની શોભાને જીતવી પણ સરળ છે. કામભોગ પર વિજય મેળવવો સુકર છે, પણ દંભને જીતવો અતિ મુશ્કેલ છે, માટે જો તમારે તમારું ધ્યેય સાધવું હોય તો દંભ પર વિજય મેળવો, માયા મૂકીને, મનનો મેલ મૂકી સરલ બનો !

⊙

## ચિંતન ચિનગારી

જમાનો, માણસ અને હવા આ ત્રણ હંમેશા પરસ્પર એક–બીજા પર અસર કરે છે: એકનો પડઘો બીજામાંથી ઉઠે છે, પણ એમાં અલિપ્ત એ જ રહે છે કાં તો મૂર્ખ ને કાં જ્ઞાની।

દરેક પ્રજાનું ધાર્મિક બળ એ જેટલું દલીલ કે યુક્તિનો વિષય નથી તે કરતાં તે પોતાની અણદીઠ શ્રદ્ધાનો વિષય છે.

માલિકીની તમામ દીવાલોને જમીનદોસ્ત કર્યા વિના માનવનાં દિલમાં સરળતા, સહૃદયતા નહિ જન્મે.

જાતને સંયમી બનાવ્યા વિનાની મહત્ત્વાકાંક્ષા એટલે લોભ, તૃષ્ણા તથા અહંભાવના અભેદ્ય ખડકો જીવનનાવને સહિસલામત પસાર નહિ થવા દે પણ ભાંગીને ભૂક્કો કરશે.

સિક્કાની દોલત તો આવે ને જાય, પણ એક વખત દિલની દોલત ખોઇ નાંખી એને માટે એ દોલત પછી તો ભાગ્યે જ હાથ લાગે છે.

પૈસાની એ એક બલિહારી છે. એ જેમ જેમ આવે છે તેમ તેમ કોણ જાણે ક્યાંથી માણસના દિલમાં ગરીબી આવતી જાય છે, ને અમીરી ચાલી જતી હોય છે.

પોતાની એબ ઢાંકવી એ કદાચ હોંશિયારી ગણાતી હશે, પણ પારકાની એબ ઢાંકવી એ તો ઉત્તમ કોટિની ઉદારતા ગણાય છે.

—પં. ક. વિ.

### કર્મ છુપે ન ભભૂત લગાયો !

તારેંકી જોતમેં ચંદ્ર છૂપે નહિં, સૂર્ય છૂપે નહિં
બાદલ છાયો,
રણ ચઢયો રજપૂત છૂપે નહિં, દાતા છૂપે નહિં,
માંગન આયો,
ચંચલ નારકા નેન છૂપે નહિં, પ્રીત છૂપે નહિં
પૂંઠ દીખાયો,
કવિ ગંગ કહે સુન શાહ અકબર, કર્મ છૂપે નહિં
ભભૂત લગાયો।

### આજની નવી કહેવતો

ગાંધી ગયા ને ગાંધી રોડ રહ્યા.
એક નૂર લાયકાત, હજાર નૂર લાગવગ.
ફેશન અને પાઠ્યપુસ્તક ગમે ત્યારે બદલાય।
નેતા બનતા પહેલાં બકતા બનવું પડે.

લાગવગથી હોદ્દો મળે લાયકાત નહિ.

સત્તાનું સિંહાસન ગાંગા તેલીનેય રાજાભોજ કહેવડાવે.

રાજકારણમાં સત્ય બોલનાર ખત્તાં ખાય, સત્તા ન પામે !

પાણી પીને પૂછે ઘર, તેનું નામ પહેલો ખર.
દીકરી દઇને પૂછે કુલ, તેનું નામ બીજો ખર.
થાલી માંડી પૂછે જાત, તેનું નામ ત્રીજો ખર.
બાથ ભીડીને પૂછે બળ, તેનું નામ ચોથો ખર.

## કેટલુંક જાણવા જેવું

આકાશમાં ઝબકતી વિજળી હવા સાથે ભળી જઇ નાઇટ્રોજન પેદા કરે છે. આ નાઇટ્રોજન વનસ્પતિ માટે ઘણો લાભકારક છે. એને લીધે ખેતરોમાં પાક સારો થાય છે.

ટ્રાંસ ઓસ્ટ્રેલિયન રેલ્વેનો એક રસ્તો સ્હેજપણ વળાંક વિના સીધેસીધો ૩૩૦ માઇલ સુધી જાય છે.

હરિદાસ નામનો એક સાધુ પોતાની જીભ લંબાવીને છેક કપાલ સુધી અડાડી શકતો હતો.

ઓસ્ટ્રેલીયા દેશના નરબાર મેદાનમાં થઇને જતી એક રેલ્વેના માર્ગમાં એકપણ ગામડું ખાઇ, ટેકરા કે ઝાડ–પાન સુદ્ધાં નથી આવતાં, સૂકાં–સપાટ મેદાનપર એ દોડી જાય છે. એ મેદાન પણ એવું ગરમ છે કે ગમે તેટલો વરસાદ પડે તો પણ પાણીને એ શોષી લે છે.

નવી દીલહીનું રાષ્ટ્રપતિભવન બંધાતાં આશરે ૧૫ વર્ષ લાગેલાં ને તે અવસરે મોંઘવારીના જમાનામાં પણ ૪ાા ક્રોડ રૂ.નો તેની પાછળ ખર્ચ થયેલ. એમાં ૩૪૦ ઓરડાઓ, ૧૪ લિફ્ટ, ૨૭૭ થાંભલાઓ ૩૫ પરસાળો ને ૩૭ ફુવારાઓ છે.

મૂળાક્ષરો સંસ્કૃતમાં ૪૯, રશીયનભાષામાં ૩૬, ફારસીમાં ૩૨, તુર્કીમાં ૨૮, અંગ્રેજી–જર્મન તથા ડચભાષામાં ૨૬, સ્પેનિશમાં ૨૭, ફ્રેંચમાં ૨૫, ગ્રીકમાં ૨૪; લેટિનમાં ૨૩; હિબ્રુમાં ૨૨; ઇટાલિયનમાં ૨૧ બર્મિઝમાં ૧૮ અને જાપાનીઝ ભાષામાં ૭૩ તથા હબ્સીનિયનભાષામાં ૨૦૮ છે.

મહમદ તઘલખ સુધી ભારતમાં રૂપાનાણું પ્રચલિત હતું, તેણે બંધ કરેલ. બાદ શેરશાહસૂરીએ રૂપા નાણું ફરી ઇ. સ. ૧૫૪૨માં ચાલુ કર્યું. તે રૂપિયા નામે પહેલ વહેલું શરૂ થયું. ત્યારથી આજસુધી રૂપાનાણા માટે રૂપિયો નામ ચાલુ છે; પછી તેના પર જુદી–જુદી છાપ આવ્યા કરી હોય.

વિશ્વનું સર્વ પ્રથમ છાપેલું છાપું ઇ.સ. ૧૪૫૭ મા જર્મનીના ન્યુરેનબર્ગમાં નીકળેલું. પશ્ચિમમાં મુદ્રણકળા દાખલ થયા પછી ૧૯ વર્ષે આ છાપું નીકળેલું.

ઇસ્ટ ઇંડીયા કં. ના વિલિયમ હોડસન નામના અધિકારીએ લશ્કર માટે ખાખી પોશાકની પહેલ ભારતમાં કરેલી.

માનવશરીરમાં તેની ઉંચાઇના પ્રમાણમાં વજનને અંગે એટલું જરૂરી છે કે–એક ફુટ ઉંચાઇએ ૨૮ રતલ વજન પ્રમાણસર ગણાય એટલે એક ફુટ દીઠ ૨૮ રતલ વજન સમજવું.

મનુષ્ય હ્રદય પાંચ ઈંચ લાંબુ ને ૩ાા ઈંચ પહોળુ હોય છે, પુરૂષના હ્રદયનું વજન ૮ થી ૧૨ ઔંસ હોય છે. ને સ્ત્રીઓના હ્રદયનું વજન ૮થી૧૦ ઔંસ હોય છે, તંદુરસ્ત મનુષ્યના હ્રદયન ધબકારા એક મિનીટે લગભગ ૭૦ થી ૯૦ હોય છે. સ્ત્રી તથા બાળકોમાં થોડા વધુ હોય છે.

દુનિયામાં વિમાની પહેલ–વહેલી પોલીસી તા. ૧૮–૬–૧૮૫૩ ના રોજ વિલિયમગિબન્સ નામની વ્યકિતને અપાયેલી. તે પહેલાં વિમો કોઇ ઉતરાવતું નહતું.

ચિત્તાની ઝડપ કલાકના ૬૦ માઇલ જેટલી હોય છે. પ્રાણીઓમાં સૌથી વધારે ઝડપી તે ગણાય છે.

વિશ્વનો સહુથી મોટો કાપેલો હીરો જે બ્રિટનના રાજકુલોમાં રાજવીના રાજદંડમાં બેસાડવામાં આવેલો છે. તે 'સ્ટાર ઓફ આફ્રિકા' તેનું વજન ૫૩૦ કેરેટ જેટલું છે. બ્રિટીશ રાજકુળના રાજવીઓના

તાજના સોનાના કાંઠા પર બીજો 'સ્ટાર ઓફ આફ્રિકા' નામનો ૩૧૭ કેરેટ વજનનો હીરો લંબચોરસ છે. જે 'કલીનન ડાયમંડ' તરીકે ઓળખાતા હીરામાંથી કાપીને તૈયાર કરવામાં આવ્યો છે.

વિશ્વ વિખ્યાત 'કોહીનુર' કોહ-ઇ-નૂર-પ્રકાશનો અંબાર જે ભારતના બાદશાહોના સમયમાં પ્રસિદ્ધ હતો. મોગલ શહેનશાહ બાબરે એને અંગે લખ્યું છે કે, 'આ હીરાની ખ્યાતિ એટલી મોટી છે કે, દરેક નિષ્ણાત પારખુએ એની કિંમત આંકતા એનાં નાણાથી આખી દુનિયાને અઢી દિવસનું ભોજન આપી શકાય તેમ જણાવેલ છે.' એની કિંમત બે ક્રોડ રૂા. આંકી હતી. એનું અસલ વજન ૭૯૦ કેરેટનું હતું, આજે એ ૧૦૬ કેરેટ જેટલા વજનનો સંભવિત છે. છેલ્લે ભારતમાં પંજાબના મહારાજા રણજિતસિંહ પાસે જ્યારે આ હીરો હતો ત્યારે એ દોઢ ઇંચ લાંબો અને એક ઇંચ પહોળો હતો ત્યાર પછી એ હીરો રાણી વિકટોરીયા પાસે ગયો.

## આં દો લ નો

### ના, આ કેસ હું નહિ લઉં!

અમેરિકાના પ્રમુખ અબ્રાહમલિંકનનાં જીવનની આ વાત છે. તેઓ પરોપકારી તથા ભલા દિલના હતા. પ્રમુખ થવા પહેલાં તેઓ જ્યારે વકિલાત કરતા હતા. ત્યારે તેમની આગળ એક માણસ કેસ લઇને આવ્યો. કેસની વિગતો જોતાં એમને એમ લાગ્યું કે, 'આ માણસનો દાવો વ્યાજબી નથી.' બીજો કોઇ વકીલ હોત તો એણે આ કેસ લઇ લીધો હોત. પણ લિંકને આવનાર વ્યકિતને સમજાવતાં કહ્યું; 'તમારો કેસ હું જીતી આપું. તેમાં કશી શંકા નથી, પણ તેથી એક વિધવાબાઇ ને તેના નાના બાળકોને દુ:ખી કરવાના રહેશે. આ કેસ જીતીને ૬૦૦ ડોલરની રકમ તમને અપાવી શકું તેમ છું, પણ તમે સશકત તથા યુવાન છો, ગમે તે પ્રયત્ન કરીને આટલું કમાઇ લેશો, પણ જેને આજે તમારા કરતાં તેની વધુ જરૂર છે. તેને હું નિરાધાર બનાવું તેમાં મારી માનવતા લાજે, માટે વગર ફી લીધે તમને હું સલાહ આપું છું કે, 'આ દાવો માંડવો રહેવા દો.' વકીલ તરીકે આવતા કેસને લાતમારી આવી માનવતાની દૃષ્ટિયે સલાહ આપનારા આજે કેટલા વકીલો હશે?

### અનુભવ પર આશાનો વિજય

વર્ષો સુધીના દુ:ખી પરિણીત જીવન બાદ. પત્નીના મૃત્યુ પછી ફરી પરણવા તૈયાર થયેલા પોતાના એક મિત્રને ડૉ. જોનસને કહ્યું: 'વર્ષોના દુ:ખદ અને ત્રાસ ભર્યા પરિણીત જીવનનો અનુભવ થવા છતાં અને સ્વાભાવિક રીતે શાંતિ મળવાના સંયોગ ઉભા થયેલ છે, તો પણ ફરી લગ્ન કરવા તૈયાર થાવ છો, તેનો અર્થ અનુભવ ઉપર આશાનો વિજય અર્થાત્ સમજણ પર મોહની સ્વારી જ કહી શકાય.'

### તમે જ ચિત્તની વસ્તુ પૂરી પાડી છે!

યૂરોપના સ્પેનદેશના પ્રસિદ્ધ ચિત્રકારની આ વાત છે. છેલ્લા વિશ્વયુદ્ધ વખતે તે ફ્રાન્સના પેરીસમાં રહેતો હતો. જર્મન સરમુખત્યાર હીટલરે જ્યારે પોલેંડ, સ્વીડન તથા નોર્વેપર આક્રમણ કર્યું અને ત્યાંની નિર્દોષ પ્રજા પર જે અત્યાચારો ગુજાર્યા તેના આબેહુબ ચિત્રો બનાવીને ફ્રાન્સ તથા યૂરોપના દેશોમાં આ ચિત્રકાર તેનો પ્રચાર કરતો. આ વાત જ્યારે જર્મનીના નાઝીઓના જાણમાં આવી ત્યારે તેઓ આ ચિત્રકાર પર ખૂબ ગુસ્સે ભરાયા. નાઝીઓની કૂચ આગળ વધી. ને તેઓએ જતે દિવસે ફ્રાન્સને જીતી લીધું. પેરીસમાં તેમણે વિજયકૂચ કરી. નાઝીઓએ પેરીસમાં પહોંચતાં જ પેલા ચિત્રકારની શોધ આરંભી. એ ચિત્રકાર નાઝીઓનો કટ્ટર વિરોધી હતો. નાઝીઓએ તેને ગિરફતાર કરીને પૂછયું; તેં તારા ચિત્રો દ્વારા અમને ખરાબ ચિતરી, અમારી સામે ઉશ્કેરાટ ફેલાવનારૂં કાવત્રુ કર્યું હતું ને?'

ચિત્રકારે ટુંકાક્ષરી જવાબ આપતા મક્કમતાપૂર્વક કહ્યું; 'હા' પછી નાઝી અમલદારોએ તેની સામે તે ચિત્રકારે દોરેલું 'ગોનિકો' નામનું ચિત્ર રજુ કર્યું. તે ચિત્ર યૂરોપમાં નાઝી વિરોધી દેશોમાં પ્રસિદ્ધ ને

લોકપ્રિય બન્યું હતું નાઝી વિમાનોએ વેરેલા બૉંબોથી નિર્દોષ પ્રજાજનો પર થયેલા અત્યાચારોનું એમાં આબેહુબ આલેખન હતું. પછી ચિત્ર તરફ અંગુલી-નિર્દેશ કરી એક નાઝી અમલદારે તે ચિત્રકારને પૂછયું; 'આ ચિત્ર તેં કર્યું છે ને ?'


'નાજી' ચિત્રકારે ઠંડે કલેજે જવાબ આપ્યો ને મક્કમ દિલે પડકાર કર્યો કે– 'એ તો આપ લોકોએ જ કર્યું છે. કેમકે આપ લોકોએ મને ચિત્રમાંની વસ્તુ પૂરી પાડી ન હોત તો હું શું કરી શકત ? મારી કલ્પનાથી આવું ચિત્ર હું ન દોરી શકું ! આપે જ આ નિર્દોષ પ્રજાજનો પર અત્યાચારો કર્યા. તે વસ્તુ મેં આ ચિત્રમાં રજુ કરી છે; એટલે આ આપે જ કર્યું છે.'

ચિત્રકારની સાચી અને મક્કમતાપૂર્વક કહેવાયેલી આ વાત સાંભળતાં નાઝી અમલદારો સમસમી ગયા.


સિદ્ધિ સિદ્ધિ માટે...
સર્વમનવાંછિત યંત્ર
શ્રી ઘંટાકર્ણ મહાવીર
સર્વસિદ્ધિ મહાયંત્ર
કિંમત રૂા. ૧/- ત્રિરંગી ચિત્ર ૧૧"×૧૪" પોસ્ટેજ ૭૫ ન. પૈ.
દરરોજ નિયમિત પ્રાતઃકાળે ધૂપ દીપ આપી એના ચમત્કાર જાતેજ અનુભવો
જેમાં
વિશયંત્ર–નવગ્રહ–માણીભદ્રજી–બટુક ભેરવ સોળ વિદ્યા દેવીઓ–પદ્માંગુલી દેવી વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.
પ્રાપ્તિ માટે
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
બુક સેલર્સ અને પબ્લીશર્સ
પીકા સ્ટ્રીટ–ગોડીજી ચાલ–મુંબઇ ૨.



કાર્યક્ષેત્ર
વર્ધમાન બોડેલી આશ્રમ, બોડેલી
(વાયા વડોદરા)



# પરમાર ક્ષત્રીય જૈનધર્મ પ્રચારક સભા

૪૫૭ સરદાર વલ્લભભાઇ પટેલ રોડ બીજે માળે, મુંબઈ–૪

**બોડેલી તીર્થની યાત્રાએ જરૂર પધારો, ધર્મશાળા ભોજનશાળાની સગવડ છે.**

બોડેલી તથા તેની આસપાસ પરમાર ક્ષત્રીયો આશરે ૮૦૦૦ માણસો જૈનધર્મ, અહિંસા ધર્મ પાળે છે બીજા હજારો આકર્ષાયા છે, જે ધીમે ધીમે જેમ જેમ જ્ઞાન અને દર્શનનાં સાધનો અપાય છે, તેમ જોડાય છે. આ પ્રચાર પાઠશાળાઓ દ્વારા થાય છે. આસપાસનાં ગામોમાં ૯ પાઠશાળાઓ ચલાવાય છે, બીજી ૨૦ પાઠશાળાઓની જરૂર છે.

બોડેલીમાં વર્ધમાન બોડેલી આશ્રમ છે. તેમાં વિદ્યાર્થીઓને ખાવાપીવા ભણવાની વ્યવસ્થા છે, આ ક્ષેત્રના જિનાલયને, પાઠશાળા–આશ્રમને આંબીલશાળા, ધર્મશાળા, ભોજનશાળા અને સાધારણ ખતાને જેટલી બને તેટલી વધુ મદદ આપી ધર્મપ્રચાર તથા ધર્મપ્રભાવનાના કાર્યને મદદ કરો.

**બોડેલી જિનાલય**
મૂળનાયક શાસનપતિ શ્રી મહાવીર-સ્વામી ભગવાન
જેનું કામ અધૂરું છે. મદદની જરૂર છે.
મદદ મોકલવાનું ઠેકાણું :
**શેઠ વાડીલાલ રાઘવજી**
૬૧ તાંબાકાંટા મુંબઇ–૩

**બોડેલી સ્ટેશન**
મિંયાગામથી વિશ્વામિત્રીથી વડોદરાના પ્રતાપનગર સ્ટેશનથી ટ્રેઇનો જાય છે.
વડોદરાથી બે વખત એસ. ટી.ની બસો જાય છે.

લિ૦
જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ
ઇશ્વરલાલ કસ્તુરચંદ સાળવી
માનદ–મંત્રીઓ

# રાણપુરનાં આંગણે ઉજવાઈ ગયેલો અભૂતપૂર્વ

# અંજનશલાકા—પ્રતિષ્ઠા મહોત્સવ

તાજેતરમાં મહા સુદિ ૧૩ તા. ૩૦-૧-૬૧ થી મહા વદિ ૭ તા. ૮-૨-૬૧ સુધી રાણપુર (સૌરાષ્ટ્ર) ખાતે એક અભૂતપૂર્વ અને ભવ્ય મહોત્સવ ઉજવાઇ ગયો. જે ઉત્સવના યોજક ઉદારદિલ શ્રી નરોત્તમદાસ છગનલાલ મોદીએ પોતાની અપૂર્વ ઉદારતા દ્વારા ખરેખર મહોત્સવને ભવ્ય રીતે દીપાવ્યો છે. તેમની ઉદારતાની કોઇ અવધિ ન હતી. મહોત્સવનો એક એક પ્રસંગ એટલો ભવ્ય અને સુંદર રીત ઉજવાયેલ છે, કે જેનું વર્ણન કલ્પનાતીત છે. શબ્દોની શક્તિ બહાર છે, એક એક પ્રસંગ બોધક, પ્રેરક તથા આલ્હાદક હતા. સારાયે મહોત્સવના પ્રાણપ્રેરક પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની મહોત્સવના પ્રત્યેક પ્રસંગ દરમ્યાન થતી દેશના એટ-એટલી સચોટ, વૈરાગ્યપ્રેરક તથા તેજસ્વી અને ઓજસ્વી ભાષામાં અંતરનાં ઉંડાણને સ્પર્શનારી બનતી હતી, જેનું વર્ણન થઇ શકે તેમ નથી. આ મહોત્સવ સૌરાષ્ટ્ર શું પણ ગુજરાત, મહા ગુજરાતના આંગણે સર્વ પ્રથમ યોજાયેલો હતો, અને સમસ્ત દેશની શોભાને વધારનારો હતો.

મહોત્સવનો નજરે દેખ્યો ટુંક અહેવાલ અમને જે પ્રાપ્ત થયેલ છે તે નીચે રજૂ થાય છે.

⊙

**રાણપુર:** તા. ૮-૨-૬૧

અત્રે ભવ્ય અને ચિત્તાલ્હાદક એક નૂતન જિનાલય છગનલાલ ત્રિકમદાસના સુપુત્રો તરફથી બંધાવીને તૈયાર થયું હતું. તેમાં પધરાવવા માટે પ્રાચીન, મનમોહક, સપ્રમાણ બિંબોની શોધખોળ કરવા છતાં તે નહિં મલી શકવાથી નૂતન જિનબિંબો વિધિસહિત ભરાવવાની વિધિ છેલ્લા ૧૨ માસથી ચાલી રહી હતી. તે બિંબો તૈયાર થઇ જતાં તે ભગવંતોની અંજન શલાકા તેમજ તેમની નૂતન જિનાલયમાં પ્રતિષ્ઠા કરવાનો એક મહોત્સવ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ શ્રીમદ્ વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજ તેમજ અમૃતસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઉજવવાનું નક્કી થયું અને તે સર્વ ગુરૂદેવોને વિનંતિ કરતાં તેઓશ્રીએ એ વિનંતિનો સ્વીકાર કર્યો અને માહ સુદ ૫ના તે સર્વ ગુરૂદેવોનો વિશાલ મુનિગણ સાથે નગર-પ્રવેશ કરાવાયો; ઉત્સવની આમંત્રણ પત્રિકાઓ છપાવી સારા યે ભારતમાં મોકલવામાં આવી. ઉત્સવ માટે વિશાલ જગાઓ રોકી ઉત્સવ મંડપ અને ભોજન મંડપો ખડા કરવામાં આવ્યા. સારા યે નગરને ધજા-પતાકા તોરણો કમાનો અને સ્વાગત બોર્ડોથી શણગારવામાં આવ્યો.

આ ઉત્સવને નીરખવા તથા તેમાં ભાગ લેવા ભારતના ખૂણેખૂણેથી ચતુર્વિધ સંઘ અહિં આવી લાગ્યો હતો. માલવા રાજસ્થાન મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્ય પ્રદેશ જેવા દૂર દૂરના દેશોથી પણ જ્યાં માનવગણ આવ્યો હતો ત્યાં ગુજરાત અને સૌરાષ્ટ્ર જેવા દેશોનો માનવસમૂહ આવી લાગે તેમાં તો કાંઈ કહેવાનું જ ન હોય. આખાયે સૌરાષ્ટ્રમાં કોઇ મહત્ત્વનું ગામ કે શહેર નહિ

હોય કે જ્યાંથી ભાવુકવર્ગ નહિ આવ્યો હોય. ૬૦ જેટલા મુનિવરો અને ૨૨૫ જેટલા સાધ્વી મહારાજો ઉત્સવમાં પધાર્યા હતા. અને ૫થી ૭ હજાર જેટલા બહારગામના મહેમાનો આવ્યા હતા. તે સૌની સવારે નાસ્તો તથા બપોરે ભોજન દ્વારા સાધર્મિક ભક્તિ સુંદર રીતે કરવામાં આવતી હતી. માહ સુદ ૧૩થી ઉત્સવની શરૂઆત થઈ હતી અને તે જ દિવસે જલજાત્રાનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. અમદાવાદથી ગજરાજ મંગાવી ઉત્સવ લગી રોકવામાં આવ્યો હતો. અમદાવાદ અને ભાવનગરના બેંડો ચાંદીનો રથ આદિ સર્વ સામગ્રી મંગાવવામાં આવી હતી સુદ ૧૪ના દિવસે કુંભસ્થાપન તેમજ પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી માનતુંગવિજયજીને પંન્યાસ પદ અર્પણ કરવાની ક્રિયા થઈ હતી. સુદ ૧૫ નંદાવર્ત પૂજન ઠાઠમાઠથી થયું. બાદ વદ ૧ થી અષ્ટમંગલ પૂજન નવગ્રહ-દશદિકપાલ સિદ્ધચક્ર તથા વીશ સ્થાનક આદિના પૂજનો થયા.

ઉત્સવમંડપમાં મધ્યમાં વેદિકા બનાવી એક મનોહર આરસના ત્રણ ભગવંતો પૂજા ભાવના માટે પધરાવાયા હતા. અને નૂતન જિનબિંબોને પણ તેમની આજુબાજુ ગોઠવવામાં આવ્યા. ૬૦ લગભગ આરસના બિંબો હતા અને બીજા ૧૦૦ થી ય ઉપરાંત ધાતુના, બિંબો, સિદ્ધચક્રજીઓ આદિ હતા.

મંડપમાં પેસતા જમણા હાથે સામેની દિશામાં એક ભવ્ય સમવસરણ ગોઠવવામાં આવ્યું હતું અને ડાબા હાથ તરફ ભગવંતના સ્નાત્ર મહોત્સવ માટે વિશાળ મેરૂપર્વત બનાવવામાં આવ્યો હતો. ઉત્સવ દરમ્યાન પૂજ્ય ગુરૂદેવોના ઉપદેશાનુસાર ઇલેકટ્રીક નહિં વાપરવાનો નિર્ણય કરી રોશની માટે સંખ્યાબંધ હાંડીયો દીપકો માટે ગોઠવવામાં આવી હતી. મંડપની મધ્યમાં વ્યાખ્યાન મંડપ હજારોની મેદનીને સમાવી શકે તેવો રખાયો હતો.

માહ વદિ દ્વિતીય ત્રીજથી ભગવંતના કલ્યાણકોની ઉજવણીની શરૂઆત થઈ હતી. ચ્યવન કલ્યાણકના પ્રસંગમાં ભગવંતનું દેવલોકથી ચ્યવી માતાના ઉદરમાં આવવું, ચૌદ સ્વપ્નનું દર્શન, શુક, ઇંદ્રના સિંહાસનનો કંપ અને શક્રેંદ્રનો રોષ અવધિજ્ઞાનનો ઉપયોગ અને ભગવંતના ચ્યવનની ખબર પડવી. શક્રસ્તવથી સ્તુતિ કરવી અને માતા પાસે આવી માતાની સ્તુતિ કરવી. આ બધા દ્રશ્યો અબેહુબ ખડા કરવામાં આવ્યા હતા.

બાદ વરઘોડો ચઢયો હતો. જન્મકલ્યાણક માટે ૫૬ દિક્કુમારીઓ અને ૬૪ ઇન્દ્રોની બોલીયો થતાં તેમાં પણ હજારો રૂપિયાની ઉપજ થયેલ.

જન્મ કલ્યાણકના પ્રસંગમાં ભગવંતનો જન્મ ૫૬ દિક્કુમારીઓનું આગમન, માતા અને ભગવંતને નમસ્કાર અને પોતાને કરવા લાયક વિધિઓનું પાલન, કેળના ઘરોમાં ભગવંતને લઈ જઈ સ્નાન વસ્ત્રાલંકાર આદિ કરી પુનઃ માતાના ઘરમાં ભગવાનને પધરાવવા.

શક્રેન્દ્રનો સિંહાસન કંપ-રોષ અને જિનજન્મનું થયેલું જ્ઞાન. હરિણગમેષીને આજ્ઞા અને તેણે સૌધર્મ દેવલોકમાં સુઘોષા ઘંટા વગાડી જિનજન્મની કરેલી જાહેરાત, સર્વ ઇન્દ્રોનું આગમન અને પંચ રૂપે સૌધર્મેન્દ્રનું ભગવંતને લઇ મેરૂ પર ગમન, ત્યાં સર્વ ઇન્દ્રના અભિષેક અને અંતે વૃષભરૂપ કરી સૌધર્મેન્દ્રે કરેલ સ્નાત્ર મહોત્સવ, અષ્ટપ્રકારી પૂજન, ભગવંતને માતાના ઘરે લાવવાની ક્રિયા ત્યાં રત્ન રૂપાની વૃષ્ટિ અને ઇંદ્રનો આદેશ આદિ વિધિઓ થઈ અને જન્મ કલ્યાણકનો ભવ્ય વરઘોડો ચઢયો. કલ્યાણકોની ઉજવણી દરમ્યાન હાથી રા સુધી ક્રિયાઓ ક્રમબદ્ધ ચાલુ જ રહેતી જેથી રા વાગ્યા બાદ જ જમવા માટે લોકો છૂટા થઈ શકતા અને દરરોજ સાધર્મિક વાત્સલ્યો

થતાં હતાં જન્મકલ્યાણક બાદ પિતાને દાસીની વધામણી, અઢાર અભિષેક, નામાકરણ વિધિ, શાળાગમન, લગ્નક્રિયા આદિ વિધિઓ થઈ. દરેક ક્રિયા દરમ્યાન પંડાળ એટલો નાનો પડતો હતો કે હજારો માણસોને તે સમાવી શકે તેવો છતાં ય હજારો માણસોને બહાર રહેવું પડતું હતું.

બાદ રાજ્યાભિષેક માટે ભગવંતના પિતાના કહેવાથી ઇંદ્રની ભગવંતને વિનંતિ અને ભગવંતનો તે માટે સ્વીકાર. રાજ્યપર અભિષેક. રાજ્ય તિલક, ઘોળ કરવાની વિધિ રાજ્યસભામાં નૃત્ય યાચકોને રાજ્યસભા દરમ્યાન દાન, લોકાંતિકોનુ આગમન અને ભક્તિપૂર્ણ હૃદયે કરેલી સંયમ સ્વીકારવાની વિનંતિ અને ભગવંતની રાજ્યસભા બરખાસ્ત કરવાની આજ્ઞા, દીક્ષા કલ્યાણકનો વિશાલ વરઘોડો, મૂલનાયકજી ભગવંતને બગીમાં પધરાવી કરાયેલું ગીનીયો અને રૂપિયાઓનું દાન, ગજરાજ પર બેસી ગજરાજની બોલી લેનારે કરેલું સેંકઠોનું દાન. આ બધું જોતાં જોનારાનાં હૈયાં દ્રવીભૂત બનતાં હતાં.

દાનના પ્રસંગોએ જે રીતે દાન અપાયું છે, જે રીતે પૈસાને પાણીથીય તુચ્છ ગણવામાં આવ્યા છે, જરાય સંકોચ વિના ગીનીયો પણ દાનમાં દેવાઇ છે તે બધી વસ્તુઓએ જૈનેતરોના હૈયાને પણ હલાવી નાંખ્યા છે.

બાદ મૂલનાયક આદિ ભગવંતોનો નૂતન—મંદિરમાં પ્રવેશ, અંજનની વિધિ, કેવલજ્ઞાન કલ્યાણકનો વરઘોડો, ભગવંતનું સમવસરણમાં બિરાજવું સમવસરણમાં પ્રભુએ આપેલી દેશનાનો આચાર્ય ભગવંતે સંભળાવેલો સાર, નિર્વાણ કલ્યાણકની ઉજવણી અને ભગવંતની નૂતન જિનાલયમાં શુભમુહૂર્તે પ્રતિષ્ઠા. ગીનીયોથી ગુરૂપૂજન, પૂજ્ય આચાર્ય ભગવંતે સમજાવેલું પ્રતિષ્ઠાનું મહત્વ અને પ્રતિષ્ઠા બાદ થાળીયો ભરી ભરીને યાચકોને ધનનું દાન અને ચલાવાયેલી ધનની લૂંટ, નિર્વાણ કલ્યાણકનો વરઘોડો, સંઘની નવકારશી બપોરે શાંતિસ્નાત્ર આદિ થયાં હતાં અને બીજે દિવસે સવારે હજારોની હાજરીમાં દ્વારોદ્ઘાટનની વિધિ થઇ હતી. ઉત્સવ દરમ્યાન દરરોજ સાધર્મિક વાત્સલ્યો અને મહેમાનો માટે ત્રિકાલ ભોજનની વ્યવસ્થા હતી. બનેલા સર્વ પ્રસંગોને વિગતવાર આલેખવા હોય તો તો એક પુસ્તિકા પણ ઓછી પડે અને છતાંય, એમ લાગે કે જે બન્યું છે તે વાણીમાં ઉતારીને કહેવું કે કલમથી લખી બતાવવું શક્ય નથી તે તો સૂર્યના પ્રકાશને ઓળખાવવા ફાનસ બતાવવા જેવું છે. જેણે જેણે આ ઉત્સવ જોયો છે તે જ આને સમજી શકયા છે કે શું શું બન્યું છે ? આછો ખ્યાલ પણ આ લખાણથી આવી શકનાર નથી. ઉત્સવ કરાવનારાઓએ ઉત્સવમાં ધનની ગણત્રી કરી નથી. પાણીની માફક ધન વહાવ્યું છે. અને યાચકોને આપવાના સમયે તો જાણે કે લૂંટાવ્યું છે. અને આ બધા પાછળની પ્રેરણા, ઉત્સવની શરૂઆત પહેલાથી અહિં પધારી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા 'ધનને તરણાથીય તુચ્છ ગણશો તો જ ઉત્સવ ફર્યો સાર્થક થશે. ધન નરકમાં લઈ જનાર છે. એને સન્માર્ગે વાપરો' એ ઉપદેશની વહાવેલી ભાગીરથીનો જ છે. જે જે મહાનુભાવો આ ઉત્સવમાં આવ્યા હતા તેમણે પોતાની જાતને ધન્ય માની છે અને તેમને થયું છે કે આ ઉત્સવ ન જોયો હોત તો જીવનમાં જોવાની એક મહત્વની ચીજ રહી જાત અને જેમણે નથી જોયો તેમને અફસોસ રહી ગયો છે.

---


## એ નો ડા ઈ ઝ

**એલ્યુમીનીયમ લેબલ્સ**

★ ફરનીચર ★ મશીનરી ★ રેડીયો

વગેરે અનેક ઉદ્યોગોને ઉપયોગી

—: વધુ વિગત માટે લખો :—

**એક્ષેલ પ્રોસેસ વર્કસ,**

ઇરલા, મુંબઈ-૨૪

# સમાચાર સાર

**દુઃખદ અવસાન**—મુંબઈ બાટલી બોય એન્ડ કું. વાળા શ્રી વાડીલાલ મનસુખરામ પારેખ કપડવંજના વતની તા. ૯-૧-૬૧ ના રોજ રાતના ૧૦ વાગે ૭૩ વર્ષની ઉંમરે હૃદયરોગની બિમારીથી અવસાન પામ્યા છે. કપડવંજ ખાતે આસરે દશ લાખ રૂ. ની સખાવત કરી હતી. સ્વર્ગસ્થના આત્માને પરમશાંતિ ઇચ્છીએ છીએ.

**કલ્યાણ**— શ્રી મોહન ખેડા ખાતે આચાર્ય શ્રી યતીન્દ્રસૂરીશ્વરજી મહારાજના કાળધર્મના સમાચાર અત્રે મળતાં બજારમાં પાંખી પળાઇ હતી અને રાતના આઠ વાગે શાહ ગુલાબચંદ હિરાજી મદ્રાસવાળાના પ્રમુખસ્થાને શ્રી સંઘ તથા જૈન મિત્ર મંડળના સભ્યોની સભા યોજવામાં આવી હતી. જુદાજુદા ભાઇઓએ પૂ. મહારાજશ્રીના જીવન પ્રસંગો પર વકતવ્ય કર્યા હતાં. આ અ અઠ્ઠાઇ મહોત્સવ પૂજા-ભાવના આંગી રોશની વગેરે થયેલ.

**ધ્રાંગધ્રા**—ખાતે શ્રી ઉજમશીભાઇ જીવરાજ તા. ૩-૧-૬૧ના રોજ અવસાન પામ્યા હતા. તેઓનું જીવન સાદું સંસ્કારી અને ધર્મમય હતું. સોળ વર્ષની નાની ઉમરથી ૬૭ વર્ષની ઉંમર સુધી દરરોજ સામાયિક, પ્રતિક્રમણ, પૂજા વગેરે અનુષ્ઠાનો કરતા હતા. જિનેશ્વર ભગવાનની કોઇ સંજોગોમાં પૂજા ન થાય તો ઘી ન ખાવાનો નિયમ હતો. વીશ વર્ષની ઉંમરથી ભરાડા સ્ટેટના વહિવટદાર સને ૧૯૪૭ સુધી રહ્યા. શ્રી વિઠ્ઠલદાસ જીવરાજના નાના ભાઇ હતા. તેઓના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

**ધાર્મિક પરીક્ષા**—ભાણવડ અને અમરેલી બન્ને ગામોમાં ચાલતી ધાર્મિક પાઠશાળાઓની પરીક્ષા શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી કાંતિલાલ ભાઇચંદ મહેતાએ લીધી હતી. બન્ને ગામોમાં પરીક્ષા બાદ ઇનામી મેળાવડો યોજવામાં આવ્યો હતો. ભાણવડમાં રૂા ૭૫)ના રોકડ ઇનામો અને અમરેલીમાં રૂા ૭૫) ના વાસણોનું ઇનામ અને પેંડાની પ્રભાવના થઇ હતી. શિક્ષક-શિક્ષિકાની મહેનત સારી છે. તેમનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

આ સિવાય પરીક્ષકશ્રીએ નવાગામ, કાનાલુસ, ડબાસંગ, પોરબંદર, મોટીપાનેલી, ઉપલેટા, ધોરાજી અને બગસરા વગેરે ગામોની પાઠશાળાની પરીક્ષા લીધી હતી અને ઇનામો અને પ્રભાવના થઇ હતી.

**કપડવંજ**—શ્રી અભયદેવસૂરિજી જૈન જ્ઞાન-મંદિરના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની તા. ૧૧-૧-૬૧ના રોજ ધારાસભ્ય શ્રી નગીનભાઇ વાડીલાલ ગાંધીના અધ્યક્ષસ્થાને શ્રી વાડીલાલ મનસુખરામના અવસાન અંગે શોક સભા યોજાઈ હતી અને ઠરાવ કરવામાં આવ્યો હતો. તેઓના આત્માની શાંતિ ઇચ્છવામાં આવી હતી.

**ચુડા**—પૂ. આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સુરેન્દ્રનગર, જોરાવરનગર, વઢવાણ શહેર, લીંબડી વગેરે સ્થળોએ થઇ અત્રે ચુડા સ્ટેશને જીનમાં પધારતાં સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું. વિશાલ મંડપ બાંધવામાં આવ્યો હતો. પૂ. આચાર્યદેવશ્રીએ દોઢ કલાક અસંતોષ ઉપર પ્રવચન આપ્યું હતું. સેંકડોની સંખ્યાએ લાભ લીધો હતો. બહારગામથી પધારેલા મહેમાનો માટે જમવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ચુડા ગામમાંથી પ્રભુજીને લાવી બપોરના પૂજા ભણાવવામાં આવી હતી.

**છોટાઉદેપુર**—પૂ. આચાર્યશ્રી વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા બોડેલીથી વિહાર કરી તા. ૮-૧-૬૧ ના રોજ પધારતાં શ્રી સંઘે તથા શ્રી મહાવીર જૈન યુવક મંડળ તરફથી અપૂર્વ સામૈયુ થયું હતું. પૂજા, ભાવના, વ્યાખ્યાન, પ્રભાવના, ઇત્યાદિ સારા પ્રમાણમાં થયું હતું.

**સુરત**-પૂ. ઉપાધ્યાયજી મેરૂવિજયજી ગણિવરની નિશ્રામાં શ્રી નેમુભાઇની વાડીના ઉપાશ્રયે અણખી (હાલ અમદાવાદ)ના રહેવાસી શાહ હીરાલાલ દીપચંદના સુપુત્ર શ્રી પ્રવીણકુમારની ભાગવતી પ્રવજ્યા ખુબ ધામધૂમ પૂર્વક ઉજવાઇ હતી. તેમનું નામ મુનિરાજ પ્રધુમ્નવિજયજી મ. રાખવામાં આવેલ અને મુનિરાજ શ્રી હેમચંદ્રવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

**પચ્છેગામ**-(સૌરાષ્ટ્ર) સલોત શ્રી જગજીવનદાસ ગીરધરલાલ તરફથી થયેલ જીર્ણોદ્ધારવાળા પ્રાચીન ધર્મનાથ ભ. ના મંદિરમાં, તથા વેરાવળ નિવાસી શેઠ શ્રી ચત્રભુજ ભગવાનદાસ ભાવનગરવાળાએ પચ્છેગામ જૈન સંઘના આદેશથી કરાવેલ શ્રી શીતળનાથ ભગવાનના નૂતન જિનાલયમાં પરિકર યુક્ત શ્રી શીતળનાથ ભ. આદિ જિનબિંબોનો પ્રતિષ્ઠા મહોત્સવ પૂ. આચાર્ય શ્રી વિજય લાવણ્યસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં મહા શુ. ૧૪થી મહા વ. ૬ સુધી ઉજવાયો હતો. રોજ આંગી, પૂજા, ભાવના, પ્રભાવના નવકારશી, અષ્ટોત્તરીસ્નાત્ર, બૃહત સિદ્ધચક્ર પૂજન, વીશસ્થાનક તપ ઉધાપન, શ્રી નવકાર મહામંત્રનો સામુદાયિક લક્ષ જાપ, સામુદાયિક આયંબિલ વગેરે માંગલિક કાર્યો સારા પ્રમાણમાં થયા હતાં. ત્રણ મહારાજ સાહેબોને મહા શુ. ૧૪ના વડી દીક્ષા અપાઇ હતી. જલયાત્રાનો વરઘોડો ભવ્ય નીકળ્યો હતો. સુંદર રચનાઓ ખડી કરવામાં આવી હતી આઠે દિવસ રોજ સવાર સાંજ નવકારશી જુદાજુદા ભાઇઓ તરફથી થઇ હતી. વ્યવસ્થા સુંદર હતી આજુ બાજુથી સેંકડો માણસો દર્શનાર્થે આવ્યા હતાં.

**સમેતશીખર-મહાતીર્થ** ખાતે અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ પૂ. આચાર્ય શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. શ્રી ચંદ્રસાગર સૂરીશ્વરજી મહારાજ, પૂ. ઉપાધ્યાયજી દેવેન્દ્રસાગરજી મહારાજ તથા પૂ. ઉપાધ્યાયજી કૈલાસસાગરજી મહારાજ આદિની શુભ નિશ્રામાં મહા શુ. ૮ થી મહા વ. ૮ સુધી ઉજવાયો હતો. જોનારાઓ કહે છે કે મહોત્સવ અભૂતપૂર્વ હતો. ૨૯ દેવકુલિકાઓ અને શ્રી શામળા પાર્શ્વનાથ ભ. નું જલમંદિર વગેરેનો જીર્ણોદ્ધાર સાધ્વી શ્રી રંજનશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી સં. ૨૦૧૨માં શરૂ થયો હતો. લાખો રૂ. ના ખર્ચે જીર્ણોદ્ધાર થયો છે. જલમંદિરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવંતને બિરાજમાન કરવાનો આદેશ મોટીમારડ (સૌરાષ્ટ્ર) નિવાસી શ્રેષ્ઠિવર્ય શ્રી અંદરજી ભાઇ મોતીચંદ કલકત્તાવાળાને રૂા ૧,૧૬૦૦૧ માં આપવામાં આવેલ અને તેઓએ ખૂબ ઉત્સાહ અને ભાવનાપૂર્વક ભગવાનને ગાદીનશીન કર્યા હતા. પૂજા આંગી, ભાવના, નવકારશી, વરઘોડો વગેરે સારા પ્રમાણમાં થયું હતું. વધુ અહેવાલ હવે પછી.

**હિંમતનગર**થી ત્રણ માઇલ દૂર રૂપનગરમાં એક ભવ્ય અને કલાત્મક નૂતન જિનમંદિર થયું છે. તેમાં ભગવાનને બિરાજિત કરવા અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ પૂ. આચાર્યશ્રી સમુદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ઉજવાયો હતો. મહા શુ. ૭થી મહા વ. ૧૩ સુધીનો મહોત્સવ હતો. મહા વ. ૧૨ શનિવારના શુભ દિને દ્વારોદ્ઘાટન શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇએ કર્યું હતું. મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો.

**રૈયા**-(બનાસકાંઠા) આજથી ૬૦ વર્ષ પહેલાં જશાલીગામમાં પ્રગટ પ્રભાવી પ્રથમ તીર્થપતિ શ્રી આદિનાથ ભ. શ્રી સંભવનાથ ભ. શ્રી શાંતિનાથ ભ. ત્રણ જિનબિંબો પ્રગટ થયા હતાં. એ ત્રણે જિનબિંબોને રૈયા ગામના ઘર દહેરાસરમા પધરાવવામા આવ્યા હતાં. હાલ નવું જિનાલય કરી તેમા પ્રભુજીની પ્રતિષ્ઠા પૂ. આચાર્ય શ્રી વિજય શાંતિચંદ્રસૂરીશ્વરજી મ. પૂ. પંન્યાસજી સોહનવિજયજી મહારાજ તથા પૂ. પંન્યાસજી સુજ્ઞાનવિજયજી મહારાજ આદિના શુભ નિશ્રામાં ભારે ધામધૂમથી મહા વ. ૭ના થઇ હતી. મહા શુ. ૧૪ના મહોત્સવનો પ્રારંભ થયા હતો. પ્રતિષ્ઠાના દિવસે શેઠશ્રી હરિચંદ નાગરદાસ કોઠારી તરફથી સવારે ઝાંપાચુંનડી (જમણ) થયું હતું. અને સાંજના શ્રી ચીમનલાલ ખેતસીભાઇ કોઠારી તરફથી નવકારશી થઇ હતી. આ શુભ પ્રસંગ પર સાધ્વીજી શ્રી સૌભાગ્યશ્રીજી મ. તથા સાધ્વી શ્રી ઉત્તમશ્રીજી મ. આદિ ઠાણાં પણ પધાર્યા હતા.

હલરા-(કચ્છ) નવીન જિનાલયમાં પૂ. આચાર્ય શ્રી વિજય કનકસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પંન્યાસજી દીપવિજયજી મહારાજ આદિની નિશ્રામાં પ્રભુજી પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. મહા શુ ૧૪થી મહા વ. ૮ સુધી રોજ આંગી, પૂજા, ભાવના, રોશની નવકારશી વગેરે સારી રીતે થયું હતું. આજુબાજુના ગામોમાંથી જન સંખ્યા સારા પ્રમાણમાં આવી હતી વિધિ માટે શ્રી કાનજીભાઇ ભુદરભાઇ વોરા પધાર્યા હતા.

ભદ્રેશ્વર-તીર્થની વર્ષગાંઠ નિમિત્તે ફાગણ શુદ ૩થી ફાગણ શુદ ૫ સુધીમાં પૂજા, આંગી, ભાવના થયું હતું. ધ્વજા ચઢાવવાનો આદેશ અપાયો હતો. તે ભાઇએ હર્ષનાદો વચ્ચે ધ્વજા ચઢાવી હતી. આજુ બાજુથી સારા પ્રમાણમાં યાત્રાળુ આવ્યું હતું. ચૈત્ર મહિનાની શાશ્વતી ઓળી શ્રી નવપદ આરાધક સંસદ તરફથી કરાવવામાં આવશે.

સાવરકુંડલા- પૂ. ઉપાધ્યાયજી લક્ષ્મીસાગરજી મહારાજ તથા પૂ. પંન્યાસજી કસ્તુરસાગરજી મ. આદિ દાણા તળાજાથી અત્રે પધાર્યા હતા અને જૈન વિદ્યાર્થીગૃહમાં બે દિવસ પ્રવચન આપ્યા હતા. અહીથી વિહાર કરી અમરેલી, જસદણ, વીંછીયા થઈ ફાગણ ચોમાસી લગભગ વઢવાણ શહેર પધારશે. ૩૪ વર્ષે પૂ. ઉપાધ્યાયજી પોતાની જન્મભૂમિમાં પધારે છે.

મેત્રાણા તીર્થ શ્રી નવકાર મહામંત્રના ૧ લાખ જાપની આરાધના ફાગણ વદિ ૧૧થી શરૂ થશે. ચાંગા નિવાસી શેઠ શ્રી મણીલાલ અમીચંદભાઇ તરફથી શ્રી નવકાર મહામંત્રની તથા શ્રી નવપદ ઓળીની આરાધના થશે. આરાધક આત્માઓને પધારવા વિનતી છે. શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ અમદાવાદ દ્વારા આ આરાધના થશે.

ભાવનગર-વડવા જૈન ઉપાશ્રયનું આલીસાન મકાન તૈયાર થઇ ગયું છે, પૂ. ઉપાધ્યાયજી ધર્મવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી ભોગીલાલ મગનલાલ શેઠના પ્રમુખપદે શેઠશ્રી ચંદુલાલ વર્ધમાન શાહ જે. પી.એ તા. ૧૧-૨-૬૧ના રોજ સવારના ૮-૩૦ વાગે ઉદ્ઘાટન કર્યું હતું. પૂજા વગેરે ભણાવવામાં આવેલ.

જાવાલ-(મારવાડ) પૂ. પંન્યાસજી જયંતવિજયજી ગણિવરની શુભ નિશ્રામાં મહા શુ. ૬થી શ્રી ઉપધાન તપની શરૂઆત થઇ છે. મુનિરાજશ્રી યતીન્દ્રવિજયજી મ. વ્યાખ્યાનમાં ક્રિયા વગેરેની સમજુતી આપી રહેલ છે.

---

## નવો—સહકાર (ટાઇટલ પેજ ૩થી ચાલુ)

રૂા. ૧૧, શ્રી સાકરલાલ ગાંડાલાલ શેઠ વરતેજ
રૂા. ૧૧, શ્રી જેઠમલજી પુનમચંદજી બાલી
રૂા. ૧૧, શ્રી કસ્તુરચંદજી ભીકચંદજી મુંબઇ-૨
રૂા. ૧૧, શ્રી દલીચંદ મગનીરામજી મુંબઈ-૨ શ્રી કસ્તુરચંદજી ભીકચંદજીની શુભ પ્રેરણાથી
રૂા. ૧૧ શ્રી પ્રવીણચંદ્ર ખીમજી કાલા પીપલમંડી શ્રી રતિલાલ નાનાલાલ શાહની શુભ પ્રેરણાથી
રૂા. ૧૧, શ્રી સાગર જૈન ઉપાશ્રય હા. શ્રી મણીલાલ છોટાલાલ પાટણ
રૂા. ૧૧, શ્રી કેશવલાલ કરશનદાસ મગફલપીર
રૂા. ૧૦, જૈન સંઘ સુરત હા. શ્રી માણેકચંદ ડાહ્યાભાઈ ચોકસી સાધ્વી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ. ના ૫૨૪ આયંબિલના પરાણા નિમિતે
રૂા. ૧૧, શ્રી હીરાચંદ એમ. જૈન વેલીંગ્ટન બજાર
રૂા. ૧૧, શ્રી માણુલાલ કનૈયાલાલ એલચી
રૂા. ૧૧, શ્રી જૈન સંઘ વડાલા હા. શેઠ ચંપકલાલ લલવાણી પૂ. મુનિરાજશ્રી કૈલાસપ્રભવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી
રૂા. ૧૫, શ્રી જૈન સંઘ ભાયખાલા પૂ મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી

卐

**લક્ષ્મણી તીર્થ**–પૂ. આચાર્યશ્રી વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં શ્રી ચતુર્વિધ સંઘ શ્રી શાંતિલાલ ગુલાબચંદ તથા શ્રી રસીકલાલ મોહનલાલ તરફથી સંઘ નીકળ્યો હતો. મહા શુદિ ૯ ના દિવસે સંઘવીઓને છોટાઉદેપુર જૈન સંઘ, મહાવીર જૈન યુવક મંડળ તથા શ્રી લક્ષ્મણી તીર્થ કમેટી તરફથી સન્માન પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

**ઘોડનદી**–(પુના) જીવદયા મંડળ વર્ષે દહાડે હજારો જીવોને અભયદાન આપે–અપાવે છે. આ બાજુના પ્રદેશમાં દેવ–દેવીને નામે હિંસા થતી હતી તે પ્રચારથી બંધ કરાવી છે. પુના જિલ્લામાં, અહમદનગર જિલ્લામાં અને નાશીક જિલ્લામાં થતી હિંસાઓ અટકાવી છે. શ્રી પ્રેમરાજ ફોજમલ ખાબીયા હિંસા બંધ કરાવવામાં સારો રસ લે છે. દૂર દૂર ગામોમાં હિંસા બંધ કરાવવા માટે જવું પડે છે, પ્રચાર કરવો પડે છે એથી ખર્ચ ખુબ આવે છે તો અહિંસા પ્રેમી બંધુઓને સહકાર આપવા વિનંતિ છે.

**ઇનામી સમારંભ**–નાયગામ (મુંબઇ) શ્રી હીરવિજયજી જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓને ઇનામો આપવાનો એક મેળાવડો તા. ૧૫–૧–૬૧ ના રવિવારે ભજન ભવન ખાતે યોજવામાં આવ્યો હતો. શ્રી રામજીભાઇ મેઘજીભાઇના હસ્તે રૂા. ૧૦૦ ના ઇનામો વહેંચાયા હતા. પાઠશાળાના શિક્ષક શ્રી સેવંતિલાલ વી. જૈનને સારૂં કામ કરવા બદલ રૂા ૨૫) અપાયા હતા. શ્રી દેવસીભાઇ ખેતસીભાઇ પાઠશાળાના કાર્યવાહક છે અને દેખરેખ સારી રાખે છે.

**શીવગંજ**–શ્રી વર્ધમાન જૈન તત્ત્વ પ્રચારક વિદ્યાલયનો સ્થાપના દિન મહા શુદિ ૧૫નો હોવાથી તે દિવસે વિદ્યાલયના જિનમંદિરમાં સ્નાત્ર મહોત્સવ ઉજવવામાં આવેલ અને પંડિતશ્રી જેશીંગલાલ ચુનીલાલભાઇની અધ્યક્ષતામાં એક સભા યોજવામાં આવેલ.

**ખંભાત**–શ્રી રજનીભાઇ પારેખ આર્ટ્સ કોલેજના આચાર્ય શ્રી પુષ્કર ચંદ્રાવકરની વિનંતિથી કોલેજના વિદ્યાર્થી ગણ સમક્ષ 'મધ્યકાલિન જૈન સાહિત્ય' એ વિષય ઉપર મુનિરાજ શ્રી મૃગેન્દ્રમુનિ મહારાજે પ્રવચન કર્યું હતું. વિદ્યાર્થીઓએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. ખંભાતના પ્રાચીન જિનમંદિરોના શિલ્પ સ્થાપત્યનું ફોટોગ્રાફિક આલબમ કરવાનું વિચારાઇ રહ્યું છે.

**૫૦૦ આયંબિલ**–ડભોઇના રહીશ શ્રી ખુબચંદ જીવણલાલના ધર્મપત્ની શ્રી ઇન્દુમતીબેનેસં. ૨૦૧૫ના ભાદરવા વ. ૫થી ૫૦૦ આયંબિલ અખંડ શરૂ કર્યા હતા તેનું પારણું સં. ૨૦૧૭ મહા વ. ૧ અલીરાજપુર ખાતે મહોત્સવ પૂર્વક થયું હતું. પાંચ દિવસનો શ્રી સંઘે મહોત્સવ કર્યો હતો. પૂ. આચાર્યશ્રી વિજયજમ્બુસૂરીશ્વરજી મહારાજ આદિ પધાર્યા હતા. બેનને ૩૪મી ઓળીમાં થોડા દિવસો ઘટતા હોવાથી આયંબિલથી પારણું કર્યું હતુ.

**બેંગલોર**–પૂ. પંન્યાસજી યશોભદ્રવિજયજી મહારાજ આદિની નિશ્રામાં શ્રી ઉપધાન તપની પૂર્ણાહુતિ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. મુંબઇથી સંગીતકાર શ્રી શાંતિલાલ શાહને બોલાવવામાં આવ્યા હતા. ગવર્નમેન્ટ ઇન્ટર કોલેજના વિશાળ કમ્પાઉન્ડમાં માલા પરિધાનની ક્રિયા થઈ હતી. ૫૫ જણ માલા પહેરનાર હતા. મુનિરાજ તીર્થચંદ્રવિજયજી મહારાજને વડી દીક્ષા અપાઇ હતી. શ્રી સરૂપચંદજી શાહ તરફથી શ્રી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. પ્રભાવના દશ હજાર રૂાની આસરે થઇ હતી. શ્રી મુક્તાબેન ચીમનલાલ તથા શ્રી ચુનીલાલ સુખરાજ વગેરેએ હજારોના ખર્ચે જરીયાન છોડ કરાવી ભવ્ય રીતે ઉજમણું તેમના તરફથી ઉજવાયું હતું. ફાગણ શુદિ ૧૫ પછી પૂ. મહારાજશ્રી ગદગ બાજુ પધારવાના છે.

**માંડવઘટ**–મહા શુદિ ૧૧ ધ્વજારોપણનો પ્રથમ વાર્ષિક દિન સારી રીતે ઉજવવામાં આવ્યો હતો. તે દિવસે પૂજા, આંગી, ભાવના, રોશની વગેરે થયું હતું.

**મુંબઈ :** પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્દવિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આચાર્ય શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં મહા સુદ ૫ ની સવારે ૧૦-૧૨ હજાર માણસોની ભવ્ય મેદની વચ્ચે ભાયખાલા મોતીશા પાર્કના વિશાળ મંડપમાં ૨૦૫ પુણ્યવાનોને માળારોપણ કરવામાં આવી. તે દિવસે સકળસંઘનું સ્વામી વાત્સલ્ય હતું. બપોરે અષ્ટોત્તરી સ્નાત્ર હતું અને આ નિમિત્તે સુદ ૪ ના માળનો ભવ્ય વરઘોડો ચઢયો હતો જે અનુપમ હતો. ઘણો લાંબો હતો-વરઘોડામાં આચાર્ય શ્રી વિજય વિજ્ઞાનસૂરિજી મ. આદિ સાધુસમુદાય પણ પધાર્યાં હતા. તપસ્વીઓને જુદા જુદા ભાઈઓ તરફથી વિવિધ ઉપકરણો વિ. ની પ્રભાવના થઈ હતી. એકેક વ્યકિતને રૂા. ૬૫) જેટલી પ્રભાવના મળી હતી મુંબઈ-ભાયખાલાના આંગણે સુંદર રીતે આ પ્રસંગ ઉજવાયો હતો.

પૂ. જૈનાચાર્ય શ્રીમદ્દવિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આચાર્ય શ્રીમદ્વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિ પરિવાર ભાયખાલાથી વિહાર કરી ભૂલેશ્વર લાલબાગ-જૈન ઉપાશ્રયમાં પધાર્યાં હતા. દરરોજ આચાર્ય શ્રીમદ્દવિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના વ્યાખ્યાનો થતાં ઘણી મોટી માનવમેદની જમા થતી હતી. તા. ૨૬ મીએ વયોવૃદ્ધ ગુરૂદેવની અધ્યક્ષતામાં આચાર્ય શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજીએ 'વિશ્વશાંતિ' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. તા. ૨૯-૧-૬૧ નાં રવિવારે બપોરે વયોવૃદ્ધ ગુરુદેવની અધ્યક્ષતામાં પં. શ્રી કીર્તિવિજયજી ગણિવરે "આદર્શ ક્ષમા" એ વિષય ઉપર પોતાની વિશિષ્ઠ શૈલિથી જાહેર વ્યાખ્યાન આપ્યું હતું અને છેલ્લે પૂ. પરમ ગુરુદેવે ઉપસંહાર કર્યો હતો. આ પ્રવચન શ્રવણ કરવા લગભગ બે હજાર સ્ત્રી પુરુષો આવ્યા હતાં.

**ધર્મપ્રભાવના :** પૂ. પંન્યાસજી પ્રવિણવિજયજી મહારાજ તથા પૂ. પંન્યાસજી મહિમાવિજયજી મહારાજ આદિ સરદારપુરથી વડનગર, ચાણસ્મા આદિ સ્થળોએ થઈ પાટણ પધાર્યાં હતા. શ્રી નંદલાલ ભાઈ તરફથી સામૈયું થયું હતું. પોષ શુદિ ૮ ના શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભાના કાર્યવાહક શ્રી ભોગીલાલભાઈ આદિની વિનતિથી શ્રી એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા. વિદ્યાર્થીઓને પારિતોષિક આપવાનો મેળાવડો પૂ. પંન્યાસજી મહારાજની અધ્યક્ષતામાં યોજાયો હતો. ખીરના એકાસણા સાથે નવલાખ નવકારનો જાપ થતાં ચારસો ઉપરાંતની સંખ્યામાં જનતાએ ભાગ લીધો હતો. ત્યાંથી પૂ. પંન્યાસજી વિહાર કરી કુણઘેર, કંબોઈ હારીજ, મુજપુર થઈ શંખેશ્વર પધાર્યાં હતા. ત્યાં ઈડર, વડાલી, હિંમતનગર, સાણંદ, પાટણ, અમદાવાદ, છાણી, મુંબઈ, આદિ ગામોથી સારી સંખ્યામાં ભાઈ-બ્હેનો પધાર્યાં હતા. ત્રણ દિવસ પ્રભુજીને ભવ્ય અંગરચના, અઠમના તપસ્વીઓને પારણાં તથા


## प्राचीन जैन तीर्थ श्री गांगाणीमें प्रतिष्ठामहोत्सव

जोधपुर शहरसे २० मील दूर गांगाणी नामकी महान प्राचीन व पवित्रतम तीर्थस्थान पर उन्नत गगनचुम्बि शिखरबंध एक विशाल भीमकाय जिनप्रासाद है। इसका जिर्णोद्धार श्री संघके सतत प्रयाससे हुआ है। अब आगामी चैत्र कृष्ण ७ गुरुवार दिनांक ९-३-१९६१ के शुभ दिन प. पू. विद्यानुरागी जैनाचार्य श्री श्री १००८ श्रीमद्‌विजय जिनेन्द्रसूरीश्वरजी महाराज सा. एवं इस तीर्थको उद्धारक पू. मुनिराज श्री १०५ श्री प्रेमसुन्दरजी महा. सा. की अध्यक्षतामें प्रतिष्ठा करानेकी श्री संघने निश्चय किया है। यह महोत्सव फा. शु. १२ सोमवार २७-१-६१ से प्रारंभ होगा अत: समस्त जैन बंधुओं से सादर प्रार्थना है कि इस पवित्र तीर्थक्षेत्र पर पधार कर अपनेको कृतार्थ बनावे तथा अपने द्रव्यका सदुपयोग कर पुन्य के भागी अवश्यमेव बनियेगा।

શ્રીફળ અને રૂપીઆની બે પ્રભાવનાઓ થઇ હતી. પો. વદિ ૩ના વિહાર કરી પંચાસર, દસાડા, પાટડી લખતર આદિ થઇ લીંબડી મહા સુદિ પાંચમના પધારી રાણપુર પ્રતિષ્ઠા ઉપર પધાર્યાં હતા. ત્યાંથા પાલીતાણા બાજુ વિહાર કર્યો છે.

કુવાલા–શ્રી સુરીન્દ્રસૂરીશ્વરજી જૈન પાઠશાળાની પોષ વદ ૮ના દિવસે રંગુન નિવાસી શ્રી ભોગીલાલ છગનલાલભાઇ વિઝીટે પધારતા પાઠશાળાનું પરિણામ સંતોષજનક જણાયું હતું. પાઠશાળાના શિક્ષકનો પગાર રૂા ૧૧)) દર મહિને તેમના તરફથી આપવા જણાવ્યું હતું. પાઠશાળાના સેક્રેટરીશ્રીએ આભાર વ્યક્ત કર્યો હતો. શેઠ તરફથી પેંડાની પ્રભાવના થઇ હતી. રાત્રે ૯ વાગે શેઠની હાજરીમાં સંવાદો કર્યાં હતા. જે વિદ્યાર્થીઓ સંવાદમાં હતા તેઓ દરેક જણને એક રૂા અપાયો હતો. કુલ રૂા ૨૨) ઇનામ શેઠ તરફથી અને શ્રી સંઘ તરફથી રૂા ૫૫નું ઇનામ વહેંચાયું હતું. શિક્ષક શ્રી રમણિકભાઇનું બહુમાન કર્યું હતું.

ટ્રસ્ટ એક્ટ–ધી રિલિજિયસ ટ્રસ્ટ બીલ ૧૯૬૦ અંગે દિલ્હી ખાતે જોઈન્ટ સીલેકટ કમિટી સમક્ષ તા. ૨૩–૨૪–૨૫ના રોજ કલકત્તા જૈન સંઘ, જૈન શ્વે. કોન્ફરંસ, શ્રી કલ્યાણજી પરમાણંદની પેઢી શિરોહી અને શ્રી ભારત જૈન મહામંડળ, દીલ્હીના મેમ્બરો જુબાની આપવા પહોંચી ગયા હતા. બધા મેમ્બરો એકમત થઇ જુબાનીની રજુઆત સુંદર રીતે કરી હતી. આશા રહે છે કે આમાં આપણને સફળતા મળશે.

ઘરમાં સદા ઉપયોગી નવું પ્રકાશન } **મયણા અને શ્રીપાલ** { વિ સં. ૨૦૧૭ ઈ. સં. ૧૯૬૧

**મર્યાદિત નકલો છપાશે માટે જલ્દી નામ નોંધાવો:—**

અગિયાર લાખ વર્ષો પહેલાં થઇ ગયેલ **મહારાજા શ્રીપાળ** જેમને નવપદની સુંદર આરાધના કરીને આત્મકલ્યાણ સાધ્યું અને જેમનું નામ નવપદ–આરાધનાની સાથે સંકલિત થઇને જગતમાં વિખ્યાત છે, તે **મયણાસુંદરી** અને **શ્રીપાળનું** શાસ્ત્રીયરીતે સુંદર શૈલીમાં મનોહર ચિત્રો સાથે વ્યાખ્યાનમાં વાંચી શકાય, ચતુર્વિધ સકળ સંઘને ઉપયોગી થાય તેવી રીતે સુંદર યોજનાપૂર્વક છપાય છે, તેમાં (૧) પ્રથમ નવપદનું સમુચ્ચય સ્વરૂપ. (૨) નવપદનું વિભાગવાર નવ–વ્યાખ્યાન રૂપે સ્વરૂપ. (૩) નવે પદના જુદા જુદા નવ આરાધક આત્માઓના સચિત્ર જીવનવૃતાંત અને (૪) શ્રીપાળ અને મયણા સુંદરીનું નવ વિભાગમાં વ્યાખ્યાન રૂપે વિસ્તારથી જીવનચરિત્ર લગભગ ૭૫ થી ૮૦ ચિત્રો જેમાં કેટલાક બે રંગના નવીન, સુંદર અને મનોહર ચિત્રો આપવામાં આવશે.

પોથી–પ્રતાકારે તથા પુસ્તકાકારે બન્ને રીતે એ પુસ્તક મોટા ટાઇપમાં તૈયાર થશે. આજથી ફાગણ વદી અમાસસુધી સાત રૂપિયા ભરી ગ્રાહક થનારનું નામ પુસ્તકમાં છપાશે, (પોસ્ટ ખર્ચ અલગ) પાછળથી કિંમત આઠ રૂપિયા રહેશે. અષાડ માસ સુધીમાં પ્રગટ થશે. વિગત માટે જવાબી પોસ્ટકાર્ડ લખો.

**સંવતપ્રવર્તક મહારાજા વિક્રમઃ**–હિન્દી ભાષામાં સૌ કોઇ વાંચી શકે તેવી સરળ સુંદર બોધક શૈલીએ લખાયેલ–ત્રણ ભાગમાં ૧૨૦૦ પેજ અને ૧૮૦ જેટલા સુંદર ચિત્રો સહિત છતાં પ્રથમ ભાગની કિંમત પાંચ રૂપિયા. બીજા ત્રીજા બન્ને ભાગની સાથે કિંમત આઠ રૂપિયા. અને ત્રણે ભાગ સાથે મંગાવનારને ૧૨ રૂપિયામાં આપીશું. પોસ્ટ ખર્ચ અલગ. તૈયાર છે મંગાવો.

—: લખો અગર મળો :—

**બાબુલાલ ચુનીલાલ શાહ વેલારવાળા**

**ઠે. કાન્તિલાલ અમૃતલાલ કાપડના વહેપારી**

**હાથીખાના, રતનપોળ, અમદાવાદ**

**તૈયાર છે. ખાસ મંગાવો**

પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર મહિમા ચિત્રપટ સુંદર બે કલરમાં ૧૫–૨૦ ઈંચની સાઇઝમાં પ્રગટ થયો છે. કિંમત છ આના પોસ્ટેજ બે આના અલગ.